
## જાહેર ખબર.

**બીરબલ વૃતાંત**-ભાગ, ૨ જો અમારા તરફથી થોડી મુદતમાં પ્રગટ થશે, જેની કિમત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી માત્ર **આના ચાર** અને પછીથી આના **છ** **પ્રાચીન ગ્રંથોદય** આફીસમાં ગ્રાહકોએ નામ નોંધાવવાં.



# વિજ્ઞાપ્તી.

**બીરબલ વૃતાંત**—નામે પ્રગટ થયેલા પુસ્તકનાં અગાઉથી અને હવે **પછીથી** થનાર **ગ્રાહકોએ** આ પુસ્તક ખરીદ કરતી વખતે પ્રગટ કર્તાની સહી લેવી અને તે સીવાયની (એટલે સહી વગરનાં) **પુસ્તક** કોઇએ લેવાં નહી, છતાં કોઈ લેશે તો તેની ઉપર **કાયદેસર** ઇલાજ લેવામાં આવશે.

**નંબર.** બીરબલ વૃતાંત નામે પુસ્તકની **નકલ** અમોએ તમારી પાસેથી ખરીદ કરી છે તેની **કિમ્તના** રૂપીઆ આ ના પાઈ થયા. તે આપી તેની **રસીદ** લીધી છે, આ પુસ્તક પ્રગટ કર્તાએ

રા.

ને **બક્ષીસ** આપ્યું છે.

બુકનું વેચાણ કયા **ગામથી** થયું

વેચનાર ધણીનું **નામ.**

તા. માહે સને ૧૮૮

**ચન્દુલાલ મુકુંદરાય માસ્તર,**
**સેક્રેટરી પ્રાચીન ગ્રંથોદય મંડલી.**


HONI SOIT QUI MAL Y PENSE
DIEU ET MON DROIT

# પ્રસ્તાવના.

**બીરબલ વૃતાંત** નામે પુસ્તક બહાર પડે છે, જેની લખવા શરૂઆત મેં કેટલાક દીવશ થયાં કરી હતી પણ તેમનુ પૂર્વ વ્યવસ્થાનું વૃતાંત ન મળવાથી તે **ગ્રંથ** પ્રસિદ્ધ કરવા મેં મુલતવી રાખ્યો હતો પરંતુ પાછળથી જેવાં જોઈએ તેવાં સાધનો મળવાથી કવીરાજ બીરબલનું સામાન્ય વૃતાંત અને **અકબર બાદશાહ સાથે** ચાલેલા **વાકવિનોદ વિગેરે જ્ઞાન, ચાતુર્યતા** નાં **જાણવા જોગ** અને **ગુણ ગ્રાહક** કરવા લાયક વાતોના **ટુચકાઓ** દાખલ કરી આ ગ્રંથ અમો પ્રગટ કર્યો છે. જોકે આ ગ્રંથનું નામ **બીરબલ વૃતાંત** છે તથાપી જન્મથી તે જંદગી આખર સુધીનો હેવાલ નથી પણ નિર્ધન વ્યવસ્થાને પ્રાપ્ત થયા પછી **હિમ્મત, પરાક્રમનો ઉદય, અકલનો અનુભવ**, અને પર રાજ્યમાં સન્માન મેળવી **વિદ્યાનો** ખરો અનુભવ દેખાડી **અકબર બાદશાહ** જેવા સાણા **અકલમંદ**, અને કાબેલ પુરૂષો સાથે સબંધ કરી

તેની રાજ્ય સભામાં માન્ય મેળવી કવીપદ ધારણ કરી તેની સંપુર્ણ મેહેરબાની સંપાદાન કરી ઈત્યાદી બાબત દાખલ કરી આ **ગ્રંથનો** અમોએ પૂર્વ **ભાગ** પ્રગટ કર્યો છે અને તેનો બીજો ભાગ થોડી મુદતમાં અમારી તરફથી પ્રગટ થશે ; જેની વધારે હકીકત હેન્ડબીલ પ્રગટ થયે જાણવી.

આ પુસ્તકની અંદર સરલ અને **શુદ્ધ ગુજરાતી ભાષા** વાપરવામાં આવી છે, તથાપી કોઈ જગ્યાપર **ફારસી** શબ્દો સાધારણ વપરાતા રાખવા દુરસ્ત ધાર્યું છે.

આ પુસ્તકની સમાપ્તી કરતા પેહેલા મારા મિત્ર રા. રા. **નર્મદાશંકર દયાશંકરનો** ઊપકાર માનવો ઘટારત છે તેમજ મી. **કલ્યાણરાય આરતલાલનો** પણ ઉપકાર માનવો ઊચિત છે, કારણકે તે બંને સાહેબો તરફથી મને આ પુસ્ક પ્રગટ કરવામાં યોગ્ય મદદ મળી છે.

આ પુસ્તક છપાવામાં ઘણી કાળજી રાખવામાં આવી છે, તેમજ પ્રુફસીટ સુધારવામાં બનતો પ્રયાસ લેવામાં આવ્યો છે છતાં કવચિત સ્થલે દ્રષ્ટિ દોષિત ભૂલો રહી હોય તે સુજ્ઞ વાંચનાર વર્ગ સુધારી વાંચશે એવી આશા રાખુછું.

**ચં. મુ. માસ્તર.**

# અનુક્રમણીકા.



## અમદાવાદ પ્રાચિન ગ્રંથોદય ઓફીસમાં પ્રગટ થયેલા પુસ્તકની યાદી.

**જયોતિ સિદ્ધાન્ત**—શુદ્ધ ગુજરાતી ભાષામાં જ્યોતિષ શાસ્ત્રનો ગ્રંથ. કિંમત રૂ ૧—૦—૦

**વ્યાધિવિનાસ યા દર્દિનોદોસ્ત**—નામે શુદ્ધ ગુજરાતી ભાષામાં વૈદક શાસ્ત્રનો ગ્રંથ કિમત ૧—૮—૦

**બીરબલ વૃતાંત**—બીરબલનું ચરિત્ર તથા અકબર અને બીરબલની જાણવા જોગ વાતો કિંમત રૂ ૦—૬—૦

**ગુર્જર વિજય માસિક પત્ર**—દરમાસે પ્રગટ થાય છે કિંમત માત્ર વરસની આના આઠ.

# હવે પછીથી પ્રગટ થનાર
# પુસ્તકની યાદી.

**ચન્દ્રકોસ**-શંસ્કૃત શબ્દનો ગુજરાતી અર્થ. કિંમત રૂ૭-૦-૦

**ભગવદ્ ગીતા પદ્યમાં.** ,, રૂ૦-૧૨-૦

**ગ્રહસ્થો પયોગી બોમીઓ.** ,, રૂ૧-૦-૦

**બીરબલ વૃતાંત ભાગ ૨ જો.** ,, રૂ૦-૪-૦

**લૌવા અને બાદશાહનાં કિસ્સા.** ,, રૂ૦-૪-૦

**હિન્દનો મુસાફર અગાઉથી કિંમત.** રૂ૨-૦-૦

આ ગ્રંથોની સવિસ્તર હકીકતને માટે હેન્ડ-બીલથી ખબર આપવામાં આવશે.

# આ બીરબલ વૃતાંત નામે ગ્રંથને પ્રથમથીજ આશ્રય આપનાર સદ્ગ્રહસ્થોનાં મુબારક નામો.

૧૦ રા. રા. નર્મદાશંકર દયાશંકર.
૫ રા. શીવાભાઈ જીવાભાઇ આસીસ્ટંટ માસ્તર.
૫ રા. ડાકટર જેઠાલાલ મુળજી વૈદ.
૫ રા. ઝવેરી ભોગીલાલ તારાચન્દ.
૩ રા. દવે જીવરામ વી. હરીશંકર બુકસેલર.
૧ રા. નરભેરામ જીવણરામ.
૧ રા. મુખત્યાર બાળકૃશ્ન વન્દ્રાવનદાસ.
૧ રા. માણેકલાલ જેઠાલાલ.
૧ રા. કુંવરજી વી. દેવકરણ મેહતા.
૧ રા. ચમનલાલ ગોવીંદલાલ ચુઈ.
૧ રા. બાલાભાઈ નથુભાઈ.
૧ રા. નાથાલાલ છોટાલાલ.
૧ રા. રણછોડલાલ બાપાલાલ.

૧ રા. માણેકલાલ મનસુખરામ.

૧ રા. સુર્યમલ મનસુખરામ.

૧ રા. મગનલાલ દેવજીભાઈ-

૧ રા. બલવંતરામ રામનારાયણ.

૧ રા. ચમનલાલ બાળગોવીંદ.

૧ રા. વસંતરાય છોટાલાલ.

૧ રા. ચમનલાલ મોતીલાલ.

૧ રા. રાવસાહેબ ગીરધરલાલ ઉલટરામ.

૧ રા. બાપુભાઈ મણીરાંમ ભચેચ.

૧ રા. કેશવલાલ ગીરધરલાલ.

૧ રા. માસ્તર મથુરાંદાસ નથુભાઈ.
સ્થાણા પ્રાઈવેટ સ્કુલના માસ્તર.

૧ રા. અંબાલાલ ઉમ્યાશંકર.
રાણપુર સ્કુલના બી. આ. માસ્તર.

૧ રા. ભુદરભાઈ કાળુભાઈ.

૧ રા. કેશવલાલ છગનલાલ.

૧ રા. જેરામ નથુ.

૧ રા. ગીરધરલાલ મોતીચંદ સ્કુલ માસ્તર.

૧ હરીલાલ ગગનલાલ.

ધંધુકા બાઉંડરીના કારકુન.

૧ ભાસ્કરરાવ મોતીલાલ.

૧ ઠા. ભાવજી મુલચંદ.

૧ ગોકળદાસ દામોદરદાસ.

ખારાઘોડા ગુડસ્કાલર્ક.

૧ રા. રાધેકૃશન બાળકૃશન મુંમસી.

૧ રા. અલારખ.

૧ રા. મણીલાલ રાજારામ.

૧ ભગવતીશંકર દયાશંકર.

આ શીવાયના કેટલાક નામો અમને મોહોડા મળવાથી અત્રે પ્રગટ કર્યા નથી પણ તેઓને અગાઉના ગ્રાહક પ્રેમાણે ગણી પ્રથમની કિમ્મતે બુક મળશે.

ૐ

# અકબર બાદશાહ અને બીરબલ.

અકબર બાદશાહ જેવો લડાઈમાં સુરો અને રાજ નીતિમાં નિપુણ હતો તેવોજ તે વિદ્યા વિલાશમાં રસિયો હતો. મોટા મેટા મુલ્લાં અને શાસ્ત્રીઓ ને બોલાવી તેમના વાદ વિવાદમાં આનંદ માણુતો હતો મુલ્લાં ફૈજી અને અબુ ફજલનો અકબરના આશ્રય વડે અકબરના જેટલાજ પ્રસિદ્ધ થઈ ગયા છે. તે વખતના મીયા. તાનશેને સંગીત કળામાં જે કીર્તિ મેળવી છે તેવી હજી કોઈએ મેળવીજ નથી. જગન્નાથ પંડીત દક્ષિણમાંથી આવી એના આશ્રય વડે રાજ—રિદ્ધિ પામ્યા હતા. અને પોતાનું ફક્કડ કવિત્વતથી કઠિણ પાંડિત્ય દર્શાવી સંસ્કૃત વિદ્યાના ગૂલથતા દિવાને ઘડી ભ-

૨ ખૂબ [redacted]ી કર્યો હતો. ગંગ કવિ સાહિત્યના અનેક કવિત અકબર બાદશાહની મોહોર મારી દેશમાં ફેંકયાંજ કરતો હતો. બીરબલે આવી પોતાનું ચાતૂર્ય તથા કવિત્વ એવું બતાવ્યું કે એના જેવી બાદશાહની કોઈ ઉપર પ્રીતિ નહોતી. બીરબ જાતે (કોઈકના કહેવા પ્રમાણે) નાગર બ્રાહ્મણ હતો. એ એવો હાજરજવાબી તથા ખબરદાર હતો કે સર્વના મન હરણ કરવાની એનામાં અપુર્વ શક્તિ હતી. તે કવિતા પણ સારી કરતો હતો. અને અર્વાચીન કાળનો કાળીદાસ કહીએ તો ખોટું નથી. એને અકબર બાદશાહ હમેશાં કવિરાયજ કહેતો હતો. હાલ લોકમાં એના ચાતુર્યની કહાણીયો ઘણી ફેલાઈ ગઈ છે. તેથી એની કવિ રીતની કીર્તિ કાંઈ અંધારામાં પડી છે ખરી, તોપણ ફારસી ગ્રંથોમાં એના ટુચકાઓ માલમ પડે છે. સંસ્કૃત તથા વૃજ ભાષામાં પણ એજ રીતે પ્રસંગો પાત કવિતા બોલતો તેથી અત્રે બીરબલને નામે કેટલાક તરંગ દાખલ કરીએ છઈએ—

બીરબલનું મૂળ નામતો શિવદાસ હતું, તે કુળવાન પણ ગરીબ ઘરનો હતો. તે સમયમાં

મુત્સદ્દીને લાયકની જે કેળવણી ગણાતી હ-
તી. તે બધી તેને લીધી હતી ભૂલ-
શો નહી કે તે વેળા પણ મુત્સદ્દીની કેળવણી
હાલના જેવી તુચ્છ અને ધિક્કારવા જોગજ હશે.
તે વેળા જેવો આપણો દેશ હતો, જેવા કારભા-
રીઓ હતા, તેવી કેળવણી હતી. હાલ પણ જુના
કારભારીઓમાં કોઈ કોઈ ઠેકાણે આવી ઊંચી કે-
લવણીની છાયા દીઠામાં આવેછે પણ ત્રણસેં ચા-
રસેં વરસ ઉપર તો કોઈપણ માણસ રાજ દર-
બારમાં પેસવાની હિમત રાખે તે પેહેલાં હિંદી,
ફારસી, સંસ્કૃત ભાષાઓ સારી પેઠે ભણવાની જ-
રૂર સમજતો હતો. થોડું ઘણુ કવન પણ સઘળા
કરી જાણતા. જૂનાઘડના રણછોડજી દિવાનનો દા-
ખલો તો હજી આપણા ગૂજરાતમાં તાજો છે.

એ પ્રમાણે અભ્યાસ કરી નોકરીની આશા-
એ બીરબલ દિલ્લીમાં આવ્યો. અકબર બાદશાહ
કવીઓનો ઘણો પોશિદો છે એવું એણે ચારેતર-
ફથી સાંભળ્યું હતું. અને તેથી એણે એ બાબત
ઉપર વિશેષ લક્ષ આપ્યું હતું. જાતનું વલ-
ણ તથા શોખ પણ તે તરફજ હતો. તેથી દિલ્લીના

દરવાજામાં પેઠો કે એના મનમાં તો એમ થવા લાગ્યું કે ક્યારે હું કચેરીમાં જાઊં, અને કવિરાજ કેહેવાઉં. તોપણ એ પોહોંચેલો હતો. શાહેરોના આતુર સ્વભાવ પ્રમાણે બારોબાર ધૂળ ભર્યાજ દેદારે ત્યાં જવાનું મન તો થયું, પણ તેને દાબી રાખી રાત વાસો એક મુસાફરખાનામાં જઈને ઉતર્યો. સવારમાં ઉઠી દિલ્લીવાનોના ફક્કડ પોશાક જોઈ એના મનમાં લાગ્યું કે જો હું મારા આ ગામડીઆ લૂગડે દરબારમાં જઈશ તો મને ધક્કા મારી કાઢી મુકશે એમાં કાંઈ શક નહિ. તેથી પાસે ખરચીમાં પાંચ રૂપીયા બાકી રહ્યા હતા તેમાંથી એક રૂપીયો ધોબીને આપી તેની સાથે એવી બોલી કરી કે તારે મને ત્રણ દહાડા સુધી તાજાં કડકડતાં લૂગડાં આપવાં અને કચેરીમાં જઈ આવ્યા પછી હું તને પાછાં આપીશ. પછી ખાઈપીને શેહેર જોવાને તથા બાલમી કાઢવાને નિકળ્યો.

ફરતાં ફરતાં એ થાકી ગયો. પણ શેહરનો પાર આવ્યો નહી. લોકો એવા બે દરકાર અને ઠિખળી માલમ પડ્યા કે કોઈ રસ્તોજ બતાવે નહી.

ને કોઈ કદી બતાવે તો એવો છેટે કે ક્યાંનો ક્યાં એ બિચારો પરદેશી અથડાયાંજ કરે. કોઈ મોટું મકાન જોય કે એના મનમાં એમ લાગે કે આ પાદશાહનો મેહલ આવ્યો, પણ તપાસ કરતાં જણાય કે એતો કોઈ શાધારણ વેપારી કે મુંત્સદ્દીનું ઘર છે. કોઈ ઠાઠ ભર્યો રસાલો જતો દેખે કે ધારે કે એ પાદશાહની સ્વારી હશે, પણ પુછતાં એનું નામ કોઈ દિલ્લીમાં જાણતું નથી એવો તે અપ્રસિદ્ધ નીકળે. એમ રખડતાં રખડતાં અને ભમતાં ભમતાં સાંજ પડવા આવી, પણ બાદશાહની કચેરીનો તો કાંઈ પત્તો લાગ્યો નહી. તેથી પાછો વળ્યો અને ઉતારો જડતાં એટલી મુસીબત પડી કે થાકીને લોથ થઈ વગર ખાધેને પીધે એક સાદડી ઉપરજ સૂઈ ગયો. ત્યાં કોઈ ભઠીયારો ભાતભાતના મુસલમાની ખાણાં વેચવાને આવ્યો હતો. તેણે તો કાંઈ ખરીદ કરી પોતાની ભૂખ શાંત કરવાને એને ઘણોએ સમજાવ્યો. કહ્યું કે દિલ્લીમાં ઘણાએ હિંદુ મારી પાસે આવીને છાનામાના મઝા મારી જાય છે, અને અલ્લાના કસમ ખાઇને જાહેર કર્યું કે–"**નાનમે તો કુચ**

બિટાલ નહિ હૈ" તોપણ એ બીરબલે માન્યું નહીં ત્યારે તે પરમાર્થું ભઠીયારો ચીડવાઇને ચાલ્યો ગયો અને બબડતો ગયો કે આવા ગંમાર કાફરોને રસુલ અલ્લાના ફરમાન મુજબ મારીનેજ દીન બોલાવ્યા વિના કદી પણ સમજવાના નથી. બીજે દહાડે તો બીરબલે ગમે તેમ કરીને પાદશાહી મેહેલનો પત્તો મેળવ્યો; જાતે તે જઈને બહારથી જોઈ આવ્યો; ત્યાં જવાની ગલીએ ગલી ઓળખી રાખી; રાત્રે દરરોજ વિદ્વાન મંડળ કયારે ભેળુ થાય છે તેની ખુદ દરવાન પાસેથીજ બાતમી મેળવી; અને ખુશી થતો મધ્યાન પેહેલાં ધર્મશાળામાં પાછો આવ્યો. હરખમાં કંસારના મીષ્ટાન ઉડાવ્યાં અને નિરાંતે બે ઘડી નિદ્રા પણ લીધી. પાછલે પોહોરે ઉઠી મોં ધોયું. મૂછને વળ દીધા, શિખાટીકા સમારી, કસબી ફેંટો બાંધી લીધો, કડકડતા નવરંગી કોકા પટકાવ્યા અને આઈનો હાજર ન હોવાથી કંકુની દાબડીના ચાટલામાં હરખથી પોતાનું મોં નિરખી ધર્મશાળાની બહાર નીકળી પડયો. બારણે ઉભા ઉભાં અર્ધી ઘડી તો શુકન જોવામાં કાઢી. પણ પછીથી સમજ્યો કે દિલ્હિ જેવું ગીચ્ચ વસ્તીવાળુ

શહેર જ્યાં સો સારા અને સોમાઠા શુકન એક પલકમાં આવી જાય, ત્યાં શુકન જોવા ઉભા રેહેવું એ કાંઈજ કામનું નથી. નગર વાસથી જે વિચારમાં સુધારો થાય છે તેના આ પ્રમાણે ગણુપતી બેઠા.; અને બીરબલ વગર શુકને આગળ ચાલ્યો. આ રીતે નિભ્રાંત પગલું મૂક્યું કે તુર્તજ સામી એક સવચ્છી ગાય મળી અને પાછળથી બંદુકના ભડાકા જેવી ત્રણ છીંકો થઈ. આ એ જરા ખંચાયો તો ખરો પણ ફિકર નહી એમ કહી પોતાને રસ્તે પડયો. વાટે અતરીયાની દુકાનેથી ભાત ભાતના અતર લઈ રૂમાલમાં નાખ્યાં, અને કોથળીમાં કેટલા દામ શિલક રહ્યા છે તેનો જરા પણ વિચાર કર્યો નહી એના મનમાં નિશ્ચય હતો કે પાદશાહની મુલાકાત થઈ કે તેની પ્રીતિ થતાં વાર નથી અને તેમ થયું તો પછી પૈસાએ શું ચીજ છે. પણ રાજ મેહેલ આગળ પહોચતાં એને એક અણધાર્યું વિઘ્ન નડયું દરવાને એને બાતમી આપી હતી ખરી, અને બીરબલની વાણીથી મોહિત પણ થઈ ગયો હતો ખરો તોપણ તે પોતાની દસ્તુરી વિ-

ના નવા ઉમેદવારને દાખલ કરે એવો કાંઈ કાચો નહોતો. દસ્તુરી કહો, પાંન સોપારી કહો કે ચેરી મેરી કહો, પણ અમીરોના દિવાન ખાનામાં પેસવાનો ખરો પરવાનો એજ છે. બધાને મળવાને માટે મોટો કામદાર ગમે એટલો આતુર હોય, તોપણ દરવાનનાં હાથ પુજ્યા વિના કોઈપણ તેની રૂબરૂ પહોચી શકતો નથી. બીરબલની વ્યવહાર બુદ્ધિ જન્મથીજ અસાધારણ હતી તેથી તે પોતાની ગણત્રીમાં આ વાત ભૂલી ગયો નહતો, પણ પાદશાહના દ્વારપાળ જોગું તેની પાસે કાંઈ આપવાનું હતું નહિ, અને તેથી તેણે તેને કહ્યું કે મને આજની મુલાકાતે જે મળશે તે બધું હું તને આપીશ. આ સાંભળી બુઢો દરવાન ખડખડ હસી પડયો. અને બોલ્યો કે બીરબલ તું બડો બેવકુફ દેખાય છે, કે મને તું બડો બેવકુફ ધારે છે. હજારો દરબારમાં ધક્કા ખાઈ પાયમાલ થઈ પાછા ચાલ્યા જાય છે અને તેમની ઉમેદ જરા પણ પાર પડતી નથી. તું કેહે છે કે એવા જો કરાર કરવા હું બેસું તો મારાં છોકરાં ભૂખે મરે. ભાઈ અમેતો રોકડી-

યા. અમને અમારી દસ્તુરી આપો અને પછી તમારા કિસ્મતમાં હોય તે તમે પામો. અમારે એ વાતની કાંઈ પણ લલુતા નથી. બીરબલે બહુ એક જુક્તિ કરી, કાલાવાલા કર્યા અને બહુએ આડા અવળા પાસા નાખ્યા, પણ તેથી કાંઈ પેલો ડગ્યો નહીં આખરે બીરબલે કહ્યું કે મને અંદર જવા નહી દેતો ફિકર નહી, પણ આ કાગળ ઉપર હું દુહો લખી આપું છું તે પાદશાહને પોચાડી આપ; આ સાંભળી દરવાનતો છેક રાતો પીળોજ થઈ ગયો, ને તે કાગળ હાથમાંથી ઝુંટી ચાર કડકા કરી પાસે હોજ હતો તેમાં ફેંકી દીધા અને એને એક ધક્કો મારી દુર હાંકી મૂક્યો. બીરબલે બહુએ પોકાર કર્યો, પણ કોણ સાંભળે ? આ ઉપરથી એ જગા ઉજડ હતી એમ સમજશો નહીં. હજારો ગાડી ઘોડાની ત્યાં ઠઠ મચી રહી હતી અને પહેરે ગીરો પહેરો ફરી રહ્યા હતા. પણ કોની તાગાદકે પાદશાહી દરવાનને કાંઈ કહી શકે ? પહેરે ગીરોએ સાંભળ્યું તેનું ફળ તો એ થયું કે એનો હાથ પકડી મહેલથી અધગાઉ દુર તેમાનો એક એને પહોંચાડી આવ્યો. અને ક-

હ્યું કે જો આવું ધાંધલ ફરીથી મચાવીશ તો તને પકડીને તુરંગમાંજ ઘાલી શું રજાવિના હજુરમાં જવાય ?

આ બનાવથી બીરબલની સઘળી આશાઓ પડી ભાગી. જ્યાં શાહની સનમુખજ જઈ શકાતું નથી ત્યાં પછી એની બધી કવિત્વ શક્તિ શા કામમાં આવે? પાસે ખરચી સઘળી ખુટી પડી હતી. વાંસળી છોડીને જોયું તો કાલનું મોદીખાનું વસાવવા જેટલા પણ પુરા દામ રહ્યા નથી. હવે કરવું શું? દીલ્હી જેવા મોંઘા શેહેરમાં શીરીતે રહી શકાય? રહીને કરવું શું ક્યાં સુધી રહેવું? દિલ્હીમાં સોવરસ કાઢે પણ દરવાન તો એની દસ્તુરી વિના દાખલ કરવાનો નથીજ એનું મોં કેવડું? સોસો ને હજારો મોહોરો તો એના એક દાંત નીચે દબાઈ જતી અને એ પ્રસંન થતો નહિ. બીરબલના ઉપર ખાસ મેહેરબાની કરીને સો મોહોરે કબુલ થયો હતો, પણ બીરબલ તે લાવે કયાંથી? પાછો પોતાને ગામ પગ ઘસડતો અને ભીખ માગતો જાય, તોપણ ઘરમાં સો રૂપીયા નહોતા તો સો મોહોર કયે ઝાડેથી તોડી લાવવી?

શું રાજદરબારમાં જવાનો લોભજ છોડી દેવો? શું બીજાઓની પેઠે પ્રથમ કોઈ હલકા મુત્સદ્દી-નો આશ્રય પકડવોઅને પછી નસીબ ઉપર હાથ મૂકી બેસવું? એમ કરેથી ધારેલી મોટી ઉમેદો શીરીતે પાર પડે? વખતે જીંદગી પૂરી થાય તો પણ બાદશાહની હજુરમાં જવુંજ બની શકે નહિ. આમ કરેથી મુત્સદ્દીપણાના કાંઈ કોડ કદાપિ પુરા પડે, પણ કવિરાજ થવાની આશાતો નિર્મૂળજ થાય. સામાન્ય બુદ્ધિવાળાની નોકરી ઉઠાવવી એના જેવું ભુંડું શું? એમાં શો માલ શું હું બીરબલ એથી સંતોષ પામું? આ પ્રમાણે નાનાપ્રકારના ખ્યાલ એના મનમાં ઉછાળા મારે અને એને કાંઈ શૂઝ પડે નહી. ઉદાસીમાં છેક ગરક થઈ ગયો છાતી ભરાઈઆવી અને આંખોમાંથી દડદડ આંસુ ચાલવા લાગ્યાં. તોપણ જાતે ધીરજવાળો હતો. તેથી જીવ કઠણ કરીને ઉતારે પાછો આવ્યો, અને સુતો સુતો હજારો અંદેશા કરવા લાગ્યો. એના મનમાં એવોજ આગ્રહ ભરાયો કે એ દરવાનનાં મોંમા તમાચો મારી કાંઈ પણ આપ્યા વિના, હું બીન હરકતે કચેરીમાંજાઉં, પાદશાહને રંજન કરૂં, અને

તેજ ક્ષણે હું માનીતો થાઉં, તોજ મારૂં નામ ખરૂં. પણ તે થાય કેમ? એક તજવીજનો વિચાર કરે અને પાછી પડતી મૂકે. એમ હજારો યુક્તિનું ચિંતન કર્યું, પણ રસ્તો સૂઝે નહિ. આખરે પાછલી રાત્રે એને એક એવો સરસ મુદ્દો સૂઝ્યો કે એને રૂએરૂએ હરખ વ્યાપી ગયો અને હું ફતેહ પામીશ એવો નિશ્ચય કરી નિરાંતે ઉંઘ્યો.

અકબરશાહ જેવા શાણા બાદશાહના દરબારમાં પણ દરવાનનું આટલું બધું ચલણ જોઈને બીરબલને ઘણું આશ્ચર્ય તથા માઠું લાગ્યું. એણે કહ્યું કે શું રાજ્યશ્રીની તૃષ્ણા રાખનારાઓના નસીબના દરવાજા પણ પાદશાઓએ આવા નીચ દરવાનનેજ સ્વાધીન કરી દીધા છે? આ હિસાબેતો પાદશાહ કરતાં આ પોળીયાનો અખ્તિઆર પરોપકાર કરવાના કામમાં વધ્યો. શું અકબર બાદશાહ પણ સમજતો નહિ હોય કે દરવાનના હાથમાં આટલો બધો અખ્તિઆર આપવાથી પોતાના સઘળા સદ્ગુણુ રાજ્યને, નિરૂપયોગી થઈ પડે છે અને દેશમાં જુલમ અને અંધેર ચાલતાં હોય તેને અટકાવવાના એના હાથમા કાંઈપણ સાધન

રહેતા નથી.

નાઉમેદીના પ્રથમ ઉભરામાં આ પ્રમાણે બીરબલે અકબરની બુદ્ધિનો ફિટકાર કર્યો ખરો પણ જ્યારે જરા શાંત પડી વિચાર કર્યો ત્યારે એણે જોયું કે એમાં કાંઈ એનો વાંક નથી. રાજદરબારમાં એમ થયા વિના રહેજ નહિ. મોટા માણસો પાસે પોતાનો સ્વાર્થ સાધવાને એટલા બધા લોકો આવવાને ઈચ્છે છે કે તેમાં કોની અરજ સાંભળવા જોગ છે એ પ્રથમ મુકરર કરવાની ઘણીજ જરૂર છે. ઘણો ભાગ ન્યાયને માટે નહિ. પણ દયા ઉપજાવી પોતાનું કામ કાઢી લેવાનેજ આવે છે. એથી પણ ઘણાતો મોટાનું ઓળખાણ કોઈ કાળે ફળદાયક છે, એમ જાણીનેજ તેની આસપાસ મધ માખીને પેઠે ગણુ ગણુ કરવાને સદા ઈંતેજાર હોય છે. કેટલાકતો ખુદ અન્યાય અને જુલમ કરવાની શક્તિ મેળવવાને અર્થેજ રાજદરબારની તૃષ્ણા રાખે છે. કેટલાક તો રાજમુર્તિના કિરણોમાંજ બેસવું એ પરમ પદાર્થ માને છે. અને જેમ વાંદરાઓ ચણોઠીના તાપથી મગ્ન રહે છે તેમ તેઓને થાય છે. કેટલાક માત્ર તમાશગીર અ-

ને ચુગલી ખોરજ હોય છે માણસમાં અનેક પ્રકારના જે સ્વભાવ રહેલા છે તે પ્રત્યેક તેને રાજદરબારમાં જવાને ઉશ્કેરે છે અને એમ ઉશ્કેરાઈને ઉલટી આવેલી ખલકને પાદશાઓ અકેકીજ પળ બક્ષે તો બાવા આદમની જીંદગી પણ તે કામને સારૂ બસ થાય નહી. કાંઈપણ હદ કરવાની તો જરૂર છેજ. શા કામને માટે આવે છે તે પ્રથમ જાણવું જોઈએ. યોગ્ય કામ વિના આવનારને અટકાવી પાછા વાળવાજ જોઈએ. એ અટકાવનારો સઘળા દેશમાં અને સઘળા કાળમાં દરવાનજ છે. યોગ્ય કામે આવનારને પણ અટકાવે તો એ દરવાન ગુનેગાર થાય છે અને સારા પાદશાહો એ બાબતની વખતે વખતે ઘટતી દેખ રેખ રાખ્યાંજ કરેછે. તે છતાં પણ એ અખ્તિઆર એવડો મોટો છે કે દરવાનો ઘણું કરીને તેનો ખોટો ઉપયોગ કરી પોતાનું ઘર ભર્યા વિના રહેતા નથી રાજ દરબારમાંથી વહી જતી રાજ્ય લક્ષ્મીને અટકાવવાને એને બારણે બેસાડયો છે પણ તેની એક શેર તે પોતાના ઘરમાજ વાળે છે, અને ત્યાં રેલ છેલ થઇ રહે છે. પણ એ શેર એવડી નાની છે અને

રાજદરબારમાં એની મેહરથી જે જવા પામે છે તેના ભાગ્ય એટલાં બધાં ઉઘડી જાય છે કે તેઓએ જે દરવાનને દસ્તુરી આપી હોય છે તેની ફરિયાદ પાદશાહને કાને ક્વચિતજ જવા પામેછે એથી અરજદાર, દરવાન અને પાદશાહ એ ત્રણેની સુગમતા સચવાય છે. અને જ્યાંસુધી ઈનસાફના બારણાં ઉઘાડાં રેહેછે ત્યાંસુધી કોઈને પણ કાંઈ પોકાર ઉઠાવવાનું અસરકારક કારણ મળતું નથી જ્યારે અદાલતને દરવાજે પણ રૂસ્વત ખોર દરવાનનો હાથ અડકે છે ત્યારે ઘણીજ ખરાબી થાય છે, અને તેથી હિંદુસ્તાનમાં જે મોટા રાજાઓ તથા પાદશાહો થઈ ગયા છે તે આ બાબતોની ઘણીજ કાળજી રાખતા હતા. લોકોપર પડતા જુલમ જાણવા અને રંકમાં રંકની ફરીયાદ પણ પોતાને કાને આવે તેને માટે તરેહ તરેહની યુક્તિયો તથા ગોઠવણ કરતા હતા. કોઈ વેશ બદલી નગર ચર્ચા જોવા નીકળતા, કોઈ ખાનગી ચર રાખતા, કોઈ મેહેલની નીચે રાહદારી ફરિઆદીઓને સારૂ ઘંટજ ટંગાવી રાખતા અને કોઈ અદાલતના બારણા રાતને દહાડો વગ-

ર દરવાને ઉઘાડાંજ રાખતા હતા.

અકબર બાદશાહનો એવો ધારો હતો કે રોજ સવારમાં ઉઠીને કલાક બેકલાક મેહેલને ઝરૂખે બેસવું, અને ત્યાં જે કોઈ પોકાર કરતું આવે તેની ફરીયાદ સાંભળવી. એ ઝરૂખાની નીચે ધોરી રાજમાર્ગ હતો. ગાડી ઘોડાને એ રસ્તે જવા દેતા નહી પણ સઘળા રાહદારીઓને જવાની સંપૂર્ણ છુટ હતી. એટલુંજ નહી પણ વચગાળે સોનાની છડી લઈને નેકીદાર ઉભા હતા તે સૌ કોઈને પોકારીને કહેતા કે—**अकबरशाह धर्मासनपर बिराजमान हुवे हे! जिसको कुच्छ** ફરીયાદ હોવે ઉસ્કો વહાં બુલાતે હૈ. શાહવા શાહુકાર, વઝીરવા દિવાન, નવાબ વા સુબા, અમીર વા ઉમરાવ, કિસી કાહી જુલમ હોવે, તો નિડર હોકે આઓ ઓાર કહો. અદલ કે કાંટેમે સભી સમાન હૈ.

એ રસ્તાને બંને છેડે ચોકીયો હતી. ત્યાં વાજીંત્રોમાં એવાજ અર્થના બોલ ગવાતા અને તે સાંભળી શેહેરમાં ચોકીએ ચોકીએ એવો નાદ ઉઠી રહ્યાથી પ્રાણી માત્રને ખબર પડતી હતી કે અ-

કબ્બરશાહ ઈનસાફની ગાદીએ બિરાજમાન થયા છે. જે લોકોને કાંઈપણ ફરીયાદ કરવાનું હોય તે સવારમાં તૈયાર થઈને એ રાજમેહેલના ઝરૂખા નીચે આવીને અગાઉથી બેસી રહેતા. અને જ્યારે પાદશાહ ત્યાં પધારતા ત્યારે નમસ્કાર કરી **ફરીયાદ ફરીયાદ** એમ પોકારતા કે તુર્ત પાદશાહ તેમને પોતાની રૂબરૂ બોલાવતો. કોઈની પણ તાગાદ નહીં કે આ માર્ગે આવનારને અટકાવી શકે. કેમકે ઝરૂખામાંથી પાદશાહની નજર અધ અધ ગાઉ સુધી બે તરફ પોંચે એવો તે માર્ગ સીધો હતો. અને પાદશાહની એ બાબત એવી શખ્તી હતી કે રાહદારીને અટકાવવાનો વિચાર સ્વપ્નામાં પણ કોઇને થતો નહિં. આ વેળા સૌ લોકોને મોટામાં મોટા અધિકારી ઉપર પણ ફરિયાદ કરવાને છુટ હતી. પોતાથી પણ જાણે અજાણે કાંઈ અન્યાય થઈ ગયો હોય. તો તે બાબતની પણ ફરીયાદ ઔર વધારે ખુશીની સાથે સાંભળતો. ઈનસાફ કરવામાં પોતાના સગા છોકરાની પણ ખાતર રાખતો નહીં. સઘળી હકીકત પોતેજ સાંભળતો, પોતેજ તપાસ કરતો, અને પોતેજ એક ઘડીમાં

ઇનસાફ આપતો, એ વેળા કોઈ પણ મેહેતા મુત્સદ્દીને પાસે રાખતો નહી. કોઈ પણ કામદાર ઉપર ફરિઆદ આવી કે તેને તુર્તજ ત્યાં પકડી મંગાવતો, અને ગુન્હેગાર જણાયો કે તેને ત્યાંને ત્યાંજ ઘટતી સજાએ પહોંચાડતો. એમ કહીએ તો પણ ચાલે કે અકબર બાદશાહની એ ઉંચામાં ઉંચી એપેલેટ કોર્ટ હતી. પણ ફેર એટલો કે ત્યાં અપિલ કરવામાં કોડીનો ખર્ચ થતો નહી. જુલમ કરનાર નીચલા અધિકારીની મારફતે ફરીઆદ લાવવી પડતી નહી. અને ઈનસાફ તાત્કાલિક અને અસરકારક મળતો. ટુંકામાં એ હાલના જેવું સુધરેલું નહી. પણ સાદુ અને સ્વાભાવિક ઈનસાફનું સ્થળ હતું. અને તેનું નામ સાંભળીનેજ સઘળા કામદારો પાંશરાદોર થઈ ગયા હતા.

**ખાનખાના** પાસેથી રાજની લગામ પોતાના હાથમાં લીધી તેને બીજે દીવસથીજ અકબરે રૂબરૂ ઈનસાફની આવી રીત કાહાડી હતી. અને ત્યાં એવા નિષ્પક્ષપાત પણે ન્યાય કરતો હતો કે—સઘળા અધિકારીઓ પોતાની દુષ્ટતા ભૂલી ગયા હતા. અને દેશમાં તેમના ઈનસાફ પણ વખણા-

વવા લાગ્યા હતા. કેટલેક વર્ષે અકબરશાહનું ઝ-
રૂખે બેસવું માત્ર નામનુંજ થઈ રહ્યું. એના કામ-
દારોની મારફતે ગેરઈનસાફ મળે ત્યારેજ કોઈ દ-
રબારમાં ફરીયાદ કરવા આવે કેની? તોપણ બા-
દશાહ. કદી પણ એ પદ્ધતિમાં ફેર પડવા દેતો
નહીં. અને કહેતો કે–દરરોજ સવારે વાજીંત્રોમાં
ઈનસાફની બાંગ પોકરાય છે. તે નિમાજની બાંગ
કરતા પણ **અલ્લાને** વધારે પ્યારી છે.

આ રીવાજ મુજબ એક દહાડો અકબર બા-
દશાહ નાહી ધોઈ નિર્મલ પણ સાદા વસ્ત્ર પહેરી
તથા હજારો પાદશાહી ઉભી કરે એવા હીરાનો
એકજ હાર કોટમાં ઘાલી ઝરૂખે સવારમાં બેઠો
હતો. સૂર્યોદય તુર્તજ થયો હતો. અને તે તર્ફ સા-
નંદાશ્ચર્યથી જોઈ રહ્યો હતો. ઝરૂખામાં બંને બા-
જુએ બાદશાહની આસપાસ સો સો સિપાઈ-
ઓ ઉભા છે તેમની ઉઘાડી તરવારો ઉપર સૂર્ય-
નાં કિરણ પડવાથી એવો તો તેજનો અંબાર
છાઈ રહ્યો છે કે તેમાં બાદશાહનું પ્રતાપી મુખ
સૂર્યના જેવુંજ પ્રકાશી રહ્યું છે નીચે મેહેલના ન-
વરંગો ઝલકારા મારી રહ્યા છે. અને સામેના

બાગમાંથી ઘણીજ સુંદર સુગંધ બેહકી રહી છે. દુરથી વાજીંત્રોના મધુર સ્વર આવી કાને અમૃત પાન કરાવે છે. ફરસબંધી કરેલા રાજ માર્ગ ઉપર પાછલી રાતના ગુલાબના છંટકાવ કરી મૂક્યા છે. તેની જે લેહેરો આવે છે. તેથી રાહદારીઓ સ્વર્ગનું સુખ અનુભવે છે. મેહેલ આગળથી હજારો માણસ જા આવ કરે છે. પણ પગરવ સરખો પણ સંભળાતો નથી. જાણે પોતાનો નિર્મલ પ્રતાપ સૂર્યના સાથે સરખાવવામાં ગુંથાએલા ર્નૌશીરવાન પાદશાહને હરકત ન કરવી એવો સઘલી પ્રજાએ સંપ કર્યો હોય એવી રીતે લીલા જામી રહી છે. તેવામાં ત્યાં એક જોગી આવી પહોંચ્યો. તેણે સર્વાંગે ભસ્મ લગાવી છે. એક લંગોટી વાળીજ, ખાંધે એક ફુટેલું તુમડુ અને સો થીગડાની એક ગોદડી લટકાવી છે. હાથમાં એક ત્રીશૂળ પકડયું છે. કપાળે સિંદૂરનું તિલક કર્યું છે. અને આંખો ફાટેલી ભયંકર દેખાય છે. જેવો તે ઝરૂખાની સામે ફરિયાદીને ઓટલે ચડીને ઉભો કે ત્યાં બે સિપાઈ ઉભા હતા તેણે કહ્યું કે જો ફરિયાદ હોય તો–"ફિરયાદહૈ, ફિરયાદહૈ" એમ પો-

કાર કરો કે પાદશાહ તમને તર્ત ઉપર બોલાવશે. તે સાંભળી ફકીરી રાગે તે નીચે પ્રમાણે લલકારીને બોલ્યો–

**ફિરયાદ હૈ, ફિરયાદ હૈ, ફિરયાદ હૈ, ફિરયાદ હૈ.** એના મોંમાથી "ફિર્યાદ" શબ્દ પૂરો નિકળી નહોતો રહ્યો એટલામાં તો અકબરે શાન કરી તે ઉપરથી ચાર હજુરીઆઓ એને ઉપર બોલાવવાને દોડયા પણ એટલામાં એ ફકીરેતો પાદશાહની સામી નજર મળી કે સલામ કરી ચાલવા માંડયું અને ચાલતાં ચાલતાં નીચે પ્રમાણે પોકારતો ગયો.

**યહ દાદ હૈ, યહ દાદ હૈ, યહ દાદ હૈ, યહ દાદ હૈ,** અકબર બાદશાહને આ ચાલ ઘણી નવાઈ જેવી લાગી. તેથી એને તેડી લાવવાને બીજા ચાર જણને દોડાવ્યા. તેઓ એને આદર સત્કાર અને કાંઈ બળાત્કારથી એક ક્ષણમાં ઉપર લઈ આવ્યા. એ જોગી રડતો કકળતો અને આક્રંદ કરતો હજુરમાં આવ્યો. અને પોકારીને વિનવવા લાગ્યો કે પાદશાહ માફ કર અને મને મારે માર્ગે જવા દે. હું ભૂલ્યો. હવે હું ફરીથી ફર્યાદ કરવા આવીશ નહી; પાદશાહએ કહ્યું કે એમ શા માટે?

મારામાં શું દીઠું કે તું ફરિયાદ કરવા આવેલો તે પાછો જતો રેહે છે. એણે જવાબ વાળ્યો કે-મહારાજ શા વાસ્તે ચતુરાઈ કરો છો? હું તમારી સઘળી ચતુરાઈ સમજી ગયો છું. તમે-"**ફિરયાદ હૈ ફિરયાદ હૈ.**" એમ જે બોલાવો છો તેનો શુ હું અર્થ નથી સમજતો એનો અર્થ ખુલ્લોજ છે કે મૂર્ખા તું ફરિયાદ કરવા તો મોટાની ઉપર નિકળ્યો છે પણ તારૂં પછીથી શું થશે તે તને યાદ છે. પાદશાહ આ સાંભળી હસ્યો અને વિચાર કરવા લાગ્યો કે આ માણસ કોઈ છેક ગમારજ છે કે બહુ ચતુર છે: પણ જોઉં બીજી સતરની માઈની શી કરે છે. બાદશાહે કહ્યું એ તો ઠીક ગણ ત્યારે. "**યહ દાદ હૈ, યહ દાદ હૈ**" એમ શા માટે તું પોકારતો ગયો. જો તારી સમજ પ્રમાણે હું ફરીયાદ સાંભળતો નથી તો તો તારે "**નીહ દાદ હૈ, નીહ દાદ હૈ**" એમ કહેવું જોઇતું હતું. મહારાજ મેં વિચાર કર્યો કે પાદશાહ ફરીયાદી પાસે "**ફર્યાદ હૈ, ફર્યાદ હૈ**" એમ શા માટે બોલાવતો હશે. ફરીયાદ તો દુનિયામાં હજારો છેજ તો; પણ જો તે સાંભળી ન્યાય કરવાની એની ઈ-

ચ્છા હોય તો એણે ફરીયાદી પાસે કાંઈ પણ બો-
લાવવાને બદલે પોતેજ "યહ દાદ હૈ, યહ દાદ હૈ."
એમ પોકારવું જોઈએ. આ સાંભળી પાદશાહ પ્ર-
સંન થયો. અને જાણ્યું કે આ કોઈ વિલક્ષણ
પુરૂષ જણાય છે. એ ફકીર કે વેરાગીનું બોલવું
નહોય. તેથી પુછ્યું કે-તમે જાતે કોણ છો અને
તમારા ઉપર શો જુલમ ગુજર્યો કે આ પ્રમાણે
ફકીરી લેવી પડી. જવાબમાં એણે નીચલો દુહો કહ્યો.

**પાયા હીરા લાખકા, આયા બેચન કાજ;**
**છિનાલિયા છક્કડ લગા, ઝોરી દગાહિ બાજ.૧**

પાદશાહે ગુસ્સે થઈ કહ્યું કે કોની તાગાદ છે કે
મારા રાજમાં આ પ્રમાણે જુલમ કરી શકે. તે
ઝવેરીનું નામ દે. હમણા હું તેને સજાએ પહોં-
ચાડું છું. એણે પગે લાગી કરગરીને કહ્યું કે મ-
હારાજ, એ વાત જવા દો. નામ દીધાથી હું
માર્યો જઇશ. તમે ગમે તેટલું કહો છો પણ નામ
સાંભળશો કે મને તુર્ત સૂળીએ ચડાવશો. આખરે
આગ્રહ કર્યો, કાંઈ પણ ન ગુસ્સે થવાની પ્રતિજ્ઞા
લીધી, અને તે છતાં જો તું નામ નહિ દે તો
તને ગુનોહ છુપાવનાર જાણી તર્તજ મારી નાખી-

શા. જેવા જુસ્સાથી પાદશાહે પૂછ્યું તેવા જુસ્સાથી એણે પણ કહ્યું. "દુહો."

**જો પૂછો સચ બાત તો, સાચે મે કહા શોર;**
**સુનિયે શાહ સુલતાન તુમ, આપહિ મેરા ચોર.**

આ સાંભળતાંજ સ્વભાવિક રીતે અકબરની આંખમાં અગ્નિએ પ્રવેશ કર્યો, હાથ તરવાર તરફ ગયો, અને પાસે સો સો સિપાઈયો નાગી તરવારે ઉભા હતા તે એક અવાજે હોકારો કરી આગળ ધસ્યા અને પાદશાહે હું હું કરીને વાર્યા નહિ હોત તો તેઓએ એના ચૂરે ચૂરા કરી નાખ્યા હોત. પણ અકબર ન્યાયી, વિચારવંત અને વળી વચને બંધાયલો હતો તેથી તેને ક્રોધ થયો તેવોજ સમાવી નાખ્યો. તોપણ મારા ઉપર આવો જુઠો આરોપ મૂકવાની એની હિંમત કેમ ચાલી તે એનાથી સમજાય નહી. એનું બોલવું એવું હતું કે એ દિવાનો હોય એમ સંભવતું ન્હોતું અને દિવાના વિના આ ગાંડાઈ કોણ કરે ? માટે એને પોતાની જે હકીકત હોય તે કાંઈ પણ ડર રાખ્યા વિના કેહેવાનું ગંભીરાઇથી ફરમાવ્યું.

**"તું લાખ રૂપીયાનો હીરો ક્યાંથી લાવ્યો**

**મારે ત્યાં કયારે વેચવા આવ્યો હતો, અને તે કોણે છીનવી લીધો.''** તે બોલ. અકબર બાદશાહના આવાં વચન સાંભળી બીરબલે વીચાર્યું કે હવે મારી સઘળી ચતુરાઈ વાપરવાનો સમય આવ્યો છે, કેમકે ચતુર શ્રોતા જનોએ કયારનું જોયું તો હશે કે આ જોગી વેશે બીરબલજ બાદશાહની હજુરમાં ભીડયો હતો. ખરી મુસલમાનોની સાનથી ઘુંટણીએ પડી સફાઈ ભરેલી અદબ અને નમ્રતાની સાથે નીચે પ્રમાણે બોલવા લાગ્યોઃ—

ખલકના માબાપ, તારા જબરસ્ત પાદશાહી મિજાજને જરાવાર સબુરીનું ધ્યાન કરી તારા ગુલામના ગુલામની હકીકત સાંભળ. આદમની ઓલાદનો એવો કોણ છે કે તારી આગળ જરા પણ જુઠું બોલવાની હિંમત ચલાવી શકે? મેં જે કહ્યું તેમાં એક હર્ફ ખોટો નથી. પણ તે સમજવામાં ભેદ છે. પૃથ્વીપતી તારાથી અજાણ્યું નથી કે જગતમાં હીરા ઘણી જાતના થાય છે.

**ઝોરીકા હીરા હીરા, કબિકા હીરા કવન;**
**તરૂની હીરા તન, અરૂ પદ્મની મન પાવન?**

એટલે ઝવેરીનો ધંધો કરનારને ઘણી કમાઈ કરા-

વનાર **હીરો** છે, તેમ કવિનો **હીરો** તે તેની **કવિતા** છે. તરૂણીનો હીરો તેનું **તન,** અને પદ્મિની સ્ત્રીનો હીરો તેનું **પવિત્ર મન** એજછે. એ જુદીજુદી વસ્તુઓવડે તે પ્રત્યેકની મોટાઈ ટકી રહેલી છે. અને તે જવાથી તે છેક નિર્માલ્ય અને તુચ્છ થઈ જાય છે. કદાપિ કોઈ કહેશે કે એમ છે તોપણ હીરા શીવાય બીજી કોઈ ઉપલી વસ્તુની લાખો રૂપીયાની કિંમત કાંઈ ઉપજતી નથી. તો તેણે જાણવું કે—એ તેની એક મોટી ભૂલ છે, જે વસ્તુ નો જે ગ્રાહક છે તેની આગળ તે વસ્તુ પોસાય છે અને બીજની કોડી પણ ઉપજતીનથી. બધાજ રત્નના ગ્રાહક હોય છે એમ કાંઈ નથી.

**ગોરી ગ્રાહક રત્નકી, ગુન ગ્રાહક રાજાન;**
**કવિતા ગ્રાહકકો રસિક,ભૂપતિ ભોજ સમાન?**

જરિયાને જવાહિર ગમે તે લે, પણ તેની ખરેખરી ગ્રાહક સ્ત્રીજ છે. પુરૂષ લે છે તોપણ તે સ્ત્રીઓને માટેજ. જો જગત્માં સ્ત્રીઓ ના હોય તો કાલે જરીયાન જવાહિરનો કોઈપણ ભાવ પૂછે નહિ. તેમજ વિદ્યાકળા વગેરે જે કાંઈ ગુણ છે તેના ગ્રાહક રાજા લોક છે. કેમકે તેના રાજ-

ના રક્ષણને અર્થે એ વિદ્યાકળાની જરૂર છે. હાલ અમારી હિંદુ વિદ્યાકળાઓ નાશ થઈ જવા આવી છે કેમકે અમારાં હિંદુ રાજ્યો થોડાંજ રહ્યાં છે. આપ રાજનિતિના જાણવાવાળા છો. તો તેનો ખંતથી સંગ્રહ કરોછોજ. અને તેનાં રૂડાં ફળ આપ જૂઓછો. તથા હવે પછી જોશો. ગુણીઓનો સંગ્રહ કરવો. એમાં રાજાનોજ સ્વાર્થ છે. જે રાજા પોતાના જાતભાઈ જાણી તેના ગુણ સામુ નજોતાં તેનાજ હાથમાં સત્તા સ્વાધીન કરે છે તે વાંદરાના હાથમાં સુકાન સોંપે છે. એ વહાણ ડુબાવવાનેજ સરજ્યું છે. અર્થાત્ સ્વાભાવિક રીતેજ ગુણગ્રાહક રાજાન છે. પણ કવિતારૂપી જે અમૂલ્ય હિરો અને ગુણનો ગણ તેના ગ્રાહક તો ભોજરાજાના જેવા રસિક ભૂપતિયોજ કોઈ સમે નીકળી આવે છે. આપની ખ્યાતિ તેવી છે અને તેથીજ હું અહિંયાં ધાઈને આવ્યો હતો. પણ માહારાજ, હું ધરાયો, અને આપ પણ મારા લવારાથી ધરાઈ ગયા હશો. કેમકે મારી હકીકતતો કહેવી હજી બાકીજ રહી ગઈ છે. અને તે કહેતાં મારાથી મિજલસી રીતનું મીઠું બોલવું પણ થઈ શકે

એમ ભાસ્તું નથી. માટે મારો ગુન્હો માફ કરો અને મને મારે માર્ગે જવાની રજા આપો તો મોટી મેહેરબાની થાય. ઉપલી વાણીથી બાદશાહને રસ લાગ્યો હતો અને તેથી તે એને હવે રજા આપે એમ હતું નહિ. આ બધું તૂત ઉભું કીધું છે અને મારી હજુરમાં આવવાની કોઈ કવિ તજવીજ કરે છે એમ તો અકબરને ક્યારની સમજ પડી ગઈ હતી. પણ જોઈએ કેવી તજવીજથી એના બોલ એ સાચા પાડે છે એમ વિચારી ક્રોધનો ડોળ કરી એણે કહ્યું કે–"**જાય ક્યાં**" કહ્યું છે તે બધું પુરવાર કરી આપ." તે ઉપરથી જેવી જહાં-પનાહની ઈચ્છા એમ કહી બીરબલે પોતાનું બો-લવું જારી રાખ્યું, કેમકે એ તુર્ત ચેતી ગયો કે રાજા એના અંતઃકરણમાં રીઝયો છે.

સાહેબ, હું જાતે ગરીબ બ્રાહ્મણ છું. મેં મારી નિર્ધનતા ટાળવાને સારૂ એક મને અગી-આર વરસ સુધી સરસ્વતિની રાત દહાડો સેવના કરી અને બારમું વરસ બેઠું ત્યારે મને સ્વપ્નમાં તેના દર્શન થવા લાગ્યાં. પણ તેથી હું ધરાયો નહીં. અને બારે વર્ષ તપશ્ચર્યામાંજ ગાળ્યાં ત્યારે

તેણે પ્રસન થઈ મને સાક્ષાત દર્શન દીધાં અને પોતાના સ્વહસ્તે લખેલું એક મોજ પત્ર આપી કહ્યું કે-"**આ લે અને સુખી થા**" એમાંના દરેક દુહાની લાખ લાખ રૂપીયા કીંમત છે. પણ તું રાજ દરબારમાં જવાનો હોય ત્યારેજ એ વાંચજે. અને એક દરબારમાં ગમે તે કરે તોપણ એક કરતાં વધારે દોહરો પ્રગટ કરતો નહીં" આ આજ્ઞા હું માથે ચડાવી હરખાતો હરખાતો રાજ યાત્રાએ નીકળ્યો. કેમકે જેનો જ્યાં બજાર હોય ત્યાં તે ચીજ ખપે. ગામડામાં બેશી રહે હીરા મોતી ખપતાં નથી. કાંઈ શાણા અનુભવી કવિએ પોતાના છોકરાને શીખામણ દીધી છે કે-

**હીરા ગીરાકી ગંઠડી, ગંવાર મે મત ખોલ;**
**ઝોરી બીન કૌરી ન મિલે, કૌસ્તુભ કાભી મોલ. ૧**

હિરા રૂપી ગિરા નામ શબ્દની ગાંઠડી ગામડીયા લોકમાં તું કદી પણ ખોલતો નહિ. કૌસ્તુભ સરખો અમૂલ્ય મણી હોય તોપણ ઝવેરી વિના તેની કીમત એક કોડી પણ મળતી નથી. વળી કોઈએ એમ પણ કહ્યું છે કે-

**કહાંથી હીરા કાવ્ય હે? દેજા કે દરબાર;**

**માંકર મૂલ અમૂલકા, મૂલ નામિલે બજાર. ૧**

પૂછે છે કે તારી પાસે હાથી છે? તારી પાસે હીરા છે! કાવ્ય છે જો એ ત્રણમાની કોઈ પણ વસ્તુ હોય, તો દરબારમાં જઈને આપી આવ. પેલો પૂછે છે કે સૂં કિંમત ઠેરવ્યા વિના? આવી અમૂલ્ય વસ્તુઓ એમને એમ કેમ આપી અવાય? પેલો અનુભવી કવી કેહે છે કે—ગાંડા જો અમૂલ્ય છે તો તેનું મૂલ કરવાનો શાં માટે વિચાર કરે છે? એમ કર્યાથી તેનું માન ઘટે છે માટે એતો દરબારમાં જઈને અણબોલ્યો આપીજ આવ. એ અમૂલ્ય વસ્તુઓ ત્યાંજ શોભે અને તેજ તેની કિંમત જાણે. એને તું બજારમાં દુકાન માંડીને હિંગની પેઠે વેચવા બેશીશ? તો કાંઈ પણ કિંમત ઉપજનાર નથી. એ વાત પણ યાદ રાખજે.

એ પ્રમાણે વિચાર કરી રાજ્યસ્થાન તરફ જવા હું મારે ગામથી નીકળ્યો. પણ મેં વિચાર્યું કે હાલ તે સમે અકબરશાહ ચક્રવાર્તિ કહેવાય છે તેથી પ્રથમ ત્યાં જવુંજ લાજમ છે. એમ વિચારી હું દિલ્લી તરફ વળ્યો અને વાટમાં આપની તારીફ સાંભળી કે હું મારા મનમાં ત્યાંથીજ પોતાને

લક્ષાધિપતિ થઈ ગએલો ગણવા લાગ્યો. પણ અહિંયાં આવ્યા પછી તો સમજવા લાગ્યો; દૂરથી ડુંગર રળીઆમણા જેવું થયું. આપનો દરવાન દરબારમાં પેસવા દે નહિ અને આપને ભંડારમાંથી લાખ રૂપીયા કાઢવા પડે નહિ. યુક્તિતો બહુ સારી. હુંજ મૂર્ખ કે રાજસ્તાન મૂકી આણી તરફ આવ્યો. આપ ગમે તેવા ચતુર અને વિદ્યાના પોશિંદા હો તથાપિ અન્ય ધર્મી અને અન્ય ભાષાના બોલનાર તમારાથી તે બે લીટીના લાખ રૂપીયા એક કાફર હિંદુને અપાય? એતો દાનવીર ક્ષત્રીઓના કામ! તે છતાં આટલેથી સમજીને પાછો ગયો હોત તો કાંઈ હરકત નહોતી. પણ મેં મૂર્ખા એ સરસ્વતિની આજ્ઞા ઉલ્લંઘન કરી વગર આહકે તેમાંનો એક દૂહો દરવાનને આપ્યો. કહ્યું કે જા પાદશાહને આપી આવ. પણ અગાઉથી ચેતવી મૂકેલો આપનો દ્વારપાળ તે કેમ ચૂકે? તેણે ફાડીને તેના કડકા કરી નાખ્યા. અને હું રડતો રહ્યો. તે દૂહો મેં બરાબર ગોખી રાખ્યો હોત, તોપણ ઠીક.

અકબર પાદશાહ ક્રોધ કરીને બોલ્યો કે એવા

ઠગારા તો મેં બહુ દીઠા છે. એવા ફેલથી હું ઠગાવાનો નથી. તારૂ એક કાગળનું ચીથરૂં ફાડી નાખ્યું તેને માટે તું મારી પોસેથી લાખ રૂપીયા કઢાવવાની તજવીજ લાવ્યો છે કે શું એમાં જે દુહો હતો તે જાણ્યા પછી યોગ્ય હોત તો લાખના બે લાખ આપત. બીરબલે ધીટ પણે ઉતર વાળ્યો કે, "જહાં પનાહ, એ સબબને લીધેજ હું મારા નસીબને રોઉ છું કની? જોતે દુહો બધો યાદ હોત તો અહિયા નહી તો બીજે કોઈ ઠેકાણે પણ એના દામ ઉપજતજ. પણ આતો મેં મારો લાખ રૂપીયાનો હીરો ગમાવ્યો! છક્કડ મારીને છીનવી લીધો! ઝવેરી ખરેખરો દગાબાજ મળ્યો! હવે જોગ નહિ લેઉં તો બીજું શું કરૂં? માટે મહારાજ રામ રામ તસદી માફ કરજો. એમ કહી જવાની તૈયારી કરે છે અને એટલામાં જાણે કાંઈ સાંભરી આવ્યું હોય તેમ બોલી ઉઠયો. કે તે છતાં મને તેનાં ત્રણ ચરણ તો યાદ છે. ત્યારે તો, અકબર પાદશાહે કહ્યું, કે એનું ચોથું ચરણ મારા કવિ મંડળમાંથી કોઈ પણ પુર્ણ કરી આપશે અને પછી અમે જા તારૂ

મનરંજન કરીશું. બોલ, તે ત્રણ ચરણ તો કહે. હસીને બીરબલે કહ્યું સરસ્વતિના શ્લોકનું પાદ પુરણ કરવાને કોણ સમર્થ છે? તે છતાં જોઇએ માનો પૂત એવો કોઈ તમારા દરબારમાં વસે છે, કેમકે ચોથું ચરણ હું ભૂલી ગયો છું તે છતાં કોઈ કહેશે ત્યારે તો મને યાદ આવશે ખરૂં. માટે લો, ભલે, તમારા કવિયોની ચતુરાઈ તો જોઉં, એના ત્રણ ચરણ આ પ્રમાણે છે.

अहोरात्र जागृत खडे, मम रक्षक महा शक्त; यौं कह सुखे सुवे सदा,—

અકબર બાદશાહનો સ્વભાવ આતુર હતો અને તેથી જે કામ કરવું ધારે તે કરવામાં ક્ષણનો પણ વિલંબ કરતો નહિ. એણે તુર્ત જાસુસો દોડાવ્યા અને કહાવ્યું કે આજ બપોરે કોઈ પરદેશી કવિની શમસ્યા પુરવાને મોટુ દરબાર મળનાર છે. બપોર થયા નથી એટલામાં પોતે ખાનું ખાઈ તૈયાર થયો; અને કચેરીમાં આવી જુએ છે તો લોકોથી તે ખીચોખીચ ભરાઈ ગઈ છે. મોટા મોટા **મુલ્લાઓ, મુનશીઓ, પંડીતો, કવિઓ, અમીરો કા-**

રભારીઓ, અને જેનાથી આવી શકાય તે સઘળા ત્યાં આવીને બેઠા હતા. આ જોઈ બાદશાહ પ્રસન્ન થયા. અને બોલ્યા કે– થોડા વખતમાં કચેરી સારી ભરાઈ. આ સાંભળી મુલ્લા ફૈઝીએ સાત સલામ મુગલાઈ અદબથી કરીને કહ્યું કે—

चलत चमक शमशेर शत, जलजा जड हो
जात; ऐसी जिस्की सैनइक, कहा बेनकी बात. १

ચાર પાંચ જે આગેવાનો ગણાતા હતા તેઓ માથુ નમાવી બોલી ઉઠચા કે–"ખૂબ, કહી જનાહપનાહ, સચ બાત હે." અને બાકીના બધા અર્થ સમજ્યા કે નહી તે શપષ્ટ પૂર્વક કહી શકાતું નથી. પણ તેઓએ પણ અમારો એજ મત છે એમ જણાવવા હસ્તુ મેં રાખી ખૂબ છટાથી ખૂન્નસ બજાવી. બીરબલ મનમાં ગભરાયો જ્યાં એક મુસલમાન જુવાન આવું ઉત્તમ કાવ્ય કરે છે ત્યાં બીજા કવિયો તે કેવા હશે. અને મારૂં તે અહીંયાં શું ચાલશે. તોપણ દરબારીગોમાં અવસ્યનો ગુણ જે ધીટ પણું તે એનામાં પુષ્કળ હતું. અને તેથી એનો અર્થ સમજાવીને પણ

આગળ પડવાના હેતુથી તે અદબની સાથે બોલ્યો કે આફ્રિન; ખૂબ મઝેની વાત કહી! જેની માત્ર એક નજરથી હજારો તરવારો ચમકીને ચાલવા લાગે છે અને (જો કૃપાની હોય તો) લક્ષ્મી ત્યાંજ સ્થિર થઈને વાસો વસે છે, તે પાદશાહના મોંમાંથી એક બોલ નીકળે અને તે પ્રમાણે તેના દરબારીઓ અમલ કરે એમાં શું આશ્ચર્ય?

ફૈઝીની કીર્તિ સાંભળી જગન્નાથ પંડીતને હમેશાં ક્રોધ ચડતો અને તેથી આ પ્રસંગે પણ બોલી ઉઠયા કે રસ કયાં છે. પાદશાહે જાણ્યું કે રસ કયા શબ્દોમાં છે એમ પૂછે છે તેથી તે શબ્દો બતાવવાનું ફરમાવ્યું. હવે, ફૈઝીએ ઉત્કૃષ્ટ કવિ તથા પંડિત હતો ખરો પણ કાવ્યનું શાસ્ત્ર સારી રીતે જાણુતો નહોતો, અને તેમાં કાંઈ નવાઈ નથી કેમકે સંસ્કૃત સિવાય કોઈ પણ ભાષામાં કાવ્ય શાસ્ત્ર સંપૂર્ણ નથી. એ સંસ્કૃત સારૂ ભણ્યો હતો, પણ જગન્નનાથ પંડિત આગળ ન્યાય કે કાવ્યમાં ટકાય નહિ, તેથી જાણ્યું કે હવે એ મને ચુંથશે અને તે કારણથી કાંઈક જ-

વાબ દેવાની તૈયારી કરે છે એટલામાં એના મો ઉપર ફિકાશ પથરાઈ ગઈ. આ જોઈ બીરબલ તુર્ત એની મદદે તૈયાર થયો કેમકે રાજાના માનીતાનો પક્ષ લેવો અને પોતાની હોશીઆરી બતાવવી એને તો એ રાજ દરબારનું આન્હિક સમજતો હતો. બીરબલે કહ્યું રજા હોય તો એનો જવાબ હુંજ દઉં. આ દુહામાં ચમત્કાર શો છે આપના હુકમથી લોઢા જેવા જડ અને કઠણ પદાર્થ ચાલે છે, અને લક્ષ્મી જેવી ચંચળ વસ્તુ સ્થિર થઈ જાય છે એમ કહ્યું. એ ઉપરથી આપનો હુકમ સર્વ માન્ય સ્થાપન કર્યો અને તેની સાથે આપના પ્રતાપ તથા ઔદાર્યનું વર્ણન પણ થયું. આ વ્યંગાર્થ ચલન અને જડ એ બે શબ્દ ઉપરથી સમજાય છે માટે એમાં વિશેષ રસ રહેલો છે એમ કહેવાય. બાકી એમાંના પદેપદ રસ મય અને સાભિપ્રાય છે.

અકબરની સભામાં સૈયદ જનુનુદ્દીન કરીને એક મોટા ઓલ્મા હતા. પણ નામ પ્રમાણે એનું ઝનુન એની દાઢીના જેટલુંજ લાંબું હતું. જેમ હાલ આપણામાં કેટલાકને ફારસી આરબી શબ્દો

સાથે વેર છે તેમ એને સંસ્કૃત શબ્દો સાથે હતું. અકબરે દરબારી ભાષા ઉર્દુ કરી હતી તેને માટે તે બહુજ નારાજી હતો, અને પોતે તો ફારસીજ ને વખતે આરબી પણ બોલતો. અકબરને વખતે કડવા બોલ સંભળાવનારો આખી સભામાં એજ હતો. પણ સારો વિદ્વાન જાણી તેનું એ માન રાખતો. તોપણ વખતે એની મશ્કરી થાય તો તે જોઈને સૌ રાજી થતા, અને તેનું વિશેષ કારણ એ કે એ મુલ્લાં પોતાને સૈયદ કહેવડાવતો હતો તોપણ ઘણાને એવો વહેમ હતો કે એ લાહોરના એક ખાટકીનો છોકરો હતો. આ તમામ હકીકત બીરબલને માલમ હતી. કેમકે દરબારમાં ગયા પેહેલાં તેના સઘળા અંદરખાનેના ગિલ્લાઓને તો રાજનીતિના એલફ બે જાણી એણે ખાસ અભ્યાસજ કર્યો હતો. અને તેથી સૈયદ ઝનુનુદ્દીને બોલવા માટે પોતાની ડહાપણ ભરેલી દાઢી ઉપર હાથ મુકયો કે બીરબલે હરખાઇને જાણાયું કે હવે મારી બટક બોલી જીભને કાંઈ ફટ લેવાનો વખત મળશે ખરો.—ઝનૂનુદ્દીને ચીડવાઇને કહ્યું કે "ફૈઝી જેવો આરબી ભાષાનો કામેલ

મોલવી કાફ્રોની જુબાનમાં સાહેરી કરે છે એ જોવુંજ કેવું ગુનાહ ભરેલું કામ છે? તેમાં વળી પેલી સેતાની સંસ્કૃતનું શું કામ છે? જલ! જા! એ બોલ લખવાની શી ફ્રરજ હતી? એ બોલોમાંજ ફૈક્રીની સાહેરી ઉપર બદ દૂવા ખુદાએ મૂકી છે! આ મિજલસમાના પણ કેટલા જણ એ બોલ સમજ્યા છે તે તો તપાસી જુઓ. આ સાંભળી ઘણા મિજલસીઓએ બેશક પોતાની નજર ફ્રેરવી નાખી અને બીજાનાં કે રખેને આપણનેજ પુછે. બીરબલે ટપ જવાબ આપ્યો કે— લક્ષ્મી ચપળ છે એ વાત જલ જા એટલે પાણીથી ઉત્પંન થએલી એમ કેહેવાથીજ બરાબર સમજાય છે. કેમકે સૈયદ સાહેબને આ કેહેવત તો યાદ હશે કે “ **સોબતે અસર અને તુખમે તાસીર** ” આ સાંભળી બધા ખડખડ હસી પડ્યા. કેમકે બીરબલે સૈયદ સાહેબની સૈયદીનું જડમૂળ પકડીનેજ ટાણો માર્યો હતો. પાદશાહ તો ખુબ પ્રસંન થયો પણ વિવેકથી હસવું થંભાવ્યું અને ચોપદાર તરફ્ર શાન કરી એટલે તેણે ગર્જના કરી કે “**અદબ.**”

આ ઉપરંગથી બધાના મુખ કમળ પ્રફુલ્લીત

થયાં. પણ જગન્નાથ પંડીત તો ધુમરાએલાજ બે-સી રહ્યા હતા. અને એની હમેશનીજ રતાશ પ-ડતી આંખમાં તેજનો લખલખાટ એવો ગતિમાન થઈ રહ્યો હતો કે—બધાએ જાણ્યું કે હમણાં કા-ઈ નવિનજ કલ્પના જન્મ પામે છે. પાદશાહે હ-સીને પૂછ્યું કે શું વિચાર કરોછો? મુલ્લાં ફૈઝી-ની સાહેરીથી સૈયદ સાહેબ તો નારાજી છે.? પણ પંડીતરાજ પ્રસન્ન થયા કે નહિં? જગન્નાથે જવાબ દીધો, અમે બ્રાહ્મણલોક ઉચ્છિષ્ઠ અન્નનો અંગીકા-રજ કરતા નથી. આ સાંભળી બધા આશ્ચર્ય પા-મ્યા મુલ્લાં ફૈઝીએ જે કવિતા શિઘ્ર અને પ્રસંગો-પાત બનાવી તે ઉચ્છિષ્ઠ શી રીતે થઈ? ત્યારે શૃ-ગારી જગન્નાથ પંડિત સ્વાભિમાનના હાસ્યની સાથે બોલ્યા, પાદશાહ, આ દૂહો મિયાં ફૈજીએ કોઈ દિ-વસ પોતાની બીબીને સારૂ બનાવ્યો જણાય છે અને તેનું ઉચ્ચિષ્ઠ આણીને આજ આપને ભેટ કરે છે. બધાએ જાણ્યું કે જગન્નાથે એનો અર્થ કાંઈ ચતુરાઈથી બીજો લગાવ્યો છે. અને તેથી પ્રસન્ન થઈ તે સાંભળવાને તલપવા લાગ્યા. એણે કહ્યું કે—એનો મૂળ અર્થ આ પ્રમાણે છે:-કહેછે

કે આ સ્ત્રીની એક કટાક્ષ એવી છે કે તેમાંથી હજારો ચકચકતી તલવારો નીકળે છે અને ચાલી જાય છે. એટલે ચો તરફ ઉભેલા સઘળાની કતલ કરી નાખે છે! એ કટાક્ષનું મનોહરત્વ જોતાંજ લક્ષ્મી જે રૂપનો ભંડાર છે તે પોતાને કદરૂપી સમજી જડ થઈનેજ ઉભી રેહે છે. એવી જેની એક કટાક્ષ છે તે જો બોલે તો પછી તેની ખૂબીજ શી? એ રીતે ફૈઝીમિયાની શ્રૃગાર વૃત્તિ ઉત્તરોત્તર ઉછળતી જાય છે. આ અર્થ સાંભળી બધી સભા છક થઈ ગઈ અને સર્વે જગન્નાથની અપૂર્વ બુદ્ધિના વખાણ કરવા લાગ્યા. પણ રસના વિષયમાં ફૈઝી કાંઇ ગભરાય એવો નહતો. એણે કહ્યું, પંડિત રાજ તમે મારા કવિતનો ગૂઢ શૃંગાર ભાવ પ્રગટ કર્યો તેને માટે હું તમારો એશાનમંદ થયો છું. તમને માલમ નહી હોય, પણ અમે મુસલમાન લોકો ખુદાને માશુકરૂપેજ ભજીએ છીએ. આ જવાબથી અકબર બાદશાહ ઘણોજ પ્રસંન થયો. કેમકે એમાંથી જગંનાથના પૂર્વ પક્ષનું ખંડન થયું અને તેની સાથે પોતાને ખુદાઈ ઉપમા મળી. તો પણ વિવેકને સારૂ જ-

ગન્નાથની શિઘ્ર કલ્પના બહુ વખાણી. અને બીરબલના સામુ જોઈ કહ્યું કે જોઇએ કોઈ એનો ત્રીજો અર્થ કરી શકે છે. બીરબલ ગભરાયો. પણ અગ્નિથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ જગન્નાથની શિઘ્રતા જોઈ એનામાં જે અસાધારણ શિઘ્ર શક્તિ હતી તે ઉશ્કેરાઈ તો રહીજ હતી અને પાદશાહની માગણી સાંભળતાં એકદમ કામે લાગી ગઈ. એક ક્ષણ આંખ મીચી કપાળ ઉપર હાથ મૂકી વિચાર કર્યો અને પછી બોલી ઉઠ્યો કે "પૃથ્વિના પાળનાર અને પંડિતોના કદરદાન પાદશાહે જગંન્નાથ કવિની પ્રશંશા કરી તે યથાર્થંજ છે, આ દૂહામાં પણ એમની બુદ્ધિનુંજ રૂપ વર્ણંવ્યું છે. એ કેવી છે—"**चलत चमक समशेर सत**" સત નામું સાચું, સાચુ નામ શાસ્ત્રી એવા જે કઠીણ વિષયો તેમાં તરવારની મ.ફક ચળકતી ચાલે છે. એટલે કોઈ પણ વિષયનું કાઠિન્ય એને નડતું નથી. પણ શું એ માત્ર કઠિણજ છે? કોમળતા, રસિકતા નથી? તો કેહે છે "**જલ જા જર હો**'**જાત**" એટલે સંધિ તોડતાં જલજં કહેતાં કમળ, અજર થઈ જાય છે. એ-

ટલે તેની કોમળતા કદી પણ જતી નથી. **ઐસી જીસકી સૈન એક** એવી જે બુદ્ધિરૂપી સરસ્વતિની એક નજર છે તે સરસ્વતી "**કહા ઐનકી બાત**" બૈન એટલે વિણા લઇને જ્યારે સંગીતજ કરવા બેસે ત્યારે તો તેની કોમળતા કેટલી જાણવી ?

શાબાશીના અવાજ ચારે તરફથી ઉડયા. પાદશાહ રાજી રાજી થઈ ગયો. અને જાણ્યું કે દરબારમાં ખરૂ રત્ન કોઈ આવ્યું છે. જગન્નાથ પંડિતે પોતેજ કબુલ કર્યું કે મારા કરતાં આ કલ્પના વધારે સારી છે. બધાએ જેયું કે બીરબલે જે અર્થ કર્યો તે જગંનાથની શાસ્ત્ર બુદ્ધિ અને કાવ્ય શક્તિને બરાબર લાગુ પડે છે. એ દિવસથીજ અકબરની એના ઉપર પ્રીતિ થઇ અને સભામાં ફૈઝીને જગન્નાથની હારેના બધા એને ગણવા લાગ્યા. તેજ વેળાએ તેને ભારે શિરપાવ આપવામાં આવ્યો. અને પોતાની પાસે જ્યારે મરજીમાં આવે ત્યારે આવવાની છૂટ આપી. આ આડા પ્રસંગમાંજ ઘણો વખત થઈ ગયો તેથી પાદશાહ સભામાંથી ઉભા થયા અને કહ્યું જે આ-

જ સાંજે સમશ્યા પૂર્તિનો વિચાર ચાલશે. એટલે રત્ન જડિત છડી વાળાઓએ નેકી પોકારી. બધાએ ઉભા થઈ જમીનને હાથ લગાવી સલામો કરી, ખમા ખમાના અવાજની સાથે પાદશાહ જનાનામાં પધાર્યા. અને સઘળા સભાસદો નવા કવિ બીરબલના ચાતુર્યની ઉલટ ભેર વાહવા બોલતા પોત પોતાને ઘેર ગયા.

દરબારમાંથી ઉઠી પાદશાહ જનાનખાનામાં જોધપુરવાળી બેગમના મોહોલ તરફ વળ્યા. વરધી પોહોચતાંજ રાણી ધાઈને સામી આવી; અને લળી લળી મીઠાં મીઠાં વચનો રૂપી મનોહર ફુલ વધાવતી પોતાના ઓરડામાં તેડી ગઈ. ઘણા સત્કારની સાથે. મખમલ જડેલા મિનાકારી સોનાના તખ્ત ઉપર બેસાડ્યા. દિવાલની વચમાં ઠેઠ ઉપરથી વાયુ આવવાની કરામત કરી હતી તે માર્ગે ફરફર પવન આવી રહ્યો છે. દિવાનખાનાના મધ્ય ભાગે ફુવારો ફુટી રહ્યો છે. તેમાંથી ગુલાબ જળના બુંદો આખા ઓરડાને શિતળ તથા સુગંધીમાન કરે છે. સુખડના સ્થંભો ઉપર પાણી પડવાથી તે અજબ રીતે બહેક બહેક થઈ રહ્યા

છે. મેના પોપટ વિગેરે પાળેલાં પક્ષીઓની કલ્લો-
લથી કલરવ થઈ રહયો છે. આઘેથી કોમળ સં-
ગીતની ધ્વની મંદ મંદ આવે છે અને મોરનુ સું-
દર એક જોડું પાદશાહના તખ્તની સામાજ આ-
વીને કળા કરી થન થન નાચી રહ્યું છે. વગેરે
અનેક સુખ સામગ્રિઓ વડે પ્રેમ પૂર્વક સત્કાર
થવાથી પાદશાહને તે દિવસ ખરા ઉન્હાળાના હ-
તા. તો પણ ચોમાસાના જેવા લાગ્યા. ચંદ્ર જેવા
મૂખવાળી દશ દશ દાસીઓ દરેક બાજુ ઉપર કું-
ડાળેવળી છેટેથી વાયુ ઢોળવા લાગી. અને રાણી હા-
થમાં રત્ન જડીત એક નાનો વીજણો લઈને ત-
ખ્તને ડાબે પગથીએ બેઠી. રાણીના એક ઈસારા-
ની સાથે સોનાના થાળમાં સ્ફટિકના ખૂમચાઓ
પાદશાહની સામે આરસના મેચ ઉપર રજુ થયા.
તેમાં દેશ દેશના ન્યાલત રેવાઓ, ભાત ભાતની
મિઠાઈ અને બીલોરી કાચની સીસીઓમાં રંગ બે
રંગી, ઘણાજ ખુશબોદાર અને બર્ફના જેવા ઠં-
ડા શર્બતો ભર્યા હતા. રાણી પોતાના કોમળ હા-
થ વડે તેમાંથી લઈ લઈને આગળ ધરે. તથા લી-
લા પાનાની નાની નાની ચલાણીઓમાં એક એક

જાતના શર્બતો ભરી "**મારા સમ જરા આતો ચાખો**" એમ આગ્રહ કરી રાજાને મોહ પમાડી જાય આ સરભરાથી બાદશાહ ઘણોજ પ્રસંન થઈ બોલ્યો. હે પ્રિયે, જેવો આજે દરબારમાં વિદ્યાનંદ જામી રહયો હતો, તેવોજ તારા મેહેલમાં તેં વિષયાનંદ જમાવી મૂકયો છે. એમ બોલી સભાની સઘળી હકીકત કહી. બીરબલની ચતુરાઈના બહુ વખાણ કર્યા, અને રાણીને કહ્યું, તું પણ કાવ્ય કળાની વિનોદી છે. તેથી જો! તારાથી એ સમસ્યા પૂર્ણ થાય છે? રાણીએ તે સમસ્યા સાંભળી હસીને કહ્યું કે મહારાજની ઈચ્છા છે તો હું પણ મારી શક્તિ પ્રમાણે પાદ પૂરણ કરીશ. પણ એક બે ઘડી થઈ મેં આપણા બાળ શાહજાદાને સંભાળ્યો નથી તેથી ત્યાં જો આપ પણ પધારશો તો બાળલીલા જોઈને બેશક આનંદ થયા વિના રહેશે નહિ. એ માત્ર છ માસનું બાળકજ હતું અને તેના ઉપર પાદશાહની ઘણીજ પ્રીતિ હતી. તેથી તેઓ બંને ત્યાં ખૂશીથી ગયાં. જઈને જુએ છે તો તે પારણામાં લાંબા હાથ કરી ભર ઉંઘમાં પડયો છે, અને તેનું હસ્તું મોં પુનેમના ચંદ્ર જે-

વું ખીલી રહ્યું છે. પુત્ર પ્રેમથી બંનેએ તેના મોં તરફ કેટલીકવાર જોયાં કર્યું. થોડી વારમાં વાદળું આવતું હોય તેમ તેની ભમર સંકોડાઈ, તેણે પાસું ફેરવ્યું; અને જરા ઉંકારો મોં બહાર નીકળ્યોજ નથી એટલામાં તો રાણીએ ટપ પાદશાહની સોડમાંથી ખસી તે આશ્વાસના કરી, પયપાન કરાવ્યું; અને તેનું મુખ કમળ પાછું પ્રફુલીત થયું. પાદશાહ પાએક કલાક ત્યાં ઉભા રહ્યા. તેવામાં તેણે જોયુકે રાણીએ કરોડ વાર તે બાળકની સંભાળ લીધી, અને તે તો મારી સંભાળ લેનાર સદાકાળ હાજરજ છે એવા દૃઢ વિશ્વાસથી નિશ્ચંતપણે ઉંઘયાજ કરતો હતો. તેથી તેણે રસમય કંઠે કહ્યું કે—ખરે જગતમાં માનો બાળક ઉપર પ્રેમ, અને બાળકનો મા ઉપર દૃઢ વિશ્વાસ એ બંને અપૂર્વ વસ્તુ છે. રાણીએ કહ્યું, કે મહારાજ બીરબલની શમસ્યા પૂર્તિ હવે આપના આગળ શાક્ષાત્કાર થઈ? એમ કહી નીચે પ્રમાણે તે દુહો પૂરો કરીને બોલી.

**અહો રાત્ર જાગૃત ખડે, મમ રક્ષક મહા શક્ત;**
**યૈં કહુ સૂખે સુવે સદા, બાળક માતા સક્ત. ૧**

એશક બાળક જે માની પ્રીતિમાં આસક્ત છે તે હ-
મેશાં એમજ જાણે છે કે રાત દહાડો મારી સં-
ભાળમાં એ જાગૃતજ છે. વળી મારી મા મહા
શક્તિમાન છે, એમજ તે સમજે છે. એને જે દુઃખ
થાય તેમાંથી ટળે એવું હોય કે નહીં તો પણ બા-
ળકતો એમજ જાણે છે કે મારી મા તે દૂર ક-
રશે. એવા દૃઢ વિશ્વાસથી તે નિરાંતે સદા સુખ-
માં સુએ છે. એતો આપે પ્રત્યક્ષ જોયું અને તે-
થી મારી અબળા બુદ્ધિ પ્રમાણે તો એ શમસ્યા
આ રીતે પૂરાઈ.

અકબર તો સમસ્યા પૂર્તિ તથા તે સાક્ષા-
ત્કાર કરવાની રાણીની ચતુરાઈ જોઇને ખૂશજ
થઈ ગયો એ હર્ષથી બોલી ઉઠયો કે, ધન્ય છે
રાણી તારી રસિકતાને? તમે રજપૂતાણીઓ તમારી
ચતુરાઈને માટે વખણાઓ છો; એમાં કાંઇ આશ્ચર્ય
નથી. મને નિશ્ચય છે કે મારી સભામાંનો કોઈ
પણ પંડીત આવી રસ ભરી રીતે સમશ્યા પૂ-
ર્તિ કરવાનો નથી. મને લાગે છે કે સરસ્વતિનું
ચરણ એજ હશે, અને કદાપી નહિ હોય તો હુ
કહું છું કે સરસ્વતી કરતાં પણ રસવતી ચડે.

પાદશાહને આ શમસ્યા પૂર્તિ એવી મન માનતી લાગી કે હવે સભાવાળાઓ એથી શું વધારે કહી શકશે તે જાણવાની જીજ્ઞાસા એના મનમાં પળે પળ કુદકારા મારવા લાગી; અને તેથી તેણે સાંજનું દરબાર રોજ કરતાં વેહેલુંજ ભર્યું. દરબારમાં આવતાંજ પોતે બીજી કાંઈ વાત ન કાઢતાં પેલી શમસ્યા આગળ કરી, અને કહ્યું કે જોઉં હવે એ કોણ પૂરી કરે છે. યાદ રાખજો કે, એ સરસ્વતી કૃત છે. અને તેથી તમે જો આળસમાં રહેશો તો તમારી અને આ સભાની શોભા રહેનાર નથી.

હવે, અકબરની આ સભામાં જે જે લોકો આવતા હતા તે સઘળા થોડા ઘણા તો વિદ્વાન્ હતાજ. એના દરબારમાં છાલકામાં છાલકા મીજલસીઆઓ પણ કાંઈ કવન કરવાની તો શક્તિ ધરાવતાજ હતા. અક્ષર શત્રુની તો અકબરના દરબાર તરફ ડોકીયું કરવાની પણ હિંમત ચાલતી નહિ. તેથી આ શમસ્યા સાંભળી સૌ પોતપોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. અને સૌએ પોતપોતાની શક્તિ પ્રમાણે કોઈ રીતે ચોથું ચરણ

તૈયાર તો કર્યું. પણ અકબરે એના ઉપર આટલો બધો ભાર મુકયો હતો તેથી સઘળા રખેને આ-પણું ખોટું પડે એમ જાણી બોલવાને અચકાતા હતા. પરંતુ એ સભામાં મિયાં લબ કરીને એક બહુ બોલો, પતરાજી, અને ખુશામતીઓ અમિર બચ્ચો હતો. તે તુર્ત બોલી ઉઠયો, કે જનાહપનાહ એમાં શો ભાર છે? આપનો પ્રતાપ એવો છે કે સરસ્વતી તો શું પણ તેના બાપનીએ શમસ્યા મારા જેવો એક નાદાન અને કમ અકલ માણસ સાંભળતાની સાથે પૂરવાની તાગાદ ધરાવે છે. લો, એનું ચોથું ચરણ હુંજ કહું, "**અકબરશાહ અબજક્ત**." હમણા બેશક આખું જક્ત નિરાંતે ઉંઘે છે કેમકે આપ જેવા મહા શક્તિમાન અને જાગૃત પાદશાહ તેમને માથે હાલ બિરાજે છે. બોલ બીરબલ, તારૂં ચોથું ચરણ આ કે બીજું? મારૂં ચરણ નહિ લાગુ પડતું હોય તો તેનો સબબ બતાવો. શું એ પ્રમાણે અકબરસાહનો પ્રતાપ નથી?

અકબ્બર બાદશાહને આ ખુશામતીઉં ચરણ બિલકુલ પસંદ પડયું નહોતું. કેમકે એના મનમાં તો જોધપુર વાળી બેગમનો રસમય અર્થજ રમ્યા

કરતો હતો. તોપણ મિયાં લબ્બેની તજવીજ જોઈને એના મનમાં હસું આવ્યું. એ ખંધા મિજલસીએ એવો પેચ નાંખ્યો હતો કે એનું કેહેવું બધાએ માન્યજ કરવું પડે પાદશાહનો એવો પ્રતાપ નથી એમ કોની તાકાદ હતી કે કહે? તેથી બાદશાહે સભાનો ગભરાટ જોઈ રમુજને સારૂ કહ્યું કે બોલ બીરબલ, આ તારૂં ચરણ હોય કે નહિ તારી શારદાપણ મિયાં લબ્બેની પેઠે મારી તારી કરવામાંજ હોંશિયાર હોય એમ જણાય છે. "**આપકી ખુબી ઐસી હે!**" એમ પેલા ધીટ ખુશામતીઆએ ઉપલા મર્મ વચનથી જરા પણ ખંચાયા વિના લાગલોજ ઉથલો વાળ્યો. બીરબલે જોયું કે મિયાં એ તો મોકાણ માંડી? પાદશાહનાં પ્રતાપની ના કેમ કહેવાય? અને તે વિના એ અર્થ કેમ રદ કરવો તે સુઝે નહિ. તોપણ એણે ધીરજથી જવાબ દીધો કે, મહારાજ શારદા કૃત ચરણ તો એ ન હોય. એ અહિંયા લાગે છે કે નહિં તે જ્યાં આપ જેવા કદર દાન પાદશાહ અને જગન્નાથ જેવા પંડીત બીરાજ્યા છે ત્યાં મારે બોલવું, એ

મોટી બે અદબી કહેવાય. એમ કહી જગન્નાથ તર્ફે નજર કરી જાણે એમ કેહેતો હોય કે હવે તો મહારાજ તમે રંગ રાખો તો રહે. જગન્નાથ પંડિતને હમેશા તો સભામાં ખંડન વાક્ય સિવાય બીજું બોલવાનીજ બાધા હતી. પણ આ વેળા બીરબલને રક્ષણે આવ્યા ખરા. એનું કારણ એ હતું કે એક તો બપોરે એણે સભામાં પોતાની પ્રશંસા કરી હતી. તેથી ખૂશ થયા હતા. અને બીજું ત્યાંથી ઉઠ્યા પછી ચક્ર વક્રને પ્રથમ પુજવાનો વિધિ. બરાબર પાળનાર જે બીરબલ, તે જગન્નાથ પંડિત તથા મુલ્લાં ફૈઝીને ઘેર જઇને એવો તો નરમાસથી મશકો લગાડી આવ્યો હતો, કે તેઓએ ખરા દિલથી એને સહાય થવાનું કબુલ કર્યું હતું. વળી અભિમાની પુરૂશોને માથુ નમાવીએ, તો તેઓ પોતાનું માથું આપતાં પણ આંચકો ખાય નહિં. તેથી બીરબલની આ દીનતા જોઈ ફક્કડ જગન્નાથે પોતાના કાન ફફડાવ્યા અને કહ્યું કે "પાદશાહ, બીરબલ ખરૂ કહે છે. આવું છેક અર્થ રહીતજ જે બોલે તેના દોશ બતાવવા એમાંજ શરમ છે." આ સાંભળી બધા ચમક્યા.

શું એ એમ કહેવાની તાકાદ ધરાવે છે કે પાદ-
શાહનો એવો પ્રતાપ નથી. મિયાં લબ્બે તો
છલકાઈને પૂછવા લાગ્યા કે ત્યારે મારો અર્થ શો
ખોટો છે તે કહો એણે જવાબ વાળ્યો. "મિયાં,
પાદશાહની રજા હોય તો તૈયાર છું." પાદશાહે
કહ્યું, રજા છે. જગન્નાથ પંડિત બોલ્યા. "પૃથ્વિ
પતે, મિયાં લબ્બે શું કહેવાના હતા. પણ ત્રણ
ભુવનના લોક જાણે છે કે આપના અપૂર્વ પ્રતા-
પના બળે આપની પ્રજા સુખી છે અને હમેશાં
નિરાંતે ઉંઘે છે. પણ અફસોસ! એ અર્થ આ
દુહાની સાથે લાગતોજ નથી. જો એને પ્રજાની
ઉક્તિ ગણીએ, તો મમરક્ષક ને બદલે હમ રક્ષક
કહેવું જોઈએ. આનો ઉત્તર વાળવાનો વિચાર તો
કર્યો પણ મિયાં લબ્બેના બોલ મોંમાંજ પાછા
ગેબ થઈ ગયા. કેમકે એણે ધાર્યું હતું કે એ પા-
દશાહનો પ્રતાપ ના પાડશે. પણ જગન્નાથે તો વ્યા-
કરણ દોશથીજ એનું ચરણ ઉડાવી દીધું. બીર-
બલે હસીને કહ્યું—"મિયા લબ્બે, પંડિત રાજે
તો આપકા ચરનસેં મૂલહિ કાટકે ઉડા દીયા."
એણે જવાબ આપ્યો.—"બનચર, તેરે ચાર ચ-

રતિ એહિ મુબારક હો. આદમી કાં તો દોહિ બસ હે.'' સચ બાત, મેરે પ્યારે, લૈકીન, હે તિન ચરનવાળે, તું તો નહિ આદમી ઔર હેવાન કિસમેં રહા! ઈસ્કા કરના કહા?"

આટલી જરા ટપાટપી થઈ રહ્યા પછી પાદશાહે માનસિંગના સામું જોઈ કહ્યું, રાજા સાહેબ, આપ એ શમસ્યા શી રીતે પૂરો છો. રાજા માનસિંગે તો સલામ કરી નમ્રતાથી આટલુંજ કહ્યું.

**"બાદશાહ બડ બખ્ત."**

આ સાંભળી કેટલાકે તો એમ ધાર્યું કે "હે મહા ભાગ્યવાન પાદશાહ એમ કહી રાજા અકબરશાહ સાથે કાંઈ બોલવા જાય છે, પણ જ્યારે એટલું બોલી તે ચૂપ રહ્યા ત્યારે બધાએ જાણ્યું કે એતો શમસ્યાનું ચોથું મરણ થયું. એનો અર્થ બધાએ એ પ્રમાણે કર્યો:—મારા સુભટ સરદારો મહા બળવાન અને મારી રક્ષા કરવામાં રાત્ર દિવસ જાગૃત ઉભા છે એમ જાણી નસીબવાળા રાજાઓ સદા નિરાંતે સૂએ છે. પણ આત્મબળ ઉપર આધાર રાખનારા સૂરા અકબરને આ અર્થ કેમ રૂચે? એણે કહ્યું, રાજાસાહેબ આપના જેવા

સરદારોની તો એમાં ખૂબી છે. પણ પાદશાહોને માટે એ કાંઈ સારી રાજનિતિ કેહેવાય નહિ. એમ કહી અબુ ફજલના સામું જોયું કે તુર્ત તે ચતુર કારભારી બોલ્યો, બંદે નવાજ, હાલ ડાલનો ફરતો મોટા મોટા મુનસી પણ ગણતા નથી. માટે આપે પણ નજ ગણવો જોઈએ. એમ કહી એણે રાજા માનસિંગના ચરણનો અર્થ આ નીચે પ્રમાણે ઉથલાવી નાખ્યો. "**બાદશાહ બદ બખ્ત**"

અબુલફઝલના આ શબ્દ ચાતુર્યથી પાદશાહ વગેરે સઘળાનાં મન પ્રસન્ન થયાં, પણ રાજા માનસિંગને તો બહુજ માઠું લાગ્યું. એ રાજા કોઈ હાલના જેવો અફીણી કે ગંડુ ન હતો, તે ખબરદાર, વિચારવંત, થોડા બોલો, અને જે બોલે તે પ્રતીપાદન કરી શકે એવો હતો. તેથી આ પ્રમાણે પોતાના બોલનું ખંડન થવાથી તેને ગુસ્સો લાગ્યો અને બોલી ઉઠયો કે મારી સમશ્યા પૂર્તિમાં ઉત્તમ રાજનીતિ રહેલી છે. અને જો તે આં સભામાં કોઈથી નહિ સમજાતી હોય તો તે સમજાવવા તૈયાર છું. અકબરે જોયું કે માનસિંગને ખોટું લાગ્યું અને તેથી કહ્યું કે રા-

જાસાહેબને તસ્દી લેવી પડે એતો ઠીક નહિ. આ સભામાં કોઈ એમના વાક્યનો ગૂઢાર્થ સમજાવો. બધા એક બીજાના મોં તરફ જોવા લાગ્યા. પાદશાહે જગન્નાથ પંડિત ભણી નજર કરી એટલામાં બીરબલે હિંમતથી બોલવું શરૂ કર્યું. "સાહેબ, એ દુહાનો પ્રસંગ સમજ્યા વિના એની ખુબી નહિ સમજાય, આપના જેવા એક પ્રતાપી પાદશાહ વિક્રમાજિત એક સમે નગર ચર્ચા જોવા નીકળ્યા. અંધાર પિછોડી ઓઢી શયન ગ્રહમાંથી નીકળે છે. તેવાજ બારણા આગળના રખવાળોએ "કોણ એ" કરી ગર્જના કરી તેમજ મહેલની આસપાસ સો સો સુભટો હાથમાં નાગી તરવારો લઈને પેહેરો ફરતા હતા. તે પણ તેવાજ જાગૃત માલમ પડ્યા. તેથી પોતે અદ્રશ્ય થઈને નગર ચર્ચાએ ચાલ્યા. જ્યાં જુએ ત્યાં ચોકીદારો ખડાને ખડા. બારે દરવાજે ફરી વળ્યા પણ કોઈ રખવાળને ઉંઘતો કે બેઠેલો જોયો નહિ. તેથી તેમણે પ્રસન્ન થઈ બારમા દરવાજા આગળ પહોંચતાં આ પ્રમાણે કહ્યું. **અહો રાત્ર જાગૃત ખડે, મમ રક્ષક મહા શક્ત;** શબ્દ

સાંભળતાંજ ત્યાંના ચોકીદારો તે શબ્દને અનુસારે તેના ઉપર વાઘની પેઠે કૂદી પડયા, અને કાંડુ ઝાલી બંધન કરવાની તૈયારી કરવા લાગ્યા, હું પાદશાહ છું એમ સુચવવાને માટે ઉપલી લીટી પોતે ફરીથી બોલ્યા, ચોકીદાર સમજ્યા તો ખરા પણ સ્પષ્ટ બોલાવવાને સારૂ તેણે જવાબ આપ્યો કે.

**યાં કહુ સુખે સુવે સદા, બાદશાહ બડ બંધ.**

મતલબ અમારો પાદશાહ એમ સમજે છે તેથી તો તે નિરાંતે આ સમે સૂતો હશે. અને તમે તો કોઈ ચોરજ છો. અમારા પાદશાહને પોતાના સરદારોનો આટલો અણ વિશ્વાસ ન હોય એમ વ્યંજના કરી પોતાની જાગૃતી બતાવી. વિક્રમરાજા ખુશ થઇ ગયા અને તેને સભામાં બોલાવી સવારે ઘણો શિરપાવ આપ્યો. માટે મહારાજ, બીરબલે કહ્યું કે, આ રીતે પ્રસંગ સમજતાં આ દૂહામાં રાજનિતીનો કાંઈ કાંઈ દોષ આવતો નથી. એમાં સરદારોની ભક્તિ તથા પાદશાહની કદર દારીજ વર્ણવી છે. પાદશાહે કહ્યું, શાબાસ? રાજા સાહેબ તમારૂ બોલવું બહુ ગૂઢ છે. ઘણાને તો બીરબલ જેવાની સાહેતા વિ-

ના ભાગ્યેજ સમજાય. વારૂ, હવે કોઈ બીજાને આ સમસ્યા પુરવાનું મન છે? એ ઉપરથી વિશ્નુસ્વામી કરીને એક ગોસાંઈ ત્યા બેઠો હતો તેણે કહ્યું—"**આસ્થા રૂઢ હરિ ભક્ત**" 'હરિ'નું નામ સાંભળી પેલા જનુનુદ્દીન મુલ્લાં ચીડવાયા. કોઈ ભલા મુસલમાને કહ્યું કે હરિ કહો કે રામ કહો, પણ અર્થ તો અલ્લાજ થાય છે. વસ્તુ એક છે તો નામને માટે શું કામ લડવું જોઈએ. આ સાંભળતાંજ મુલ્લાજી હાથથી ગયા.

"**મુઝી**—ઈ! તૂં કયા સમજતાહૈ? દીનમે વસ્તુ હૈકિ કીધર?" નામકીહિ સબ તકરાર હે "આ બોલવાથી જનુનં દીનમાંજનુન સિવાય ખરા દીનની કાંઈ સમજ નહોતી એ સાફ ગણાઈ ગયું અને તેથી ઘણા લોકો કાંઈક કંટાળાની સાથે હસી એને તુચ્છ ગણવા લાગ્યા. પણ એના મનમાં તો એ મહા ડહાપણની વાત હતી. અને દીનને નામે બાદશાહનું અપમાન કરવું તેને તો એ ગાઝીપણુ સમજતો હતો. તેથી બોલ્યો, "પાદશાહ, તું મુસલમીન હૈકિ કાફિર? અપસોસ, મેં સબ મેરેજૈફ ચસ્મોસે કયા દેખતા હૈ" બીરબલે ધીમે રહીને

જાણે જવાબ દેતો હોય તેમ કહ્યું કે **કુચ નહિ દેખતે હો'** અલ્લાકો નહિતો ફિર દુસરા ક્યા દેખોગે "? બીરબલનું આ હુંસકુ સાંભળીને તથા મુલ્લા ચશ્મા ચડાવેલી આંખે ડોળથી આસપાસ રોહોલું રોહોલું જોતા હતા તે જોઈને સભામાં ચોપદારથી તે બાદશાહ સુધી સર્વેને ખડખડ હસવું આવ્યું.

એવામાં રાજા તોડરમલ્લ સભામાં આવી પોચ્યા એ હિંદુ દિવાન બીજા સભાસદોના જેવોજ ચતુર અને વિદ્વાન હતો પણ પોતાના મહેનત ભરેલા જમાબંદીના કામમાં એટલો બધો ગુંથાએલો રહેતો હતો કે એને આવી વિદ્યા વિનોદની મંડળીઓમાં આવવાનો ક્વચિતજ અવકાશ મળતો હતો. તેથી બાદશાહે એને વિશેષ આવકાર દીધો અને અત્સાર સુધી જેટલી શમસ્યા પૂર્તિ થઈ હતી તે કહી સભળાવીને પૂછ્યું કે રાજા, તમે શું કહો છો. તોડરમલ્લે પ્રથમતો પોતાની દીનતા બતાવી આના કાનીજ કર્યા કીધી પણ એમ કરતાં જ્યારે વિચારનો પૂરતો વખત મળી રહ્યો ત્યારે નીચે પ્રમાણે ચોથું ચરણ ઉભું કર્યું.

## બાલક, ભુપ, સુભક્ત.

અકબરે હસીને કહ્યું કે, દિવાન સાહેબ વિના સર્વાળો બાંધી આપે? રાજા તોડરમલ્લ, તેં ખુબ કરી! સઘળાની વાત તારામાં આવી ગઈ, અને કોઈની તકરાર રહી નહિ. જોઈએ હવે બીરબલ શું કહે છે. બોલ, તારૂં શારદાકૃત ચરણ શું છે?

બીરબલે નમ્રતાથી ઘણી ઘણી ખુશામદ બજાવી ઉત્તર આપ્યો કે જનાહ પનાહ, જ્યાં આવા આવા વિદ્વાનો ભેળા થયા છે ત્યાં તેમના તેજેથી શારદાદેવી અહોનિશ હાજરજ હોય છે અને તેથી ત્યાં જે નિર્ણય થાય તે કેમ ખોટો હોય? તથાપિ મારૂ ચરણ કાંઈક એથી જૂદું છે. પણ ઝાઝો ફેર નથી. રાજા તોડરમલ્લ સાહેબ "બાલક" કહે છે તેને ઠેકાણે મારા પાઠમાં બાલકું છે. બાદશાહે પુછ્યું એ બે શબ્દોના અર્થમાં કાંઈ ભેદ છે. તોડરમલ્લે જવાબ આપ્યો, નાજી પણ બાલકુ એ જૂનું અને કાંઈક વધારે રસિકરૂપ છે તેથી મારા કરતાં એ શમસ્યા પૂર્તિ સારી છે. એમ હું કબુલ કરૂં છું.

બીરબલે રાજા તોડરમલ્લને સલામ કરી કહ્યું,

આપ લાયક આદમી છો એટલે વિવેક કરો એમાં કાંઈ નવાઈ નથી. પછી બાદશાહ તર્ફ નજર કરી બોલ્યો કે, પૃથ્વીપતિ રાજા સાહેબની શમસ્યા પૂર્તિ યથાર્થ છે. મારા અને એમના શબ્દાર્થમાં કાંઈ ભેદ નથી. પણ મારો શારદાકૃત દુહો છે. તેથી વિચારીને જોશો તો કાંઈ બીજી પણ ચમત્કૃતિ નીકળી આવશે. બાદશાહે યો તર્ફ જોયું કે કોઈ બીજી ચમત્કૃતિ એમાંથી કાઢી આપે છે, મિયાં ફૈઝીએ કહ્યું, હાજી આ દુહાની ખૂબી એ છે કે રાજા માનસિંગ અને મુલ્લાં અબુફઝલની શમસ્યા પૂર્તિમાં જે વિરૂદ્ધતાઓ આપી હતી તે બંનેનો સમાવેશ એમાં થઈ જાય છે. જો,

**બાલ, કુભૂપ, સુભક્ત,**

એમ શબ્દ તોડીને વાંચીએ તો જૂદો અર્થ નીકળે અને નહિ તોસાધારણ રાજા લોકોને પસંદ પડતોજ અર્થ દેખાય.

**બાલકુ, ભૂપ, સૂભક્ત.**

બાદશાહ આ શાંભળી ઘણો પ્રસન્ન થયો અને સર્વેના વખાણ કરવા લાગ્યો. એણે કહ્યું કે મારી સભામાં આવા રત્નો પરમેશ્વરે આપ્યાં છે. તેથી

હું તેનો ઉપકાર માનુ છું. વારૂ પંડિતરાજ, તમે કાવ્ય શાસ્ત્રી છો, તેથી નિર્ણય કેરા કે આ સઘળા ચરણોમાં સૌથી સારૂ કોને ગણવું. મારી નજરમાં તો એ સઘળાં સારાં લાગે છે. જગન્નાથ પંડિતે ધીમેથી ઉત્તર આપ્યો કે બધાંએ ચરણ રસિક છે ખરાં તો પણ કવિ કૃતતો બીરબલનુંજ કહેવાય. ફૈઝીએ પૂર્વપક્ષ કર્યો કે રસ છે તો કવિતા અને કવિતા કહી તો પછી તે કવિકૃતિ થઈજ ચૂકી. જગન્નાથે હસીને કહ્યું. મિયાં ફૈઝી આજે તમે સંક્ષેપમાં વાદ ઠીક ગોઠવ્યો છે. **વાકયં રસાત્મકં કાવ્યં**. એ આધાર ઉપર તમે કુદતા હશો પણ રસ શબ્દનો અર્થ તમે સાધારણ લોકની પેઠે સમજો છો તેવો નથી. અથવા રસનો અર્થ તેમજ તમારે કરવો હોય, તો હું કહું છું કે કાવ્યમાં રસ કરતાં પણ કાંઈ બીજી વસ્તુની જરૂર છે.

આ સાંભળી બધા પંડિત રાજના સામું જોવા લાગ્યા એમાં કોઈને કાંઈ સમજાયું નહિ. અને ખુલાસો માગવાની હિમત ચાલે નહિ. ત્યારે પાદશાહે કહ્યું કે તમારૂં બોલવું ઘણું ગુઢ છે. તેથી મને વિસ્તારથી સમજાવો. "**ઠીક સાહેબ**"

એમ કહી જગન્નાથે આ પ્રમાણે ખુલાસો કર્યો. હર્ષશોકાદિ નાના પ્રકારના મનો વિકારને સાધારણ રીતે રસ કહે છે. જો એવો રસ જે વાક્યમાં હોય તેને કવિતા કહિએ, તો બહુ વિપરિત થશે. પ્રાણી માત્રમાં મનો વિકાર છે અને તેથી વિકારી સ્થિતિમાં તે જે બોલે તેને કવિતા કહેવી પડશે. કૂતરૂં ચીડવાઈને ભસવા લાગે તો તે વીરરસ કહેવાય અને કોઈ પોતાના બાપની પછાડી પોકશ્રાદ્ધ કરતો હશે તે કરૂણા રસની કવિતા કરે છે એમ કહેવું પડશે. પ્રિય મરણના શોકથી એ જે વિલાપ કરતો હશે તેમાં કરૂણારસ કદાપી હશે ખરો પણ એ કરૂણા રસની કવિતા કરે છે એમતો નહિજ કહેવાય. એમ હોય તો પ્રાણી માત્ર સુખ દુ:ખને સમે કવિ છે અને કવિમાં કાંઈ વિશેષ રહેતું નથી. અર્થાત પોતાનાજ અનુભવની વાત કથનારો ગમે એવું રસમય બોલે તો પણ તે કવિ છે એમ નહિ કહેવાય જો તેની વાણીમાં રસ છે, તો તે રસિક માત્ર છે એટલુંજ સિદ્ધ થાય છે. કવિ તો તેજ કે પોતાના અનુભવ બહારની કથા વર્ણન કરતાં પણ તદ્રુપ રસને દર્શાવી શકે.

આ શમસ્યા પૂર્તિ જે જે લોકોએ કરી છે તેનો નિત્યાનુભવ વિચારી જોશો તો આ મારૂં કહેવું વધારે સમજાશે. વળી બાળકની લીલા અવલોકવી અને તેથી પ્રીતિમાં મસ્ત રેહેવું એ માતાનો ધર્મજ છે. તે પ્રમાણે રાણી સાહેબે વત્સરસ મૂકીને આ દૂહો પૂરો કર્યો એમાં કાંઈ આશ્ચર્ય નથી. તેમજ રાજા માનસિંહ જેવા શૂરા સરદાર પાદશાહના સંરક્ષણ પછાડી મંડી રહ્યા છે તેને એમ લાગે કે અમે છઈએ ત્યાં બાદશાહને કાંઈ પણ ફિકર રાખવાની જરૂર નથી એ સ્વાભાવિક અને નિત્યનુંજ કર્મ છે. અબુફજલ જેવા દિવાન જેનું કામ હમેશાં સારી મસલત આપવાનું છે તેને એમજ લાગે કે ગમે એવા સરદાર હોય પણ તેની ઉપર ભરોસો રાખી બેશી રેહેતો તે "**બાદશાહ બડબખ**" જ જાણવો. વિષ્ણું સ્વામી ભક્ત છે એટલે એમને પરમેશ્વર ઉપર અચળ આસ્થા રાખવાનુંજ સૂઝયું. એ પ્રમાણે એ સર્વે જણે તો પોતપોતાના નિત્ય વ્યવહારનીજ વાત કહી. એમાં કાંઈ કવિતા કરી એમ કહેવાય નહિ. તોડરમલ્લ રાજા બડા હિસાબી છે

એટલે આ બધાની વાત સાંભળી માત્ર તેનો સ-
ર્વાળોજ કરી આપ્યો. પણ બીરબલ જેને એમાં-
નો એકે અનુભવ નહિ તેણે એ બધાનો અનુભવ
રસમય વાણીમાં છટાથી દર્શાવ્યો. માટે એનીજ
વાણી શારદા પ્રેરિત એવો મારો તો અભિપ્રાય છે.

બાદશાહે રાજી થઈ બીરબલને **"કવિરાય"**
નું પદ આપ્યું, અને તે દિવસથી એને એજ
નામે બોલાવવા લાગ્યો.

## બીરબલ તથા બાદશાહ વચ્ચેના રમુજી કીસાઓ.

બીરબલ અકબર બાદશાહની કચેરીમાં જઈ
સર્વનું મનરંજન કરતો હતો ખરો પરંતુ તેની
ખરી ખુબી હજી બાહાર પ્રગટ થઈ નહોતી. એક
દીવસ રમજાન મહીનામાં બાદશાહી મેહેલમાં આ-
નંદ ઓછવ થઈ રહ્યો હતો. દસ્તુર મુજબ બાદ-
શાહે કચેરી ભરી નાચ રંગ કવીઓની ચાતુરી
વીગેરે સાંભળી પોતે ઘણોજ પ્રસન્ન થયો. રાજા
રાજવાડાઓનાં નજરાણાં લેઈ મુસદી તથા નોકર

વર્ગને યોગ્ય બક્ષીસો આપી પોતે જમવા ઉઠયો. રણવાસમાં તેની હુરમા ( બેગમ પાટવીરાણી )એ તેજ પ્રમાણે કરી પોતાના સ્વામીને સાથે લેઈ જમવા ચાલી તે વખતે પોતાની ખાસ બાંદી(ગોલી )ને હુકમ કર્યો કે સોનાના વરગ ચઢાવી ઘણા સરસ મસાલાદાર બે પાનનાં બીડાં તૈયાર કરી રાખજે. બેગમ તરફથી મળેલી. ભેટની ખુશીમાં મગ્ન થઈ ગએલી બાંદીને બીડાં તૈયાર કરતી વખતે પુરતો ખ્યાલ નહીં રહેવાથી ચુનો ઘણો પડી ગયો. મસાલા ઈત્યાદી. નાંખી તૈયાર કરેલાં બીડાં તેણીએ બેગમને જમી રહ્યા બાદ આપ્યા; બેગમે પોતાની આવી ચાલાક દાસીની બાદશાહ પાસે ખુબ તારીફ કરી જુદાં પડ્યાં. બીડાં ચાવતાં તરતજ તેના મોંમાં ફોલા પડી ગયા. બેગમે બીજી બે દાસીઓને બોલાવી હુકમ કર્યો કે તેના ( બીડાં તૈકાર કરનાર દાસી ) હાથમાં ડામદો. દાસીઓએ બહુ પ્રકારે વીનવ્યા અને અરજ કરી કે અરે રેહેમદીલનાં સખાવત સાહેબ આજના જેવા પવીત્ર દીવસમાં આવું કુરકામ આપને હાથે થાય તેમાં ખુદા રાજી નહીં અલબતે તે બાંદી ગુ-

નાહ બદલ સીક્ષાને લાયક છે. પરંતુ તેવી કોઈ પ્રકારની હલકી બીજી સજા ફરમાવવી જોઈએ એ-ગમે ખુબ વીચાર કરી તેમની અરજ મંજુર ક-રી બીજી શી શીક્ષા કરવી તેની તજવીજમાં હ-તી તેવામાં તેને સુઝી આવ્યું કે તેને ત્યારે શેર કળી ચુનો પાઈ દેવો આ વાત મગજમાં ઠસી એ-ટલામાં તો તેજ બાંદી આવી ચડી. તેને બેગમે પોતાનો જરાભાર ઇરાદો ન જણાવતાં તેમ બીજી દાસીઓ તેને કહી નદે તેવી તજવીજથી તેને એ-કદમ બાદશાહી તંબોલીની દુકાનપર જઈ તરતનો તૈયાર કરેલો ચુનો શેર એક લેઈ જલદી આવવા ફરમાવ્યું હુકમ શીરપર ચઢાવી બાંડી એકદમ મે-હેલ બાહાર નીકળી તે તંબોળીની દુકાનપર આ-વી બેગમનો હુકમ સંભળાવ્યો. બીરબલ તે વખ-તે ત્યાં બેશીને પોતાની ખુશી માફક બીડી બના-વતો હતો, તેણે બાંડી સામું જોઈ વિચાર કર્યો કે કાંઈ વીચીત્ર આફત આજે ગુજરવાની છે. પેહેલાં તો તેને વિચાર આવ્યો કે ખેર બાદશાહી દરબા-ર છે ત્યાં તેટલો ચુનો જોઈએ તેમાં શી ન-વાઈ; પણ તે વિચારથી તેને સંતોષ ન થવાથી

બાંદીથી સર્વે હકીકત સાંભળી વાકફ થયો તેથી તેના પેહેલાં વીચારને ઘણોજ ટેકો મળ્યો. બાંદી-ને સૌ સાંભળતાં કહ્યું કે બાઈ મારા જેવા ગરી-બનું કહ્યું માનીને તું શેર એક ઘીચા જેઠેની નો-સ્તીની દુકાનેથી પીતીજા અગર તારા ઉપર આ-ફત ન ગુજરે તો આ સાથે એક દવાનું પડીકું આપું છું તે ખાજે એટલે તને તે ઘીનું અજીર્ણ નહી જણાય તારી પાસે ઘી લેવાના પૈસા નહોય તો ચાલ હું અપાવું. બાંદીને આ વાત મનમાં હસવાથી તેની સાથે જઇ બીરબલના પૈસાનું શેર ૧ ઘી પીગઇ અહીંઆં તંબોલીએ કહ્યા મુજબ શેર ચુનો વાસણમાં ભરી તૈયાર રાખ્યો જેવી બાંદી આવી કે તરત તેને હવાલે કરી રવાને કરી. મેહેલમા જઈ ચુનાનું વાસણ પોતાના પાલણુહાર આગ-ળ મુક્યું કે તરતજ બેગમે તેને તે સઘળો ચુ-નો પીજવા ફરમાવ્યું. બાંદી પેહેલા તો ઘણીજ ગ-ભરાઈ પણ તરત યાદ આવ્યું કે મેં ઘી પી-ધું છે તો મને હવે શું થવાનું એમ જાણી સઘ-ળો ચુનો પીગઈ બેગમે તેની દેખરેખ માટે ખા-સ માણસો જરા કાંઇ તમાસા યા હસવા જેવું

થાય કે તેને બોલાવી લેવી એવા હુકમથી રાખ્યાં હતાં. પણ સાંજ સુધી તેને કાંઈ પણ ન જણાયું. એટલામાં બાદશાહ સાંજે સાત વાગે બેગમના મેહેલમાં આવ્યા ત્યારે તેણીએ સર્વ હકીકત રોશન કરી આ સાંભળતાંજ તેણે તે બાંદીને પોતાની હજુરમાં બોલાવી લાવવા ફરમાવ્યું. બાંદી હાજર થઈ ત્યારે બાદશાહે ધમકી દેઈ સર્વ હકીકત ખરેખરી બયાન કરવા હુકમ કર્યો. તેણે તંબોળીને ત્યાં જેજે હકીકત બની તે સર્વ કહી જ્યારે બાદશાહને માલમ પડયું કે રખેને તે માણસ બીરબલજ ન હોય. બીજે દીવસે કચેરીની વખતે બીરબલ હાજર હોવાથી બાદશાહે પ્રથમ તેની અકલની તારીફ કરી, ગઈ કાલે તંબોલીને ત્યાં શું બન્યુ તે જાણવાની ઇચ્છા બતાવી બીરબલે તે સર્વ હકીકત જાહેર કરી ત્યારે બાદશાહ ઘણો હરત થયો ને ખુદાની બંદગી કરવા લાગ્યો, હે પરવર દીગાર મારા જેવા પાસે આવા અકલમંદ આદમીઓનો ખજાનો તેમને બક્ષીસ કર્યો તેથી તારો આશાન હુ કેટલો તથા કેવી રીતે અદાં કરૂં તે દીવસથી પોતે તથા સર્વ મુશદી વર્ગ બીરબલને બહુ ચાહાવા લાગ્યા.

એક વખત બાદશાહે બીરબલને સવાલ કર્યો કે **"મુસલમાનનો હીંદુ કેમ ન થાય"** આ પ્રશ્નનો ઉત્તર મને એક મહીનાની અંદર મળવો જોઇએ. જે વાતનો ખુલાસો કરવા તેણે કબુલ કર્યું. પંદરેક દીવસ બાદશાહ મુકરર વખતે નદી કીનારે હવા ખાતો હતો તેવામાં બીરબલે બે રૂપીઆ ધોબીને ભાડાના આપી એક ગધેડો તથા અધમણ સાબુ લઈ ત્યાં આવી પોહોચ્યો. ગધેડાને નદીમાં ઉભો રાખી ખુબ સાબુ ચોળી નવરાવવા લાગ્યો, તેવામાં બાદશાહની નજર તેના ઉપર પડી. પોતાના હજુરીઆને પુછ્યું કે આ બેવકુફ કોણ છે કે ગધેડાને સાબુથી નવરાવે છે. હાથ જોડી હજુરીઓએ અરજ કરી કે જાહાંપનાએ તો બીરબલ સાહેબ છે. બાદશાહ તરત ત્યાંથી ઉઠી બીરબલના સામે ઉભો રહ્યો ને પુછવા લાગ્યો કે અરે અકલના દુશમન આતે તું શું કરવાને ફોકટ મેહેનત કરતો હશે. બીરબલે હાથ જોડી નમ્રતા પૂર્વક અરજ કરી કે હે પૃથ્વીના મહાન રાજા મારે ત્યાં એક કીતાબમાં એમ લખ્યું છે કે " આ તરકીબ મુજબ અગર ગધેડાને નવરાવે તો થોડાક

કલાકમાં તેનો ઘોડો ઘણોજ સરસ તથા ઉંચી કીમતનો બને," તે પરથી હું આમ કરૂં છું. આ જવાબ સાંભળી બાદશાહને બહુ હસવું તો આવ્યું પરંતુ બીરબલને આમ કરવાનું કાંઈ ખાસ કારણ તેના સમજવામાં ન આવવાથી કહ્યું કે કદી ગધેડાંનાં ઘોડાં બનતાં હશે ખરાં વારૂ? આ સાંભળતાંજ બીરબલ બોલ્યો કે પૃથ્વીનાથ "**કદી મુસલમાનના હીંદુએ બને ખરા.**" આ હાજર જવાબ સાંભળી બાદશાહ બહુજ ખુશી થઈ તેની અક્કલની તારીફ કરતો કરતો મેહેલમાં ગયો.

બીરબલે પોતાની કચેરીમાં એકકની ગાદી કરાવી હતી. મતબલ કે તે એવી તો શોભાયમાન, ઉંચી તથા ખુબીદાર દેખાતી હતી કે સૌ તેની અદેખાઈ કરવા લાગ્યા. બાદશાહી તખતથી તે ફક્ત એકજ વેહેત નીચી હતી. એક વખત સાંજે કચેરી પુરણ ઠાઠથી ભરાએલી હતી, નાચ રંગ તથા આનંદ થઈ રહ્યો હતો તેવામાં એકા એક બીરબલ કચેરીમાં આવી પોતાની ગાદી ઉપર બેઠો. બાદશાહને તેનો ઠાઠ જોઈ જરા અદેખાઈ આવી તો

ખરી પણ મન જરા શાંત રાખી ધીમેથી પુછ્યું "**બીરબલ તારામાં ને એક ગધેડામાં કેટલો ફરક**" બીરબલે પોતાની ગાદી બાદશાહી તખ્ત વેંતથી ભરી જોયું, અને ધીમેથી હાવકો થઇ અરજ કરી કે "જાંહાંપના એક વેહેતનોજ ફક્ત ફરક છે." આ જવાબ સાંભળી પોતાનેજ ગધેડો બનાવ્યો સમજી ચુપ થઈ રહ્યો.

એક વખત ભર કચેરી વચ્ચે બાદશાહે બીરબલને હુકમ કર્યો કે મને આદમીનું દુધ એક મહીનાની અંદર લાવી આપ અગર મને નહી આણી આપે તો જો. હું તારી કેવી માઠી વલે કરૂંછું. બીરબલના આ હુકમ સાંભળતાંજ હોશ ઉડી ગયા તેણે ખાવું પીવું તજી દીધું. એક વખતે તેની પુત્રી ત્રીવેણીએ પોતાના પુજ પીતાને આવી ગમગીની સ્થીતીમાં જોઈ અરજ કરી કે આટલી દીલગીરીનું કારણ ફરમાવવા તાબેદાર ફરજંદ ઉપર મેહેરબાની થવી જોઇએ; જે પરથી બીરબલે તમામ હકીકત તેને રોશન કરી. તે બોલી મારા માનવંતા પીતા આ ફીકર આપના સકોમળ મ-

નમાંથી દુર કરો. બાદશાહને પરભાર્યોજ હું તેનો ખુલાસો કરી આપીશ. એક વખત ચંદ્રમા પૂર્ણ કળાથી પ્રકાશી રહ્યો છે, થંડો પવન મંદ આવી રહ્યો છે. શેહેરમાં તમામ નાનાથી તે મોહોટા સુધી સૌ નીંદ્રા દેવીને વશ થયેલાં છે તેવે સમયે મધરાત્રીને વીશે ત્રીવેણી થોડાં એક કપડાં ધોવાનાં લેઈ બાદશાહી મેહેલ નીચેના ઘાટ ઉપર ઘણાજ જોરથી ધોવા લાગી. થંડી વખતનો આવો અવાજ બાદશાહને કાને પડતાં તે તરફની બારી ઉઘાડી પુછ્યું કે આ વખતે આ જગ્યાએ કોણ ધુવે છે. તેણીએ હાથ જોડી અરજ કરી કે હજુરના ગુલામ બીરબલની છોકરી ત્રીવેણી છે. બાદશાહે કહ્યું શું તારે ત્યાં માણુસનો ટોટો છે કે તું જાતે આ કામ કરે છે. તેણીએ કહ્યું કીબ્લે જાહાંન હમણાંજ મારા પીતાને પુત્ર પ્રસવ્યો તેથી મારે આ કામ કરવું પડે છે. બાદશાહે કહ્યું અરે ઘેલી **"પુરૂષને કદી પુત્ર પ્રસવે ખરો"** આ સાંભળી ત્રીવેણી બોલી જાંહાંપનાં **"આદમીને દુધે ત્યારે હોય ખરૂં."** બાદશાહ આ જવાબ સાંભળી ચુપ થઈ મેહેલમાં જઈ સુઈ રહ્યો.

બાદશાહ અકબરના સાંભળવામાં એમ આ-વ્યું કે બીરબલનો બાપ કમ અકલનો બોબડો-તથા બેવકુફ છે તે ઉપરથી તેને મળવાને બાદ-શાહનું મન બહુ તલપી રહ્યું હતું એક વખત બાદશાહને ખુશ મીજાજમાં બેઠેલા જોઇને બીરબ-લના શત્રુઓએ આવો લાગ ફરીથી નહીં આવે એમ સમજીને સમજાવ્યું કે જહાંપના આ વખ-તે અગર બીરબલના બાપને આપની હજુરમાં બોલાવીએ તો આ ખુશીના વખતમાં બમણી ખુ-શી હાંસલ થાય. જેમ બીજા રાજાઓને કાન ન હોય પણ સાંન ન હોય તેમ આ બાદશાહને ન-હોતું તેણે વિચાર્યું કે આ વખતે જોઈએ તો ખ-રા કે બીરબલ શું પોતાની ચાલાકી લડાવે છે કા-રણ કે તેને તેવી વાતનો અત્યંત શોખ હતો અ-ને તેટલાજ માટે પોતાના દરબારમાં ટીખલી; ઘ-ણા વિદ્વાનો કવીરાજ ઈત્યાદીક પ્રખ્યાત પામેલા માણ-સોને નોકર રાખતો હતો. બીરબલના શત્રુઓની અરજ સાંભળી તરત એક હલકારાને બીરબલને ઘેર તેના પીતાને હજુરમાં તેની સાથે મોકલવા બાબતના હુકમ સાથે રવાને કર્યો. હુકમ વાંચી

બીરબલે પોતાના બાપને કચેરી જવા અરજ ક-
રી પણ સખ્ત ભલામણ કરી કે એકે શબ્દયા
પ્રશ્નનો બાદશાહને ઉતર ન આપવો પણ ભલે
બેહેરા મુગા છો. એમ સમજી બેશી રહેજો, **સબ-
બ** આ પ્રમાણે નહી વરતશો તો આપણી ફજે-
તી લુટાશે. તેનો બાપ સ્વાર્થે બહુ સમજતો હતો
તેથી પોતાના બેટાને તેની મરજી મુજબ વરતવા
વચન આપી હલકારા સાથે કચેરીમાં પોહોચ્યો
બાદશાહે તેને યોગ્ય માન આપી પોતાની પાશે
બેસારી ઘટતા પ્રશ્નો પુછ્યા પરંતુ તે પોતે તથા
બીરબલના શત્રુઓ તેમની સમજમાં કેટલા બ-
ધા ઠગાયા. તેમણે પુછેલા પ્રશ્નોનો જવાબ કઢાવ-
વા ઘણીએ કોશીશ કરી પણ કાંઈ વળ્યું નહીં,
કારણ કે બીરબલની શીખામણ મુજબ તેના બા-
પે એક હરફ મોંમાંથી કાઢયો નહીં આખરે હા-
રીને તેને પોતાને ઘેર જવાને રજા આપી. ઘેર
આવી તેણે સર્વ હકીકત બીરબલને કહી સંભા-
ળાવી જે ઉપરથી તે ખસુસ કરીને બીજે દહાડે
સવારમાં વેહેલો કચેરીમાં ગયો. બાદશાહે બીરબ-
લને કહ્યું કે "**અગર બેવકુફોથી કામ પડે તો**

**બીરબલ આપણે શું કરવું"** બીરબલે ધીમે રહીને જવાબ આપ્યો કે " જાહાંપનાં ચુપ રહેવું બેહેતર છે" આ હાજર જવાબ સાંભળી બહુ હસવું તો આવ્યું પણ મનમાં તો સમજ્યો કે તેણે મને બેવકુફ તથા પોતાના બાપને ડાહ્યો ઠરાવ્યો. બીરબલ ઉપર બહુ ખુશી થઈ સીરપાવ સારો આપી વીદાય કર્યો.

એક વખત અકબર બાદશાહ તથા બીરબલ ગરમીના દીવસમાં સાંજની વખત પવનની થંડી લેહેર લેતા બાદશાહી મેહેલની અગાશીમાં બેઠેલા હતા તે વખતે તેણે બીરબલને પુછ્યું કે બીરબલ અગર તારી તથા માહારી બનેની ડાઢીઓ સળગી ઉઠે તો તું પેહેલાં કોની દાડી બુઝવવા કોશીશ કરે, બીરબલે ધીમે રહી હાથ જોડી ઠાવકે મોંઢે અરજ કરી કે હે તમામ આલમના બાદશાહ પેહેલા હું મારી પોતાનીજ બુઝવું ત્યાર પછી તમારી. બાદશાહ, પોતાનો નોકર આવી બાહાદુરી હાજર જવા દેછે તથા બાદશાહનો જરાભર ખોફ ન રાખતાં તે હીંમતમાં કેવો દ્રઢ છે, તે જોઈ હરેત પામી તેની તારીફ કરવા લાગ્યો.

બીરબલને હાજર જવાબી પુરો જોઈ બાદશાહને બહુજ આનંદ થતો એક દીવસ પુરી મોજમાં બાદશાહ કચેરીમાં બેઠો હતો. તમામ કવીઓ પંડીતો મુસદીઓ વીગેરે ત્યાં હાજર હતા તે જોઈ બીરબલ તરફ નજર કરી કે " **ઓસન બડી કે હથીયાર** " બીરબલે એકદમ જવાબ દીધો કે ફીલ્લો જન " ઓસાન " આ જવાબ સાંભળતાં બાદશાહ બહુજ ચીડાઈ ગયો, પણ અકલમંદ પુરૂષની પેઠે પોતાનો ગુસ્સો જાહેર ન કરતાં યોગ્ય તકની રાહ જોવા લાગ્યો. એક દીવસ સવારના નવ વાગે એક ગાંડા હાથીને મેહેલના ચોગાનમાં જેવો બીરબલ દુરથી દેખાય તેવોજ તેના ઉપર છોડી મુકવા તેના રાવતને ફરમાવ્યું. દસ્તુર મુજબ કચેરીની વખતે બીરબલ મેહેલ તરફ આવતો હતો તે જોઈ હુકમ મુજબ રાવતે હાથી છુટો મુકી દીધો. પેહેલેથીજ સર્વે લોકોને તો દુરજ રાખ્યા હતા તેથી બીરબલ ઉપર જોસ ભર તે આવ્યો આ તમાસો જોવાને બાદશાહ પોતે મેહેલ ઉપલા દીવાન ખાનાની બારીએ આવી ઉભો રહ્યો હતો. બીરબલે પોતાનું મૃત્યુ નજદીક આવ્યું. જાણ્યું પણ જરાભર હીમત

છોડી નહી તેવામાં એક કુતરૂ રસ્તાની બાજુ પડ્યું પડ્યું ઉંઘતું હતું તેના પર તેની દ્રષ્ટી પડી પણ તેટલામાં તો હાથી તેના ઉપર એવા જોરથી આવ્યો કે તે શું કરવું તે વીચાર કરવા વખત રહ્યો નહીં બીરબલે પોતાના ઈષ્ટ દેવનું સ્મરણ કરી પેલા કુતરાનો પગ પકડી એવા જોરથી હાથીની સુંઢપર માર્યું કે કુતરૂ ઘણા દરદથી બુમ પાડી ઉઠ્યું. હાથીને સુંઢપર વાગવાથી તથા તે કુતરાની બુમથી ચીડાઈ કુતરાને મારી નાંખવા દોડ્યો કે બીરબલ પોબારાં ગણી મેહેલમાં દાખલ થઈ ગયો. બાદશાહ ઘણીજ તાજુબી સાથે બે હાથ જોડી પરવર દીગારની પોતાના આવા અકલમંદ, પોતાને તથા સર્વને આનંદ પમાડનાર આવા પુરૂષનું વીચીત્રપણે બચવું થવાથી ઘણી આજીજી સાથે બંદગી કરવા લાગ્યો. પછી બીરબલને પોતાની પાસે બોલાવી ઘણો ભારી સીરપાવ આપી પોતાના રાજ્યમાં તેની બહુ આબરૂ વધારી.

બીરબલ બાદશાહને તથા તમામ કચેરીને પોતાનાં વાક્ય વીનોદ ચતુરાઈ વીગેરેથી ખુશી બહુ

રાખતો પરંતુ જ્યારે મશ્કરી કરવામાં બાદશાહને ખુદને છોડતો નહીં તો કચેરીનાં માણસો, મુસદી વર્ગ કવી પંડીતો ઈત્યાદી કોને તોરશેનોજ જવા દે. આ બે પરવાઈને લીધે તે વખતે સૌને બહુજ અળખામણો થઈ પડતો નંબર ત્રીજામાં બતાવેલા કારસથી બાદશાહ ઘણોજ મનમાં ચીડાઈ બીરબલને એકદમ તેની કચેરીમાંથી દુર થવા હુકમ કર્યો. હુકમ સાંભળતાંજ તાજીમ કરી તે ઉઠયો. મકાનપર જઈ જોઇતો સામાન લેઈ છાનોમાનો દીલ્લી શેહેરમાં નીકળી એક ઠાકોરના ગામમાં ઘણે દુર જઈ તેના આશ્રા નીચે છુપે વેસે રહ્યો. ઠાકોર તેનું હદ ઉપર સન્માન કરતો. પંદરેક દીવસ થયા નહીં એટલામાં તો બાદશાહને ઘણું જરૂરી કામ આવી પડયું બીરબલ શીવાય તેને યોગ્યને નેક સલાહ આપનાર બીજો ન હોવાથી ચારે દીશામાં તેને શોધી કાઢવા માણસો તથા સ્વારો બાદશાહે દોડાવ્યા પરંતુ તેનો કાંઈ પત્તો લાગ્યો નહી. આખર બાદશાહે લાચાર થઈ પોતાના સલાહકારો પંડીતો એને સલાહ પુછી કે એવો કયો રસ્તો છે કે જેથી મને મારો બીરબલ પાછો મળે ખાનગી બાતમી

દારેથી સૌને માલમ હતું કે બીરબલ કોઈ ઠાકોરને ત્યાં જઈ રહેલો છે પણ કોણ ઠાકોર તથા ક્યા ગામમાં છે તે માલમ નહી પડવાથી સૌએ મળી એમ સલાહ આપી કે જાંહાપનાં મહારાજા બીરબલ આપણી રયાશતમાં છે એમાં કાંઈ સંદેહ નથી માટે જો "દરેક નાના મોટા રાજાઓને ત્યાં એકેક બકરો તોલીને વજનનો આંકડો બતાવી મોકલો અને સખ્ત હુકમ કરીએ કે બાર મહિના સુધી દરેક જણે તેને ઘી સાકર ઈ. પુષ્ટી કારક ખોરાક ખબ ખવરાવવો અને બાર મહીના પછી તે બકરાનું વજન બતાવ્યા મુજબજ થવું જોઈએ" તો કદાચ આપનો ખોવાએલો બીરબલ આપને પાછો મળે ખરો. બાદશાહને આ નેકસલાહ દુરસ્ત લાગતાં તુરત તે પ્રમાણે કરવા હુકમ કર્યો. ફરમાન મુજબ મોહોટા વછેરે બરાબર ગોઠવણ કરી સખ્ત હુકમ સાથે રયાશતમાં તમામ ઠાકોર તથા નાના મોટા રાજા ઉપર અકેક બકરો તથા બાદશાહી મોહોરનો હુકમ રવાને કર્યો. આ હુકમનો ખાસ મતલબ શું છે તે કોઈના પણ સમજવામાં નહીં આવ્યો પરંતુ સદરહુ હુક-

મનું અપમાન ન થાય માટે મોકલેલા બકરાની બાર માસ સુધી બરાબર તજવીજ રાખવાનો સૌએ નિશ્ચય કર્યો. ઘણાખરાઓએ તો તેમની દેખરેખ માટે મુકેલાં બાદશાહી માણસોને રૂશવત આપી થોડા દીવસ બકરાને ખુબ ભુખે મરવા દે વળી સારી રીતે ખવરાવે એવા હેતુથી કે મુકરર દીવસોમાં તેનું વજન વધી ન પડે એમ કરવા લાગ્યા બાકીનાઓ બાદશાહી જાસુસોના ડરથી હુકમ મુજબજ વરતવા લાગ્યા; પણ જે ગામમાં બીરબલ હતો. ત્યાંનો ઠાકોર પ્રથમ તો ઘણોજ વિચારમાં ડુબી ગયો પરંતુ પોતાને ત્યાં અક્કલ નીધી બીરબલ છે તેવી ફાળ આવવાથી તેની સલાહ લેવી એમ નીશ્ચય કરી પોતે જાતે રાતને વખતે બીરબલના એકાંત મકાનમાં જઇ તેને પેલો હુકમ બતાવ્યો. બીરબલે તે ઠાકોરને તેની ફીકરથી દુર કરવા માટે કહ્યું કે કાલે સવારે એક વાઘ પાંજરામાં બંધ કરી રાખો. બાદશાહના હુકમ કરતાં તે બકરાને સવાયો દોઢો ખોરાક ખવરાવો તે રોજ સાંજે બે કલાક પેલા વાઘનું પાંજરૂ લાવી તેની સનમુખ કરજો.

પછી રોજ રોજ તે બકરાને તોળજો એટલે વરસની આખરે તમામ વજન માલમ પડશે. આ સાંભળી ઠાકોર બહુજ ખુશી થયો તથા આવા અકલબાજ પુરૂષથી પોતાના ઉપર બાદશાહી ગજબ હવે દુર થશે સમજી તેની અકલની તારીફ કરતો તે પરમેશ્વર પાસે તેની લાંબી જીંદગી તથા આબાદીને માટે દુવા માગતો માગતો પોતાના મેહેલમાં ગયો. બીજે દીવસે બીરબલની સલાહ પ્રમાણે કર્યું ને રાત્રે બકરો તોળ્યો તો તેટલુંજ વજન થયું સબબ કે વાઘના ત્રાસથી તેનું તમામ લોહી સુકાઈ જતું હતું બાદશાહને બીરબલની ઘણીજ જરૂર હોવાથી, તથા તેની ગમત શીવાય તેને ચેહેન બીલકુલ નહીં પડવાથી પોતાનો બાર મહીના સુધી દરેક રજવાડામાં બકરો રાખવાનો હુકમ બદલી માત્ર ત્રણ માસ સુધીનો રાખી દરેક ઠેકાણેથી બકરો પાછો મંગાવી લેવાની તજવીજ કરવા માંડી. એક પછી એક ઠેકાણાનો બકરો આવ્યા બાદ તોલવા માંડયો તો કોઇનું વજન ક્ષેડું, કોઈનું ત્રગણું તો કોઈનું ચારગણું એમ

થવા લાગ્યું. પણ કોઈનું વજન હતું. તેટલુંજ તો નહીંજ થયું તેથી બાદશાહને મનમાં ચટપટી બહુજ થવા લાગી ને ગણાએક ઉપાયો કરે પણ ચેન ન પડે એટલામાં જે ગામમાં બીરબલ હતો તેગામનો બકરો આવી પહોચ્યો તેને તોલવાથી વજનમાં સેહેજ ફરક પડયો આ સાંભળી બાદશાહને અત્યાનંદ થયો અને પોતે જાતે તે ઠાકોરના ગામમાં જવા નીકળ્યો. બાદશાહી સ્વારી પોતાના ગામમાં આવેછે સાંભળી ઠાકોર ત્રાસનો માર્યો સઘળી ગોઠવણ કરવા મંડયો. થોડાક દીવસ પછી જ્યારે સ્વારી ત્યાં પહોચી ત્યારે ઠાકોર સાથે બીરબલ બાદશાહની પેશવાઈ માટે સામો ગયો. બાદશાહે તેને તુરત ઓળખી કાઢી ઘણાજ પ્યારથી ભેટી પડયો અને પોતાની સાથે તેને રાજ્યનગરમાં પાછો લાવ્યો.

એક વખત મહારાજા બીરબલ ભાદરવા મહીનાના દીવસમાં ઘણા અગત્યના કારણ સર બાદશાહની ખાનગી કચેરીમાં ગયો. તે વખત વ-

જીર નાયબ વજીર ખાસ અમલદારો વીગેરે ત્યાં બેઠેલા હતા. બીરબલ પોતાના હોદ્દા પ્રમાણે બાદશાહને તાજીમ તથા બીજા સર્વને બંદગી કરી બાદશાહની પાસે જઈ બેઠો; પવન બીલકુલ બંધ હોવાથી કઠારો બહુ થતો હતો. પંખા-વાળા પંખાઓ ખેંચતા હતા પરંતુ કુદરતી પવ-નની તો બલીહારીજ છે. તેથી મહારાજા બી-રબલને ઘણી ગભરામણ થવાથી એવા મોટા અવાજથી વાછુટ થઈ તે જોઈ નાનાથી મોટાસુધી અને ખુદ બાદશાહને ખડ ખડાટ હસવું આવ્યું બીરબલને આ ફારસ જોઈ બહુ ખેદ થયો તો ખરો પણ મન વાળી સૌને મોઢે "અમને પ-ણ વાછુટ થાય છે" એમ કબુલ કરાવવાની કંઇ યુ-ક્તી ખોળી કાઢવા ગુંથાયો. બીરબલને જરા ખોટું લાગ્યું એમ સમજી બાદશાહે નાના પ્રકારની વાતોથી બીરબલને ખુશ કર્યો પણ બીરબલ પક્કો મુસદી હતો એમ એકાએક ભોળવાય તે-મ નહતો તેથી બાદશાહને જરા ખુશ મીજા-જમાં જોઈ અરજ કરી કે જાંહાંપનાં આજે મારા વાંચવામાં એમ આવ્યું છે કે ખેતરમાં

મોતી વાવીએ તો તેનો ઘણોજ સરસ પાક ઉતરે છે. તેથી મણ ૫૦ મોતી તેણે તેની પાસે માગ્યાં. આ સાંભળી સૌને ઘણુંજ હસવું આવ્યું, પણ બીરબલે કરાર કર્યો કે અમર શિયાળાની મોસમમાં જો મોતીનો પાક ન ઉતરે તો મારે મારા તકસીર બદલ ગુનેહગાર તરીકે ૫૦૦ મણ મોતી આપવાં. આટલા કરારથી તેના માગ્યા મુજબ મોતી તેને તોળાવી આપ્યા. બીરબલ પોતાની આ યુક્તીથી ખુશી થઈ બાદશાહ પાસે રૂકસત માગી પોતાને ઘેર આવ્યા. નિયમ પ્રમાણે હમેશાં કચેરીમાં જા આવ કરે તથા સૌને વાક વીનોદથી તથા ખુબીદાર દલીલોથી ખુશી કરતો હતો. એમ કરતાં લગભગ ત્રણ મહીના વીતવા આવ્યા ત્યારે એક રોજ બાદશાહે તેને પોતાનો કરાર પુરો કરવા કહ્યું. આ વખતે પોસ મહીનો બેસવાની તૈયારી હતી. તાઢ ઘણી સખ્ત પડતી હતી. અને સવારમાં ઓસ પણ પુષ્કળ પડતો હતો તેથી બીરબલે વીચાર્યું કે હવે લાગ સારો આવશે તેથી તેણે પોસ સુદ ૧૫ નો કરાર કર્યો પરંતુ એટલી સરત બાદશાહ પાસે કબુ-

લ કરાવી કે કચેરી વર્ગના તમામ નાહાના મો-
હોટા સૌએ તે વખત હાજર રહેવું જોઈએ. બા-
દશાહે આ સરતનો એ કરાર કરવાથી મોહોટા વ-
જીરને ફરમાન થયું કે પેહેલે દીવસે એટલે પોસ
સુદ ૧૪ સવારના સૌએ કુચ કરવાને જોઈતા સા-
માન સાથે તૈયાર રહેવું " એવા મતલબનો ઈશ્ત
હાર જાહેર કરવો તથા તમામ રસાલાને તથા
પેદલ અડદલીના માણસો ( હજુર સવાસે પેદલ-
ઈ. ) પણ વરધી આપવી. વજીરે આ હુકમ મા-
થે ચઢાવી યોગ્ય ગોઠવણ કરવા લાગતા વળગતા
એને જણાવ્યું. મુકરર દીવસ આવ્યો એટલે બી-
રબલ પોતે બાદશાહને તેડવા સરકારી મેહેલે ગ-
યો. મેહેળ આગળ તે શું જુએ છે ! તમામ સ-
વાર પાયદલ ચાકર નફરો ઇ. માણસો ફક્ત હુકમ-
ની રાહ જોતાંજ ઉભા છે. બીરબલને આવતો જો-
ઈ સૌએ સલામતી આપી. બીરબલ મેહેલમાં દા-
ખલ થયો. ત્યાં પણ સર્વ મુસદીઓ અમલદારો-
ઉમરાવો વીગેરે હાજર હતા. સૌની બંદગી લેઈ
બાદશાહને તાઝીમ કરી પોતાની જગ્યાએ બીર-
બલ બેઠો લાગ જોઈ તરતજ તેણે કચેરી બરખા-

રત, કરી કુચ કરવા અરજ કરી બાદશાહે ચોબ-
દાર તરફ નજર કરી " બરખાસ્તનો " ઈશારો ક-
ર્યો. સમય સુચક ચોપદારે તરત સમજી બર-
ખાસ્તની નેકી પોકારી મોતીનું ખેતર જો-
વા આવવા હજુરી હુકમ સંભાળાવ્યો. બાદશાહ
જનાન ખાનામાં જઈ પોતાની બેગમને યોગ્ય હુ-
કમો ફરમાવી બીરબલ સંગાથે હાથીપર સ્વાર થ-
યો. સર્વે કોઈ પોતીકા યોગ્ય વાહનપર સ્વાર થઈ
ઘણી ઉતકંઠાથી સ્વારીના ઠાઠમાં ચાલવા માંડયું.
ત્રણ કલાકે સ્વારી દરવાજા બાહાર નીકળી એક
મજલ થઈ ગોઠવણ પ્રમાણે સાંજની વખતે મુ-
કામ કર્યો પાછલી રાતે ફેર કુચ કરી પરોઢીઆ-
ની સપ્ત તાડ સહન કરતા કરતા સૌએક ગાંમ-
ડાં પાસે આવ્યાં ત્યાં આગળ પાદરે તમામ ઘઉં-
નાંજ ખેતરો આવ્યાં, સ્વારી અચકી બીરબલ
બાદશાહ હાથીપરથી નીચે ઉતર્યા ને અળગા ચા-
લ્યા, અમીર ઉમરાવ મેહેતા મુસદીઓ પણ તે-
મની પાછળ ચાલ્યા. ચાલતાં ચાલતાં એક સારી
સગવડવાળું ઘઉંનુ ખેતર તથા પાંદડાં ઉપર મો-
તીના માફક ઓસનાં પડેલાં ટીપાં જોઈ બીરબલ

અટકયો ને કહ્યું કે "કીબ્લેજાહાંન આ ખેતર આ-
પના બંદાએ ઘણી મેહેનત લેઈ તૈયાર કરાવ્યું છે
આનો પાક લાખો રૂપીઆનો ઉતરવાનો" બાદશા-
હે કહ્યું ઘણી ખુશીની વાત છે. બીરબલ થોડાક
મોતી નમુના દાખલ લાવો સબબ મોતી હજી કા-
ચાં હશે. બીરબલે બે હાથ જોડી ઘણીજ દીન-
વાણીથી અરજ કરી કે જાહાંપનાં તમામ આલ-
મના શેહેનશાહ આપના ગુલામને વા છુટ થાય છે
તેથી હું જાતે નમુનો લાવવાને લાયક નથી. પ-
રંતુ આ મોહોટા પાય તખ્તના અરઘો અરઘ વા-
સીદાઓ આપની હજુરમાં ખડા છે તેમાંથી કો-
ઈને ફરમાન થવું જોઈએ. બાદશાહે તુરત મોટા
વજીર તરફ નજર કરી તેને લાવવા કહ્યું તેણે પ-
ણ અરજ કરી કે " હે સુલતાનોના સુલતાન ખુદા-
ના પ્યારા આપના ગુલામને તો વળી ઘણીજ વ-
ખત પવન ઉપાન વાયુને લીધે સરે છે; માટે બં-
દા તેને માટે લાયક નથી એ પ્રમાણે નાના મો-
ટા સૌની પાસે કબુલ કરાવ્યું આખર બીરબલે
ખુદ બાદશાહ પાસે પણ કબુલ કરાવ્યું કે મને
પોતાને તથા જનાન ખાનામાં તમામ હુરમાં ત-

થા બેગમોને પણ એજ પ્રમાણે થાય છે. ત્યારે બીરબલે ધીમે રહી વીનંતિ કરી કે "હે રેહેમ-દીલના પાદશાહ આપના ગુલામને આજથી ત્રણ મહીના ઉપર વા છુટ થઈ હતી ત્યારે તમામ કચે-રીને કેમ હસવું આવ્યું હતું" બાદશાહે કહ્યું ખે-ર બીરબલ પણ આ મોતીને માટે હવે તું શું કહે છે? બીરબલે પોતાના જયથી ખુશીના આવે-શમાં આવી બાદશાહના પગ નીચેની ધુળ લેઈ ચું-બન કરી માથે ચઢાવી કહ્યું કે દાના કુદરદાન નેક નામી સરદાર પેગાંબર અગર ખુદાના વલી શીવાય આ મોતી બીજું કોણે લેઈ શકનાર છે અગર કોઈ લેશે તો તેનું તરત પાણી થઈ જશે. બાદશાહ મોતીનો મોટો ખજાનો નહીં મળવાથી ઘણોજ ના ઉમેદ થઈ સ્વારી સાથે પાછો શેહેર-માં આવ્યો. મનમાં તો ઘણું સમજ્યો જે, તે દી-વસે બીરબલને ઘણો હસી કાઢી જરા તેની ફજે-તી જેવું કર્યું હતું તેનો આ બદલો મને આજે મળ્યો પરંતુ પોતાની મુછનો બાળ તેથી તે વા-તપર ઘણો લક્ષ નહીં આપતાં ચુપ થઇ બીજો

લાગ સારો જોઇ ઘણી અકલ મંદી સાથે તેનો બદલો આપવા નીશ્ચય કર્યો.

એક વખત બાદશાહ ખુશમીજાજથી કચેરીમાં બેઠેલો હતો. સઘળા અમીર ઉમરાવો પંડીતો કવીઓ વીગેરે ત્યાં હાજર હતા. તેવામાં આ દુનીઆમાં કેવા કેવા આદમી થાય છે તે ઉપર ટીકા ચાલી રહી હતી બાદશાહે આ વિષય ઉપર અરસ પરસની ખુબ ટીકાઓ સાંભળી આખર બીરબલને સવાલ કર્યો કે દુનીઆમાં માણસ કેટલી પ્રકારના છે? બીરબલે અરજ કરી કે જાંહાંપનાં આ દુનીયામાં ફક્ત ત્રણ પ્રકારનાં માંણુસોજ છે. બાદશાહે સવાલ કર્યો કીયાં કીયાં તેનાં નામ બતાવ. બીરબલે કહ્યું એક આંધળાં, બીજાં દેખતાં, ત્રીજા દેખતાં આંધળાં બાદશાહે કહ્યું ખેર આંધળાં તથા દેખતાં તો હું જાણું છું પણ દેખતાં આંધળાં માણુસો મને એક મહીનાની અંદર લાવીને બતાવ. બીરબલે મંજુર કર્યું. આઠેક દીવસ બાદ બીરબલે હાથમાં શણ વણવાની ફરકી, થોડુંક શણ

તથા દશેક સીપાઇઓ ને એક મેહેતાને લેઈ ચૌટામાં જઇને ઉભો રહ્યો ને ફ્રકી લઇ શણ વણવા લાગ્યો. દશેક મીનીટમાં એક શેઠ આવી તેને પુછવા લાગ્યો સાહેબ આ શું કરો છો. બીરબલે કહ્યું તમે દેખતા આંધળા છો માટે મેહેતા આ શેઠનું નામ લખી લો. મેહેતાએ તે શેઠનું નામ ઠામ ઠેકાણું સરવે લખી શેઠને વીદાય કર્યો. આ પ્રમાણે એક પછી એક લોકો મુસદી અમીર ઈ. જે જે આવી તેને એ મુજબ સવાલ પુછવા લાગ્યા તે સરવેનું નામ ઠામ ઠેકાણું વીગેરે લખી લખી વીદાય કર્યાં. બીજે દીવસે સવારે તે સરવે લોકોને બીરબલે કચેરીમાં મુકરર કરેલા વખતે આવવા ફ્રમાવ્યું. બાદશાહ કચેરી ભરી બીરાજમાન થયો. મેહેતા મુસદી અમીર ઉમરાવ કવી પંડીત ઈ. પોતાની મુકરર જગ્યાએ બેઠેલા હતા તેવામાં બીરબલે કચેરીમાં આવી બાદશાહને તાઝીમ કરી સર્વેની બંદગી સ્વીકારી પોતાની ગાદીએ બેઠો. થોડી વારમાં તે સર્વે લોકો હાજર થયા તેવામાં તેણે પોતાના મેહેતાને ઈશારત કરી કે પેલો કાગળ તૈયાર રાખજે ને પોતે ધીમે રહી

બાદશાહને દરખાસ્ત કરી કે જાંહાંપનાં દેખતા આંધળા સર્વ લોક અત્રે મોજુદ છે. ફરમાન હોવે તો તેમને હજુરમાં બોલવું. બાદશાહે મંજુરીની ઈશારત કરી કે તુરતજ પેલો મેહેતો ઉભો થઈ નામ વાંચવા લાગ્યો. જેનું જેનું નામ આવતું ગયું તે સરવને ચોપદારે હારબંધ હજુરમાં ઉભા રાખ્યા. બધા આવી રહ્યા એટલે બીરબલે કહ્યુ કીબ્લે જાંહાંન આ સર્વે દેખતા આંધળા છે. બાદશાહ તથા સરવે કચેરી મંડળ તાજુબીથી મોંમાં આંગળીઓ ઘાલી રહ્યા. બીરબલે સર્વ વાત શણ તથા ફરકી અને તેના પુછેલા સવાલો કહી સંભળાવ્યા, અને કહ્યું કે તેઓ સર્વે સમજ્યા કે હું શણ વણુંછું છતાં મને પુછવા લાગ્યા કે "સાહેબ આ શું વણો છો" ત્યારે તેઓ દેખતા આંધળા ખરાકે નહીં? સર્વે બહુ ખુશી થયા તથા બીરબલની તરીફ કરવા લાગ્યા.

એક વખત અકબર બાદશાહ કચેરીમાં બીરાજમાન થએલો હતો પંડીતો તથા કવીઓ નાના

પ્રકારના વીષયો ઉપર ટીકાઓ કરી રહ્યા હતા તેવામાં કોયો રંગ સૌથી સરસ ઉપર વાત ચા-લી. અરસ પરસ બહુ વાદવીવાદ થયા પછી એમ નિશ્ચય કર્યો કે ઉજળો રંગ ઘણો સરસ. તેપરથી બાદશાહે ટીકા કરી કે હરેક આદમ જાતે .શરી-રની અંદરથી ઉજળાં રહેવું વધારે પસંદ વ લા-યક છે અને તેણે બીરબલને પૂછ્યું તમામ આ-લમમાં સૌથી ઉજળું શું છે તે કહે? આખી કુ-ચેરીએ અરસ પરસ એક બીજાના મત લેઈ બા-દશાહને વજીરે કહ્યું જાહાંપના સૌથી ઉજળું દુ-ધ તથા જશ. ત્યારે બીરબલ બોલી ઉઠયો "ક્રી-બ્લે જાંહાન સૌથી ઉજળું સૂર્યનું અજવાળું." બાદશાહ હેરત પામી બોલ્યો અરે બીરબલ તારે તો હમેશાં આડુંજ બોલવું અગર તારૂં બોલવું સત્ય છે તો મને કરી બતાવ. બીરબલે તે વાત મંજુર કરીને ચુપ રહી સૌની ચીકત્સા જોતો બેઠો. થોડીવાર પછી કચેરી બરખાસ્ત થઈ. બે ચાર દીવસ પછી સારો લાગ જોઈ બીરબલ મે-હેલમાં ગયો સબબ તેને બધે ફરવા હરવાની છુ-ટ હતીજ. ત્યાં તેને ખબર મળી કે બાદ-

શાહ બીસ્તરનશીન (સુઇ ગયા છે.) થયા છે. તે સાંભળી તેણે એક કટોરામાં દુધ થોડુક રૂ, ઈ. સફેત વસ્તુઓ મંગાવી પાસે રાખી સરવ હજુરના નોકરોને રજા આપી, જે રસ્તે થઈને બાદશાહ જનાનખાનામાંથી પોતાના ખાસ દીવાન ખાનામાં આવી શકે તેજ નાના દીવાનખાનાના બારણાના ઉમરા આગળ જરા દુર દુધનો કટોરો રૂ; ઈ. વસ્તુઓ એક આગળ એક જરા આડી ડોઢી ગોઠવી સઘળી બારી બારણાં બંધ કરી અંધારૂ ઘોર કરી એક ખુણામાં કમાડ પછવાડે ભરાઈ રહ્યો. બાદશાહે ઉઠી નોકરોને બુમ પાડી પણ બીરબલે પેહેલાંથીજ સૌને રૂકસત કર્યા હતા તેથી કોઈએ જવાબ આપ્યો નહીં. બાદશાહને સબુરી ન રહેવાથી પોતેજ કમાડ ઉઘાડી દીવાનખાનામાં જેવોજ જવાને આગળ પગ મુકે છે તેવોજ દુધનો કટોરો ઢોળાઈ ગયો એટલામાં બીરબલે ઘણી ખમાની ધારખે પૃથ્વીનાથ એમ કહી આગળ આવી ખડો થયો. જાંહાંપના હજુરનો આવો જસ કીરતી આ ઉજળું દુધ રૂ. ઈ. સરવ મોં આગળ છે ને આમ અડબડીયાં કેમ ખાઓ છો. બાદ-

શાહ ગુસ્સે થઈ કહ્યું આ કમાડ કોણે બંધ કર્યાં હતાં? હજુર, ત્યારે એકવાર કબુલ કરો કે સૌથી ઉજળું સૂર્યનું અજવાળું છે, બાદશાહને ફ્રામ આવવાથી હશી પડયો ને બીરબલને હાથ પકડી ખાસ દીવાનખાનામાં તેડી જઈ સીરપાવ આપ્યો.

એક વખત ભર કચેરીમાં ધર્મની ચરચા ચાલી રહી હતી તેમાં કીયો ધર્મ ખરો તેને માટેજ ઘણોજ વાદવિવાદ થયો પરંતુ કોઈથી કાંઈ પણ નક્કી થઈ શક્યું નહીં ને પીર પેગાંબર કે દેવકીયા સાચા તેનો નિર્ણય પણ કરવો મુસ્કીલ થઈ પડયો. તેવામાં સૈયદ ઝનુનુદીન જે હીંદી ભાષા (સંસ્કૃત ભાષા) નો કટો દુશ્મન તેમ હીંદુઓને સારી સ્થીતીમાં જોઈ જેનું કાળજું હમેશાં બળ્યાં કરતું હતું તેનું ચાલે તો ગરમ સાંડસીવડે તેમનું માંસ તોડાવી નાંખે તો પણ તેને સંતોષ થાય નહીં પણ શું કરે બાદશાહ આગળ તેનું કાંઈ ચાલે તેમ નહોતું, એવા સૈયદ સાહેબે કુરાનના કલમા કાઢી સાબીત કર્યું કે પીર પેગાંબરજ ખરા

બાકીના સર્વ કાફર. બીરબલથી આ અપમાન સહન થઈ ન શક્યું તેથી દાંત પીસી એકદમ બોલ્યો કીબ્લે જાંહાંન સર્વથી મોહોટુ **આકીન અને તેજ મોહોટો દેવ**. બાદશાહ કહે બીરબલ હું તારી આડાઈથી હારી ગયો મને તે સાધ કરી બતાવ. બીરબલે કબુલ કર્યું. તે દીવસો ગરમીના હોવાથી તે દીવસે સાંજે બીરબલ પોતાના કબીલા સાથે અગાશીમાં બેઠો બેઠો થંડી હવા ખાતો હતો તેવામાં તેની નજરે કેટલાક ઢેડાઓ લડાઈ કરતા નજરે પડ્યા. નીચે નજર કરી તો એક મુએલું ગધેડું દોરડાથી બાંધેલું અને દોરડાના છેડા પકડી કેટલાક ઉભેલા ને બીજા કાંઈ તકરાર કરતા હતા. તે જોઈ બીરબલે પોતાના જમાદારને બોલાવી હુકમ કર્યો કે આ ગધેડાને લેઈ જઈ ગામ બાહાર આપણી વાડી બાહાર કીનારે દટાવો પણ નીશાની રાખી ઢેડાંને વીદાય કરી તે ગધેડાને કાઢી આપણી વાડી વચોવચ્ચ કોઈ ન જાણે તેમ છાને માને દટાવી કડીઆને બોલાવી રાતો રાત કબર તેપર તૈયાર કરાવો. પણ સાંભળજો કે કોઇને પણ ખબર ન

પડે. હુકમ સાંભળી જમાદાર ગધેડું ખેંચાવી લેઈ મુકરર જગાએ દટાવી આવ્યો અને જ્યારે તે ઢેડાઓ દુર નીકળી ગયા એટલે જમાદારે તેને ખોદી કાઢી બહુ મેહેનતે ધસડી લેઈ વાડી વચોવચ મુકી એક ઉંડો ખાડો ખોદો ને તેમાં તેને નાંખી દઇ માટી પુરી દઈ કડીઆને તેડવા ગયો. ઈંટ ચુનો વીગેરે જોઇતો સામાન લેઈ કડીઓ આવી પોહોચ્યો અને કરાર પ્રમાણે પાંચ સાત કલાકમાં કબર તૈયાર કરી જમાદાર સાથે બીરબલ પાસે આવ્યો. તેણે જમાદારને તથા કડીઆને ખુબ સ૨ રસ સીરપાવ આપી ચેતવ્યા કે આ વાત કોઇને કહેવી નહીં આ લોકો આવા ભારી સીરપાવથી રાજી થઈ તથા વાત છાની રાખવાથી પણ બદલો સારો મળશે એમ સમજી રજા લેઈ વીદાય થયા. વળતે દીવસે બીરબલે બાદશાહને દરખાસ્ત કરીકે હજુર સલામત બંદાની વાડીમાં હાલ એક પીર પ્રગટ થયા છે તેમણે માહારી મનકામના સફળ કરી છે તો યકીન છે કે હજુરની મુરાદ પણ તેની સાહાયતાવડે હાંસલ થાય. બાદશાહને આ વાત ઘણી ગમી તેથી તે જગ્યા જોવાને બી-

રબલ સાથે વીદાય થયો. તે બંને ત્યાં આવી પોહોચ્યા. બીરબલે કહ્યું તમે એવી આખડી (બાધા) રાખો કે મને આપની સાહાયતાવડે એક પુત્ર થાય તો સવામણનો મલીદો આપને ચડાવીશ તથા ગરીબ ગુરબાને બહુ ખેરાત કરીશ. બાદશાહે તે પ્રમાણે બાધા લીધી તથા હમેશાં સાંજે તેનાં દરશન કરવાનો નિયમ રાખ્યો. ઈશ્વર ઈચ્છા બળવાંન છે, તેની રચનાનો કોઈ પારપામતું નથી: પામ્યુ નથી; તેમ પામવાનુંએ નથી, કાગનું બેસવું અને તાડનું પડવું; તે મીસાલે બીરબલની મારફતે બાદશાહને આખડી લેવી તથા રોજ દરશનનો નિયમ લેવો અને જનાનખાનામાં હુરમાને દાહાડા રહેવા. બાદશાહને ખબર થતાંજ ઘણી ખેરાત કરી તથા બીરબલના પ્રતાપે આ સારો દીવસ દેખવાનો વખત આવ્યો સમજી તેને જીવની પેઠે ચાહવા લાગ્યો; ઈશ્વર કૃપાએ નવમે મહીને પુત્ર પ્રસવ થયો ઘેરઘેર વધાઈ દેવાઈ સીરપાવો નજરાણા તથા નછરાવરો ઘેર ઘેર તથા તમામ રયાશતમાં આણંદ થઈ રહ્યો. પાંચ સાતેક મહીના વીત્યા બાદ બીરબલે બાદશાહને એક દી-

વસ સવારમાં તે નવા પીર પાસે લેઈ જઇ પોતાના નોકરોને ફરમાવ્યું કે આ કબર હમણાજ ખોદી નાખો, બાદશાહ વિચારમાં પડયો પણ બીરબલની અકલ આગળ લાચાર થઈ ચુપ ઉભો રહ્યો, કબર ખોદાઈ રહી ખાડો ખોતરાવી બાદશાહને બતાવ્યું કે સાહેબ આ ગધેડો જે મુએલો અત્રે ડટાવી ઉપર કબર ચણાવી હતી તેણેજ આપને ફરજંદ આપ્યું છે. બાદશાહ હેરાત પામી ગયો અને કબુલ કરવું પડયું કે ખરો દેવ આપોનજ છે.

બીરબલ અકબર બાદશાહને મુછના વાળ કરતાં પણ વધારે પ્યારો થઈ પડયો. શાહજાદાની પેહેલી સાલગીરીને દીવસે મોટો દરબાર ભરયો, નાના મોટા સરવે તે વખત હાજર હતા. તે વખત બાદશાહે કહ્યું કે "**કરો મીલ આશ અકબરકી** આ ભાટ ચારણ વીગેરે માગણી આત જાતને સંભળાવ્યું તથા કવી પંડીતોને કહ્યું હમણાં ને હમણાં આના ઉપર એક કવીત બ-

નાવો. સૌએ મળી નક્કી કર્યું કે ઘણુંજ સરસ તારીફ લાયક કવીત કાલે બનાવી લાવીશું પણ બટક બોલા બીરબલથી રહેવાયું નહીં તેથી પાંચેક મીનીટમાં નીચે પ્રમાણે કવીત બનાવ્યુ.

**એકકું છોડ દુજેકું ભજે,**
**રશનાજ કટોઉશ લબરકી;**
**અબકી ગુનીયાં દુનીયાંકું ભજે,**
**સીર સાંધત પોટ અટબરકી.**
**કવી બીરબલ એક ગોપાલહીકો.**
**શક માનત નાંહી જબરકી;**
**પરતીત નહીં પરમેશ્વરકી,**
**તો કરો મીલ આશ અકબરકી.**

માયનો–એકને મુકી બીજાને ભજે તે નીમકહરામી-ની જીભ કાપો આજ કાલના લોકો દુનીયાંની ભક્તી કરી માથે પાપનો ગાંસડો બાંધે છે; પણ બીરબલ કવી તો હે શેહેનશાહ તું ગમે તેટલો મોહોટો છો પણ હું તાહારો શક કદી પણ નહીં માનનાર, જેને પરમેશ્વર ઉપર આકીન ન હોય તે સર્વ મળીને અકબર બાદશાહની પાસે માગો; બાદશાહ આ કવીત સાંભળી ચાટ પડી ગયો; પોતાને એક તરે-

હતું જ્ઞાન આપ્યું સમજી બહુ ખુશી થયો ને ઘણો ઉંચો શીરપાવ તેને આપ્યો.

આસો મહીનામાં ઘેર ઘેર આનંદ ઓછવ નાટારંગ ઈત્યાદી થઈ રહ્યાં હતાં લોકો ઉજમમાં આગ તેમ દોડતા ફરતા હતા. જો કે આ તેહેવારો ફક્ત હીંદુ લોકનાજ પરંતુ બાદશાહે એવો કાયદો કર્યો હતો તે કોઈ કોઈના ધર્મમાં કોઈ પણ રીતે અદેખાઈ ટંટો ફીસાદ કરી શકે નહીં. વાઘ બકરી એકજ ઓવારે પાણી પીતાં હતાં તેથી વેપારીવર્ગ ઈત્યાદી ધંધાદારીઓને તથા સર્વે જાતના લોકોને અત્યાનંદ, વ. ઉજમ હતો. બાદશાહ જાતે પણ હીંદુ ધર્મને માન આપવા સારૂ મોટા દરબારો ભરતો કવી પંડીતોનો વાદ વીવાદ ચર્ચાવી સાંભળી બહુ ખુશી થતો. દસેરાની મોટી કચેરીમાં એમ ચરચા ચાલી કે કેવી તરેહની વાતપર ભરોસો રાખી શકાય. કોઈએ કહ્યું સાંભળેલી વાતપર કોઈ કહે જોએલી, કોઈ કહે સાંભળેલી તો ખરી પરંતુ આપણું દીલ કબુલ કરે ત્યારેજ, કોઈ કહે જોએલી તો ખરી પરંતુ પકી ખાતરી વાળી હોય તોજ ખરી માનવી. આ પ્ર-

માણે જુદા જુદા મતાન્તર થયા ત્યારે બાદશાહે બીરબલને પુછ્યું કે તારો આ બાબતમાં શો અભીપ્રાય છે તે કહે. બીરબલે હાથ જોડી હુકમ માથે ચડાવી નમ્રતા પુર્વક અરજ કરી કે કીબ્લે જાંહાંન આપના બંદાની નજરમાં તો એમ આવે છે કે જોયેલી કે સાંભળેલી બને વાતો જુઠીજ બાદશાહે ગુસ્સાથી આંખો ફેરવી કહ્યું ત્યારે તું કંઈ વાત ખરી માને છે. બીરબલે અરજ કરી, આલમના બાદશાહ મને તો મારે હાથે અનુભવ કરી જોઉં ને ખાતરી થાય તેજ ખરું માનું. બાદશાહનો ગુસ્સો સમાયો નહોતો તેથી એક કલાક બાદ કચેરી બરખાસ્ત કરીને જનાનખાનામાં ગયો. સાંજે મોહોટા હાઠથી બાદશાહે સ્વારી ચડાવી, તે વખતની શોભાનો કાંઈ પાર નહોતો. સ્વારી દબદબા સાથે શેહેરમાં ફરી પાછી મેહેલમાં આવી; હુરમા જે એક રજપુત રાજાની બેટી હતી તેના મનમાંથી હીંદુ ધર્મની અસર કાંઈ ગઈ નહોતી તેણે પણ હીંદુ શાસ્ત્ર મુજબ થોડી ઘણી રીત કરી ઘણી ખેરાત કરી તથા શીરપાવ પણ બહુ આપ્યા. હીંદુઓને આટલું માન મળે છે તે પરથી

તેઓએ એક સરસ ભવાઈનું ટોળું બોલાવી બાદશાહી મેહેલમાં ખેલ કરાવવાને માટે બાદશાહને અરજ કરી, જે તેણે મંજુર રાખી. તે પરથી રાત્રીએ નવ વાગે એક ભારે દરબાર ભરાયો મોહોટા મોહોટા અમીર ઉમરાવો શેઠશાહુકારો ઈત્યાદી બાદશાહના માનને ખાતર આવી હાજર થયા હતા. તેવામાં ખેલ શરૂ થયો. ભવાઇઆઓએ એવા સરસ ખેલ કર્યા કે ખુશીને મારે બાદશાહને પોતાને સુવાનો વખત વીતી ગયો છતાં પણ ઉઠવાનું મન થાય નહી. હવે જનાનખાનામાં બાદશાહને સુવાનો પલંગ તેનો ખાસ હજુરી નોકર પાથરવા લાગ્યો. તેપર સાત મણ રૂનું કીનખાબનું ગાદલું તથા મુખમલની ઉપર ચાદર પાથરી તેપર ઘણુંજ ઉમદા અતર છાંટયું તથા જાઈ જુઈ ગુલાબ મોગરો ચંપો ચંબેલી ઈત્યાદી ફુલો પાથર્યા. આ વખતે તે નોકરના મનમાં એમ આવ્યું કે આવા પલંગ ઉપર હું લગાર સુઈ જાઉં તો મારા સુખમાં કાંઈ બાકી ન રહે, તથા તેપર શું શું માઝા હાસલ થાય છે તે જરા જોઉં તો ખરો, લગારવાર સુઈ તરત ઉઠી મારે બીજે કામે વળગીશ. આવો વિ-

ચાર કરીને સુઈ ગયો. પણ તેના વીચાર તો તેના મનમાંજ રહી ગયા, ઊંઘ વેરણ છે. સુળી ઉપર હોય કીંવા અત્યંત દુઃખમાં હોય તોપણ તે તેનું કામ કર્યાંજ કરે છે. તેને ધસધસાટ કરતી બહુજ ઊંઘ આવી ગઈ. સુવાનો વખત થયો તથા આખા દીવસનો પરીશ્રમ પડવાથી હુરમાં ત્યાં આવી જુએ છે તો બાદશાહ ભર નીદ્રામાં સુતેલા જોયા **સબબ**—તે નોકરે બાદશને ઓઢવાની ચાદર પગથી તે માથા સુધી ઓઢી હતી તેથી તે ઓળખી શકી નહીં અને જગાડવું દુરસ્ત નધારી સોડમાં જઈ સુતી. અહીં તો હજી ખેલ શરૂજ છે નાનાપ્રકારનાં ફ્રારસથી હસાહસ થઈ રહી છે તથા આનંદ છાઈ રહયો છે પણ જ્યારે એક વાગ્યો કે તરત બાદશાહે ખેલ બંધ કરાવી કચેરી બરખાસ્ત કરી સુવા માટે ગયો. પણ અરે તે શું જુએ છે! પોતાની જગ્યાએ બેગમની સોડમાં બીજો કોઈ માણુસ ડીઠો. તરતજ તરવાર ખેંચી બંનેનાં માથાં કાપી નાંખવા દોડયો, પણ જરા વીચાર આવ્યો કે આ શખસ કોણ છે તેતો લગાર જોઉં ચાદર ઉંચી કરી જોયું તો પોતા-

નો ખાસ હજુરી દીઠો. ગુસ્સાનો પાર રહયો નહીં. જોરથી તરવાર ઉપાડી જેવો મરવા જાય છે એટલામાં તેને પેલી બીરબલની વાત યાદ આવી તરવાર તુરત મ્યાન કરી એકે નોકર મોકલી બીરબલને બોલાવ્યો. બીરબલ આવી હાજર થયો કે બાદશાહે આ તમાસો તેને બતાવ્યો અને પુછ્યું કેમ આ વાત તેં જોઈ હવે કહે ખરી કે ખોટી. બીરબલે કહ્યું જાંહાંપનાં જરા સબુરી રાખી કમાડ પાછળ કોઈ નદેખે એમ જરા સંતાઈ તમાસો જુઓ; બાદશાહે તેમ કર્યું એટલે બીરબલે એક સોયો મંગાવી પલંગ નીચે દબાઈ જઈ શુમાર જોઈ બન્ને જણને અણીઓ ઘોંચી. બંને જણ જાગી ઉઠી એક બીજા સામું તાજુબીથી જોવા લાગ્યાં પછી પેલે નોકરે હુરમાની ક્ષમા માગી પોતાના મનમાં જે વિચાર આવ્યો તથા તેને અનુશરી પોતે જે બેવકુફી કરી તે કહી હુરમાએ કહ્યું મેં તને બાદશાહ સમજી જગાડયો નહીં પણ ખરે જ્યાં સુધી આપણ બન્ને નીરદોષ છઈએ ત્યાં સુધી કોઈ પ્રકારની હરકત થવાની નથી પરંતુ તું એટલું યાદ રા-

ખજે કે જો કોઈને મોઢે તેં વાત કરી છે તો તારૂં ચામડું ખેંચાવી માંહે લુણ ભરાવીશ. તે ગરીબ નીરપરાધીનો કરે કબુલ કરી જેવાંજ તેઓ એક બીજાથી જુદાં પડવા જાય છે કે તરતજ બાદશાહ જે કમાડ પાછળ સંતાઈ રહ્યો હતો તે તથા બીરબલ પલંગ નીચેથી આવી બન્ને તેમની સામે ખડા થઈ ગયા પેલા બન્ને જણ શરમનાં માર્યાં અધમુઆં થઈ ગયાં તેમના શરીરનું લોહી એવું તો ઉડી ગયું કે કોઈ તેમને કાપી નાંખે તો એક ટીપું સરખું પણ લોહી નીકળે નહી. આ જોઈ બાદશાહ ગભરાઈ ગયો ને બન્નેને ધીરજ આપી પોતે જે જે જોયું હતું તથા તેમને મારી નાંખવની કોશીશ, તે વખત બીરબલની વાતનું યાદ આવવું, તથા બીરબલનું શી રીતે આવી પોહોચવું થયું તે સર્વે હકીકત તેણે તેમને કહી સંભળાવી. પછી બીરબલે કહ્યું કે મેં તમને જાણી જોઈને જગાડ્યાં **સબબ** કે જો તમારી નાપાક દોસ્તી હત તો આવખતે તરત જણાઈ આવત. બાદશાહ આવા પોતાના નીમક હલાલ નોકરની વફાદારી જોઈ તથા પોતાની બે-

ગમનો પ્યારો જીવ; બીરબલ કે જે આવો અક્લનીધી તેની નેક સહલાવડેજ ઉગર્યો સમજી ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો પછી સરવેને વીદાય કર્યા બીજે દીવશે તે નોકરને બીરબલને હાથેજ શીરપાવ અપાવ્યો અને આવો બીરબલનો ઉપરકાર તેઓ જન્મે. જનમ સુધી ભુલ્યો નહીં પણ બીરબલને હરેક સંકટની વખતે તેઓ બહુ મદદગાર થઈ પડ્યાં. બાદશાહ પણ તેને પોતાના જીવ કરતાં અતીશય પ્યારો સમજવા લાગ્યો.

## "બડેકીબડી મશ્કરી ઓર છોટેકી છોટી મશ્કરી."

એક દિવસ સાંજને સમયે અકબરબાદશાહ કચેરીમાં મોટો દરબાર ભરી બઠેલો હતો તેવામાં તેની ફોજની કાશ્મીરમાં ફતેહ થયાના ખબર આવ્યા સાંભળી ઘેરઘેર મોટા ઓછવ કરાવવા માટે એક બાદશાહી જાહેરાત ઢંઢેરો પીટાવવા તેણે હુકમ કર્યો. આ વખતે સરવે ખુશીના આવેશમાં મગ્ન થઈ રહ્યા હતા. બાદશાહ ઠઠા મશ્કરીનો શો-

ખીન હતો. તેથી મર્મના બોલોમાં સૈયદ ઝનુનુ દીનને બહુ બનાવતો. આ વખતે જરા એક વાત મશ્કરીની છેડી તેણે બીરબલના સામું જોયું. તેને તો માત્ર એટલુંજ જોઈતું હતું તેથી તેણે તે સૈયદ સાહેબને દ્વીઅર્થી ભાષામાં ઘણો બનાવ્યો તે જોઈ બાદશાહે તેને પુછ્યું "અરે બીરબલ મશ્કરી કેવે પ્રકારે કરવી " બીરબલે હાથ જોડી અરજ કરી " **ઝાંહાંપનાં જેવું મેં તેવી થપડ**. બાદશાહે વધારે ખુલાસા માટે પુછ્યું " **એમ કેમ** "બીરબલે ઉતર આપ્યો " **બડેકીબડી મશ્કરી ઔર છોટેકી છોટી હોતીહે**." બાદશાહે કહ્યું " છોટેકી. છોટી મશ્કરી તો સમજ્યો પરંતુ બડેકી બડી કીસતરેહ હોતીહે. તે તું મને કરી બતાવ." બીરબલે હુકમ માથે ચડાવી અરજ કરી કે કીબ્લેજાંહાંન અગર મેં કોઈ બડા આદમીની બડી મશ્કરી કરી અને તેને માઠું લાગ્યું તેથી મને તે નુકશાન કરે તેનો જુમો કોણ માથે રાખે છે. બાદશાહે કહ્યું "**હુ જાતે**" "પછી એક ત્રાંબાના પત્રાપર માફીપત્ર લખાવી બીરબલે પોતાની પાસે રાખ્યું. અને મનમાં વિચાર્યું કે ખુદ બાદશાહ-

થી મોટો બીજો કોણ હોય કે હું તેની મુસ્કરી કરી બતાવું માટે તેનેજ પકડવો દુરસ્ત છે; એમ સમજી થોડાકજ દીવસ વીત્યા નહીં એટલામાં તો તેણે પોતાને શરીરે એવો તો દુરગંધીવાળો લેપ કર્યો કેતેની ગંધ દશવીસ કદમ સુધી પસરતીહતી અને બાદશાહ ને, પોતાના દીકરા સાથે અરજી લખી મોકલાવી કે હું ઘણીજ સખ્ત અને ભયંકર બીમારી થી સપડાઈ ગયોછું. ઘણાએક ઉપાયો કર્યા પરંતુ કાંઈ વળ્યું નહીં તેથી હવે જીવવાની મેં આશા મુકી છે. તેથી બંદાની અરજ એટલીજ છે કે હજુરની કદમબોસી એકવાર થઈ જાય તો મારૂં મૃત્યુ અત્યંત સુખમાં થયું એમ સમજીશ. આ અરજી વાંચતાં જો બાદશાહને અત્યંત દુઃખ લાગ્યું અને બીરબલના દીકરાને ગળે વળગાડી છાતી સરખો દાબી બહુ વહાલ બતાવ્યું અને કહ્યું બચ્ચા તારા બાપને દીલાસો મારા તરફથી આપી કહેજે કે આજ સાંજે નીમાજ પડયા બાદ ખસુસ કરી હું મળવા આવીશ. પછી તે ખુશી થાય તે વીનાના પ્રકારની ચીજો તેને આપી તુરત ઘેર વીદાય કર્યો. ઘેર આવી તેણે પોતાના બાપને સર્વ હકીકત

બયાન કરી બીરબલે પોતાનાં છેકજ નજીકનાં સગા ને બોલાવી વરધી આપી કે મારે બાદશાહનીજ મસ્કરી કરવી છે માટે તમે કોઈ ખરા અંતઃકરણથી દીલગીર ન થતાં લોકોને આ પ્રપંચ જરાભર માલમ ન પડે તેને માટે બહુજ સાવચેત રહેજો. આજ સાંજે બાદશાહ પંડે મને જોવા આવશે તે વખતે તેના દેખતાંજ ખુબ કલપાંત કરજો અને રાત્રીના બાર વાગ્યા પછી એક આદમી પુર લાકડાનું મોટું પુતળું જે મેં તૈયાર કરાવી રાખ્યું છે તેને ત્રીજા માળના ઓરડામાંથી ઉતારી અડદના લોટનો આટાનો ઉપર ખુબ જાડો જાડો લેપ કરજો. તેપર જે લેપ હું હાલ લગાવું છું તેજ લેપ તેને લગાવી એક કપડું ભીનુંને ભીનું તેહેનાપર લપેટી રાખજો. સવારના ચાર વાગતાં તે પુતળાને ઠાઠડીમાં બાંધી, લાકડાં ચંદન ઈત્યાદીક વસ્તુ પ્રથમ હાજરજ રાખી સ્મશાનમાં વેહેલા વેહેલા જઇ રતી ખડકી. પો ફાટતાંજ સળગાવી મુકજો. પરંતુ ખબરદારી બહુજ રાખજો. આ પ્રમાણે ચેતવણી આપી ખાણું ખાઈ જરા આરામ કરી ગયો. સાંજ પ-

ડવા આવી એટલે પોતે વેહેલો વેહેલો ઉટયો પેલો લેપ મંગાવી શરીરે ખુબ ચોળાવ્યો અને બાદશાહની રાહ જોતો બેઠો. નીમાજ પુરી થઈ રહ્યા બાદ છડી સ્વારીએ બાદશાહ બીરબલને મકાને આવ્યો, આગળથી ખબર આપવા માટે માણુસ મોકલ્યું હતું તેથી બીરબલનો પુત્ર તેની પેશવાઈ માટે સાંમો ગયો. જેવો બાદશાહ મકાનમાં પગ મુકી બીરબલના ઓરડા તરફ વળવા ગયો તેને એટલી તો ગંધ આવી કે પાછો ફરી બાહાર આવી ઉભો અને તેના છોકરાને પુછવા લાગ્યો કે બેટા તારા બાપને શું છે તથા આટલી ગંધ શેની આવે છે. છોકરાએ શીખવ્યા મુજબ રડવા જેવું મોં કરી જરા આંખમાં પાણી લાવી કહ્યું. અમારા અન્નદાતા મારા બાપને એવો તો ભયંકર રોગ થયો છે કે તેની ગંધ વડે અમારાથી ઘરમાં રહી શકાતું નથી પરંતુ શું કરીએ; અમને બહુ લાગે છે કે મોહોટાં કાબીલ હકીમોની કરેલી પરીક્ષા પરથી હું એમ કહી શકું છું કે તેનું મૃત્યુ ઘણું કરી પાંચ સાત કલાકમાંજ થશે એમ કહી ડુસકે ડુસકે રડતો હોય તે

વો ઢોંગ કર્યો. બાદશાહને આ દેખી ખરેખર-છાતીફાટ રડવું આવ્યું. પછી દવાત કલમ કાગળ મંગાવી પોતાને હાથે નીચે મુજબ મજમુનનો એક કાગળ બીરબલપર તેણે લખ્યો," મારા પ્યારા દીલોજાન દોસ્ત તને આવો દુષ્ટ મંદવાડ અકસ્માત આવ્યો તે જોઈ મને બહુજ દુઃખ થાય છે પરંતુ ખુદાની મરજી આગળ મનુષ્ય માત્ર લાચાર છે. ખુદા તને દીર્ધાયુષ આપો એવી તેને મારી હરદમ બંદગી છે એમ છતાં જો તેની મરજી વીપરીત હોય તો તારે તારાં બૈરાં છોકરાં વીગેરેની કોઈ વાતે ફીકર કરવી નહીં વીગેરે કેટલીક તરેહ દીલાસો લખ્યો ને ચીઠી પુરી કરી, બીડી તે છોકરાના હાથમાં આપી. છોકરો પોતાના બે હાથ જોડી તાબેદારની માફક ઉભો હતો તેથી બાદશાહ ખુશ થઈ જઈ તેના બન્ને હાથ ઝાલી લીધા છોકરાએ તેનાં ધુંટણપર જરા ઝુકી અરજ કરી કે ઝાંહાંપનાં, મરદ સ્ત્રીનો ફક્ત જમણો હાથજ પકડે છે તો તેને આખી ઝીંદગી પર્યંત તે સ્ત્રીને પાળવી પડે છે ત્યારે હજુરે તો મારા બંને હાથ પકડ્યા તો પછી મારે તથા મારા

કુટુંબ વર્ગને શી વાતની ફીકર છે? આ જવાબ સાંભળી બાદશાહને ઘણું હસવું આવ્યું તથા તેની અકલની તારીફ કરીને તેને બહુ દુવા દઈ પોતાના મેહેલમાં જવા વિદાય થયો. બીરબલના મકાનમાં તેની સંજ્ઞા પ્રમાણે તેનાં નીકટનાં સર્વે સગાં ભેગાં થઈ ગયાં અને તમામ સામગ્રી તૈયાર રાખી. પાછલી રાતના ત્રણેક વાગ્યા એટલે બીરબલ પોતાના ત્રીજા માળના દીવાનખાનામાં ભરાઈ ગયો, ને તેનાં સગાં જાણે તેમરી ગયો જમ હોય તેમ રોઈ ઉઠયાં, ને કલપાંત કરવા લાગ્યાં. પુરૂષ વર્ગે કાષ્ટ ઈત્યાદી વસ્તુઓ તાબડતોબ તૈયાર કર્યાં. અને ચાર વાગ્યા પેહેલાતો તેના પુતળાને સ્મશાનમાં લઈ જઈ રતી ખડકી ગોરના કહેવા મુજબ યથાવીધી અગ્નીદાહ દીધો. સવારના સાતેક વાગે તમામ શેહેરમાં બીરબલના મૃત્યુની ખબર ફેલાઈ, અને તેના દુશ્મનોને ઘણોજ આનંદ થયો. તમામ નાનાથી તે મોહોટાં સુધી ડાઘુને વેશે સ્મશાન આવ્યા. દહનક્રીયા પુરી થયા પછી નાહાઈ ધોઈ સરવે બીરબલને ઘેર રડતા પીટતા આવી શ્રેષ્ટાચાર કરી સૌ ઘરનાં ને દીલાસો આપી પોત પોતાને

ઘેર ગયા. બીરબલની દાદશાની કીયા પુર્ણ થઈ એટલે તેણે બાદશાહને એક પત્ર લખ્યો કે અરે દીલ્લીના મોટા રાજના બાદશાહ; પરમ કૃપાળુ પરમેશ્વરે મારા ઉપર અત્યંત દયા કરી મને ઈંદ્ર લોકમાં મોટો અધીકારી નીમ્યો છે, તે જગ્યા એવી તો રમણ્ય છે કે મારી કલમ તે લખવાને શકતીવાંન થતી નથી. આપણી દુનીઆંમાં જે સુખનાં સાધનો છે, તે સર્વ એક સ્થળે ભેગાં કરીએ તોએ આ જગ્યાના સુખનો સોમા ભાગે પણ થાય નહીં.મને ઘણીએ ઉમેદ છે કે આવા સ્થળમાં આપણ બંને ભેગા રહી લખલુટ સુખ ભોગવીએ. પરંતુ શું કરૂં મારા અચાનક મૃત્યુથી તારી સંપુર્ણ રીતે મુલાકાત લેવાઈ નશકી તેથી મેં રાજા ઈંદ્રને બહુ પેરે વીનવી ત્રણ કલાક દરેક દીવસે મૃત્યુલોકમાં રહેવાની શરતે દશ દીવસની રજા લીધી છે. રજા કેવે પ્રસંગે ને કયારે ભોગવવી તેની મને સદર પરવાનગી આપી છે, કારણકે રાજા ઈંદ્રને હું ઘણો વાહાલો તથા અતી ઉપીયોગી કામ કાજમાં થઈ પડયો છું, તેથી આટલી ખાસ મેહેરબાની મારા ઉપર થઈછે.

મને મુકવાને તથા લઈ જવાને હમેશ એક ઘોડો આવે છે. આ ઘોડાના રૂપ રંગ ગુણ ઈત્યાદીક અલૌકીક છે. મૃત્યુલોકનો પવન પણ ત્યાં સંચરી શકતો નથી. આવી રમણ્ય જગ્યામાં મારા બાદશાહ તને હું લઈજવા ધારૂં છું. મારાથી બનતી કોશીશ કરી તથા મારાપર ઇંદ્રની જે મેહેરબાની છે તેનો લાભ લઈ તારે વાસ્તે મંજુરી લઈશ પણ આ બાબતમાં તારો શો અભીપ્રાય છે તે પ્રથમ મારે જાણવું જોઈએ. તેટલા માટે આ કાગળ દેખત મને મળવા મારે ઘેર તારે આવવું. વીગેરે મીઠી મીઠી વાતો લખી તે પત્ર તેણે પોતાના છોકરા સાથે બાદશાહને પોહોચડાવ્યો. છોકરો મેહેલમાં જઈ બાદશાહની હજુર ઉભો રહયો અને તાઝીમ કરી પેલો કાગળ આપ્યો. બાદશાહ વાંચી અત્યંત ખુશી થયો અને પોતાનો ખાસ સવારીનો ઘોડો તૈયાર કરવા હુકમ ફરમાવી, છોકરાને બેસાડી પોતે કપડાં પેહેરવા ગયો થોડીવારમાં પાછો આવી ઘોડે સ્વાર થઈ છડી સ્વારીએ ઘણીજ ઝડપથી બીરબલને મકાને આવી તેને મળ્યો, તથા પોતાની ઉપર એક ફીરસ્તો

થયા છતાં આટલી મમતા રાખેછે તેને માટે તે-
નો એશાન (પાડ) માની એવી અલૌકીક તથા
મૃત્યુલોકને સ્વપ્નમાં પણ ન દેખાય તેવી જગ્યા-
માં તેની સાથે જવા સંપુર્ણ ખુશી બતાવી. પણ
બીરબલે એવી ધમકી બતાવી કે જો તું મારી
મરજી ઉપરાંત ચાલશે તો તને હું ખરાબખસ્ત
કરી નાખીશ. આજથી ત્રીજે દીવસે મને આ
જગ્યા ઉપર બપોરના ત્રણ વાગે મળજે એમ
કહી તેને વીદાય કર્યો. કરાર મુજબ તથા ડરનો
માર્યો બદશાહ મુકરર વખતે હાજર થયો. બીર-
બલ પેહેલથીજ ત્રીજે માળથી ઉતરી પોતાની જ-
ગ્યાએ બેઠોજ હતો. બાદશાહને મળ્યો પણ આ
વખતે તેણે પોશાક જુદીજ તરેહનો પેહેર્યો હતો
એટલે માથે સોનાનો મુગટ પેહેર્યો ને વાળ છુટા
રાખ્યા, કાને કુંડળ, હાથેબાજુબંધ, પોંહોંચી તથા
હાથે જુદીજ જાતની હીરામાણેકની વીંટીઓ ઈત્યા-
દીક ઘાલ્યાં. ગળામાં પણ હીરામોતીના કંઠા ઘાલ્યા,
કેડે કંદોરો, પગે નરદમ સોનાના તોડા પેહેર્યા..
શરીર તમામ ઉઘાડુ રાખ્યું ને પગમાં રત્નમોતી
જડીત મોજડીઓ પેહેરી. શરીરે પીળું ચંદન

તથા ઉંચી પ્રકારનાં અત્તર લગાવ્યાં કે તેની ખુ-
શબો એટલીતો મસ્ત હતી કે બાદશાહ ખુશથઈ
ગયો. સારાંશ કે તેણે એવો ડમાક રાખ્યો હતો,
કે બાદસાહે તેને હીંદુઓનો ફીરસ્તો સમજી, અ-
ને બીરબલ પોતાનો નોકર હતો તે વાત ભુલી જઇ
તેના આગળ હાથ જોડી બીકથી કાંપતો બેઠેલો હતો.
બાદશાહના મનમા કેવા પ્રકારના વીચારો આવ્યાં
જોય છે તે બીરબલ તરત સમજી ગયો. પછી
તેણે કહ્યું "**બાદશાહ**" મને સર્વ દેવોના રાજા-
એ એક સરત કબુલ કરવાથી પોતાની હજુરમા
તને લઈ જવા આગ્ના આપી છે. તે સરત એકે
તારે કોઈ પ્રકારનો મત્યુ લોકનો વેશ રાખવો ન-
હીં તમામ સરીરે અસ્ત્રો ફેરવાવી સાફ થવું ક-
પડુ એકે પાસે ન રાખવું આંખે પાટા બાંધી જે
સ્વારી હું લાવું તેના પર સ્વાર થઈ, મારીસાથે
તારે આવવું પડશે. બાદશાહે આ સર્વ વાત ક-
બુલ કરી તેથી વળતે દિવસે એટલે તેને બીજેજ
દીવસે બીરબલે તેને સર્વભાગે મુંડણ કરાવી તથા
મેહેલની પાછલી બારી ઉઘાડી રખાવી તૈયાર ર-
હેવા ફરમાવ્યું. પછી તેણે તેને ઘેર જવાની રજા

આપી બાદશાહ વીદાય થઈ મેહેલમાં આવ્યો. પરંતુ તેને ખુશીના આ વેશમાં કાંઈ ભાનજ રહ્યું નહીં. પોતાની હુરમાં પાસે જઈ તેણે સર્વે હકીકત કહી પણ આ બાબત તે શુ કહેશે તેનો તો તેને બીલકુલ ખ્યાલજ ન રહ્યો. વાત્ત સાભળતાંજ તેણે તો કંકાસણી સંખણીનુંજ રૂપ ધારણ કર્યું ને મોંઢું તોંબરા જેવું ફુલાવી ગુસ્સાના આવેશમાં આવી ગઈ, બાદશાહે આટલી બધી મેહેરબાનીનું ( તેના ઉપર એકા એક ગુસે થવાનું ) કારણ તેને પુછ્યું ત્યારે વાંકુ મો કરી બોલી. ઝાંહાં પના આજદીન પર્યંત તમે મને પોતાની મુછનો બાલ હૈયાનો હાર તથા આંખની કીકી સમજી અને એકા એક વગર વાંકે મને તજી એકલાજ ઈંદ્રિલોકમાં જવાની ધારણા શામાટે કરી શું ત્યાં મારાથી અવાય નહીં? પણ એમજ કહોને કે સ્વાર્થનીજ કેવળ સગાઈ છે. બાદશાહ આ શબ્દો સાંભળી જરા ચાટ તો પડી ગયો પરંતુ તેને તે વાત વ્યાજબી લાગવાથી તેને સમજાવવા લાગ્યો પણ કરે શું તે તો સુડી વચ્ચે સોપારી જેવો હતો. હા કહેતાં હાથ પગ કપાય, ના કહેતાં નાક કપાય, જો લઈ જવાની

હા પાડે છે તો બીરબલ સત્યાનાશ કાઢી નાંખે એમ તે જાણતો હતો, ને ના કહે તો ઘરમાં કંકાસ પેસેછે. છતાં તેણે તેને સમજાવીને કહ્યું કે તું કંકાસ શામાટે કરેછે. કાલ રાતે દશ વાગે આપણે ઘેર બીરબલ ફીરસ્તો આવશે. તારે તો તે-નાથી બોલવાની તેની હયાતીમાં છુટજ છે. આવે તે વખત હું પણ કહેવા લાગીશ એટલે તે ના નહીં કહે. હુરમાએ એ વાત કબુલ કરી; અને બાદ-શાહ પોતાના દીવાનખાંનાંમાં ગયો. બીજે દીવસે રાત્રે બાદશાહે દાઢી મુછ ઈત્યાદી સરવે ઠેકાણાના વાળ મુડાવી નાહી ધોઈ પાક સાફ ( સ્વચ્છ ) થઈ બીરબલની રાહ જોતો બેઠો. મહેલની પાછળની બારી ઉઘાડી રખાવી સર્વ નોકર ચાકરને મેહેલના બીજા ભાગમાં જઈ સુવાની રજા આપી. મુકરર વખતે બીરબલ ઘરમાંથી નીકળ્યો, પોતે જે વેસ પેહેલે દીવસે રાખ્યો હતો તેજ રાખ્યો, બાદશાહને માટે તથા એક ફાલતુ ઘાસના મુગટ તેમાં વચે વચે દોરીના બંધ બાંધી તેમાં બાવળની સુળો ખોશી હતી, ને એક દોરડું તથા એક આબુક સાથે લેઈ મેહેલના પાછલા બારણા તરફ વળ્યો. રસ્તામાં

કોઈ કુંભારનું ગધેડું ચરતું દેખી તેનો તરત કાન પકડયો ને ગળામાં દોરડું બાંધી દોરી લઈ ચાલ્યો. રાત ઘણી અંધારી હતી તેથી કોઈ દેખી કે ઓળખી શકે તેવું નહોતું. એક મોટા પથરની આસપાસ દોરડું મજબુત વીંટી બાંધી બે ત્રણ આંટા તે ગધેડાની ડોકમાં નાંખી ઉભું રાખ્યું, ને પોતે મેહેલમાં દાખલ થયો. બાદશાહને હુરમાં તો તેની વાટજ જોતાં બેઠાં હતાં. જેવો બીરબલે તે ઓરડામાં પગ મુકયો કે તરતજ તે બંને જણાં તેને પગે લાગ્યાં. આ જોઈ બીરબલને અત્યંત હસવું આવ્યું. પછી બાદશાહે અત્યંત આગ્રહ તથા કાલાવાલા સાથે વીનંતી કરી કે ગમે તે પ્રકારે મારી હુરમાને સંગાથે રાખો. બીરબલે વીચાર્યું કે જો હુરમાની પણ હું ઢેડ ફજેતી કરૂં તે સારૂં નહીં, તેથી જરા આના કાની કરવા લાગ્યો. પણ જેમ મધમાખ મધપુડાને વળગી રહે છે તેમજ બાદશાહ વાતને વળગી રહ્યો તેથી લાચારીથી બીરબલે સાથે લેવાની હા પાડી. પ્રથમ બાદશાહે બીરબલના કહ્યા પ્રમાણે હુરમાનાં તમામ ઘરેણાં ઉ-

તરાવ્યાં પછી સારાં કપડાં બદલાવી એક જુનું લુગડું તથા કાપડું રાખવા કહ્યું. બીરબલે પોતાને હાથેજ બંનેની આંખે પાટા બાંધ્યા. બાદશાહને નવસ્ત્રો કર્યો. તેના આખા શરીરે કાળી માટીને એરંડીયું તેલ તથા ખુબ કાજળ નાંખી લેપ કર્યો મોં પણ ખુબજ રંગ્યું અને માથે મુગટ પેહેરાવી અલગ ઉભો રાખ્યો. હુરમાનું પ્રથમ મોં રંગ્યું પછી હાથ પગ રંગી માથે જુનું કપડું બાંધી તે પર પેલો ફાલતુ આણેલો મુગટ પહેરાવી બંનેને દોરીને પાછલે બારણે લઈ આવી બહાર મેદાનમાં ઉભાં રાખ્યાં. પછી નીચે મુજબ બોધ આપે છે. "જે ઘોડા પર હું તમને બેસાંરૂં તેની લગામ તમે ખુબ મજબુત પકડી રાખજો અને પગની હેઠળથી આંટી મારજો સબબ ઘોડો કદાચ કુદે તોપણ તમે પડી ન જાઓ. આ ઘોડાને નથી તો ખોગીર પેંગડાં તંગ કે લગામ કાંઈજ નથી માટે સાવચેતીથી બેસજો. ઈંદ્રપુરીમાં પોહોચ્યા બાદ તમને દરવાજે ઉભા રાખી મારે રાજાની હજુરમાં જવું પડશે અને ત્યાંથી ખાસ માણસ મોકલી તમને ત્યાં તેડાવી લઈશ. પણ એટલું યાદ રાખજો કે

તે નગરીના લોકો બહુજ ઠગારા લુચા કપટી દ-
ગાબાજ છે. તેમને રાજાની હજુરમાં આવવા હુ-
કમ નથી તેથી ત્યાં જવાને હજારો તદબીરો લ-
ડાવશે. કોઈ કહેશે ઓ ભુત આવ્યો. કોઈ કહેશે
આ તો ગધેડે બેશીને આવ્યો, કોઈ કહેશે અક-
બર બાદશાહ બેવકુફ બની ગયો છે, કોઈ કહેશે
બાદશાહ હું તો તારો વજીર છું, કોઈ પ્રધાન થ-
ઈને કોઈ કોટવાળ થઈને કોઈ સેનાપતી થઈને
એમ અલગ અલગ રૂપ ધારણ કરી આવશે અને
કહેશે બાદશાહની અકલ મારી ગઈ છે ગધેડે
પોતેજ હુરમાને લઈ બેઠો છે. હાંસલ મતલબ
કે તમને બંનેને ઘોડેથી ઉતારીને પોતે ચડી બેશી
રાજાની હજુરમાં આવશે તેથી તે લોકો ગમે તેમ
ઠગવિધા કરે પણ તમારે એટલુંજ કહેવું કે ત-
મારી સરવની લુચ્ચાઈ હું ખુબ સમજુંછું બીર-
બલ આવી મને ઉતારશે તોજ ઉતરીશું ને જ્યાં
લઈ જશે ત્યાંજ જઈશું એમ કહી ખુબ તેમને
ગાળો ભાંડવા મંડી જજો. એટલે તે સર્વે નાશી
જશે. આ પ્રમાણે તેમને ખુબ સમજાવી અવળે
મોઢે ગધેડે બેસાર્યાં તથા પુંછડે એક દોરીનો ક-

કડો બાંધી તે લગામ તરીકે બાદશાહને ઝાલવા આપ્યો હુરમાં બાદશાહની પાછળ બેઠી ને બંને હાથે તેની કેડ પકડી. પછી બન્ને જણાંએ પોત-પોતાનાપગની ગધેડાના પેટ આગળ આંટીઓ મારી સાવધ થઈ બેઠાં. બીરબલ તેમને ટુંકે ર-સ્તે થઈ શેહેર બાહાર લઈ ગયો અને શેહેરના કોટની બાહાર આસપાસ બારે દરવાજે ફેરવી પાચેક વાગ્યાને શુમારે આગરી દરવાજા બાહાર આવી ગધેડું ઉભુ રાખ્યું અને કહેવા લાગ્યો. જુઓ આ દરવાજો હવે આવ્યો છે, હું કચેરીમાં જાઉં છું પણ યાદ રાખજો મારી શીખામણ કે ગમે તે આવે તેને ગાળો ભાંડી દુર રાખજો અને ભોળવાઈ જઈ હેઠે ઉતરી ન પડશો. હું તરતજ મણસને, રાજાને કાને વાત નાંખી, તમ-ને તેડવા મોકલું છું. આટલું સમજાવી બીરબ-લે ઘરનો રસ્તો લીધો ને ત્રીજે માળ જઈ ભરા-ઈ રહયો. સાડા પાંચ વાગે જેવો દરવાજો મીયાં શેરખાંએ ઉઘાડયો તેવાજ આ બંને મુરતીઓ તેણી નજરે પડી. તે બીનો કે રખેને કોઈ ભુત હોય, પણ જરા હીમત રાખી કહેવા લાગ્યો કે

ઓ **પાશેરમીયાં** જરા ઉઠો તો ખરા તમને કાંઈક તમાસો બતાવું. એટલે **પાશેરમીયાં** દોડતા આવીને જુએ છે વાહવાહ કયા ખુદાએ સુરત બનાઈ હે અને હસતે હસતે તેમનાં પેટ દુખવા લાગ્યાં. એટલામાં તો બાદશાહ બોલી ઉઠયો અરે કાફરો તમારા લોકોની લુચાઈ મને બધીએ ખબર છે. ચુપ રહો એમ કહી એક બે ગાળો ભાંડી. પછી મીયાંભાઇઓએ જમાદારને બોલાવી આણ્યો પણ એટલામાં એક પછી એક એમ સેંકડો માણસ ભરાઈ ગયું એક સીપાઈએ જઈ કોટવાળને વરધી આપી એટલે તે તરત આાવ્યોને મશાલ કરી ખુબ બારી કીથી જોવા લાગ્યા તો બાદશાહને દીઠા. તેણે તાબડતોબ સેનાપતી, વજીર અમીર ઉમરાવો ઈત્યાદી બોલાવવા માણસો મોકલ્યાં. કોટવાળે કહ્યું કીબ્લેજાહાંન હે મોટી રયાશતના સુલતાન આ આપણું દીલ્લી શેહેર આપ હમારા અન્નદાતાર છો હું ફલાણો આપનો ગુલામ આ નગરનો કોટવાળ છું. ત્યારે બાદશાહ ધીમે રહીને કહે છે. અરે હરામ જાદાઓ તમારે કાંઈ કામ ધંધો નથી બજ્યો. શા માટે તમે સૌ મને સતાવો છો હું તો

આ ઘોડાપરથી કદી નથી ઉતરવાનો ભલે મને મારી નાંખી તમે ઉપર ચઢી કચેરીમાં જાઓ, પણ આમ હું કદી નહી ભોળવાંઉં. તમારા લોકોની શરારત (લુચાઈ) થી મને પુર્ણ વાકેફ કર્યો છે, માટે ખાતરી રાખજો કે આ પાણીએ તમારી દાળ કદી નહીં ગળે; આવા જવાબ સાંભળી તમામ આલમ હસી હસી બેઞાર થઈ ગઈ. એટલામાં સેનાપતી અમીર ઉમરાવો દોડતા આવ્યા લોકોને હઠાવી દઈ ઘોડેથી ઉતરી ઉતરી બાદશાહની આસપાસ વીંટાઈ વળી કહેવા લાગ્યા. અરે પરમેશ્વર અમે આશું જોઇએ છીએ. આ દુષ્ટ કર્મ કયા દુષ્ટે કર્યું હશે. આવી સલાહ કોણે આપી હશે. અરે રેહેમ દીલના ક્યાજ બાદશાહ તમે અમને એટલામાંજ ભુલી ગયા. દરબારમાં બેશી આપણે ફલાણી વાતો કરી હતી. હું ફલાણો આ આપણા ફલાણા ઉમરાવ એમ કહી તમામ મોટા આદમી ઓળખાવ્યા પરંતુ ધૂળ ઉપર લીંપણ. બાદશાહે ઘણાજ ગુસ્સાથી કહ્યું અરે નેકબખ્તો તમારો ધંધો રોજગાર ક્યાં સળગી ગયો જે તમે આવી આવી પંચાયતો કરતા ફરો છો? સાળા ચોટ્ટાઓ, અટે-

ખાઓ, દગાબાજો હું જાણું છું કે તમે લોકો દેવ છો એટલે તમામ મનુષ્યનું રૂપ ધારણ કરી શકો. સૌનાં નામ લઈ શકો. પણ નહીં નહીં તમે લોકો ગમે તેવો પેચ કરી મને ભોળવી તમારી મુરાદ હાંસલ કરવા ઈરાદો રાખતા હશો પણ તમારૂં મન તમનેજ ઠગેછે. હું પણ છકીનો ઉખડેલો છું. ન સમજશો કે આ ભોળા બીચારા ગરીબ મનુષ્યને ઠગી આપણે જે આ ઘોડેસવાર થઈ ઈંદ્રને ત્યાં પોહોચીએ. મને મારી નાંખો તે બેહેતર છે પણ ખુશીથી કદી હું તમને ફાવવા દેનાર નથી. બીરબલ આવીનેજ જો મને આ ઘોડેથી ઉતારશે તોજ હું ઉતરીશ ને જ્યાં લઈ જશે ત્યાં જઈશ. બાકી બીજાની એવી તાકાત નથી. માટે તમે સૌ પધારો હું તમને હાથ જોડી અરજ કરૂં છું ને મને નકામો સતાવશો નહીં આ જવાબ સાંભળી સૌને ખાતરી થઈ કે બીરબલ મરી નથી ગયો પરંતુ બાદશાહે તે દીવસે તેને મોટાની મોટી મશ્કરી કરી બતાવ કર્યું હતું તેથી તેણે મારી પત્ર લખાવી લીધુ હતુ તે આટલા માટેજ. આ ફારસ નકી તેણે કર્યું એમ સમજી સૌ એકદમ ગુસે થઇ બાદશાહનો જબર દ-

સ્તીથી પાટો છોડી નાંખ્યો સૌએ મળી થોડાંક ક-
પડાં ભેગાં કરી બાદશાહને પેહેરાવ્યાં ને બાકી ના-
ના પડદા કરી હુરમાને અંતરપટે રાખી; અને
ખાતરી કરી આપી કે આ કામ કમજાત બીર-
બલીઆનું છે સબબ આપે તે દીવસે ફરમાવ્યું
હતું તું મોહોટા માણુસોની મને મશ્કરી કરી બ-
બતાવ અને જો કાંઇ તને નુકશાન થાય તો તેનો
જામીન હું છું તેથી ગરીબ નવાજ તેણેજ આ-
પનું આ ફારસ કર્યું છે. બાદશાહને હાડો હાડ ગુ-
સો વ્યાપી ગયો અને સેના પતીને હુકમ કર્યો કે
હમણાં ને હમણાં જઈ કમબખ્ત બીરબલનું ઘ-
ર પાયમાલ કરી તેને અવળે હાથે બાંધીમારી હ-
જુરમાં લાવો આ હુકમ સાંભળતાંજ સેનાપતીએ
માથે ચડાવી તૈયારી કરી, પણ લૌવો ( બીરબલ-
નો સગો ભાઈ ) ત્યાં હાજરજ હતો તેણે પેલું ત્રાં-
બા પલ કાઢી બાદશાહના મોં આગળ ધર્યું તે જો-
ઈ તે જરા ઝંખવાણો તો પડી ગયો પણ જરા-
ગુસો કરી કહ્યું શું નીમક હરામ બીરબલને બી-
જો કોઈ ન મળ્યો જે તેણે પોતાનો જાદુ મારા
ઉપરજ ચલાવ્યો. લૌવાએ કહ્યું કીબ્લે જાહાંન હ-

જુર કરતાં બડો હીંદુસ્તાન ભરમાં બીજો કોણ છે. બીરબલને મારી નંખાવો યા ગમેતે કરો તેતો હજુરના હાથમાંજ છે, પરંતુ લોકોમાં આપનું નામ બદનામ થશે તેમજ આ ત્રાંબા પત્રમાં ખુદાના કસમ આપે લખ્યા છે તેથી તે કરાર તોડયા બદલ તેને શું જવાબ આપશો બાદશાહ ઘણોજ અકલ મંદ હોવાથી બીરબલનું સજડ અપમાન એવું કરવું કે ફરીથી તેમને પોતાનું મોંજ નબતાવી શકે એવું કરવા વીચાર રાખી પોતે ગુસો સમાવી સૌને રજા આપી હુરમાને મ્યાંનામાં બેસાડી પોતે ઘોડેસ્વાર થઈ મેહેલ માંગયો ને બીરબલને તેડાવી બહુ સરપાવ આપ્યો.

**"કચુજીલોઆકેસીસેવ" "હજુર પેખાના કાજે સાદેવ"** અકબર બાદશાહ સંપૂર્ણ રીતે સમજ તો હતો કે બીરબલ આગળ પોતાનું ટકું નભે તેમ કોઈ રીતે નથી, તેથી તેના ભાઈ લૌવાને ફોસલાવી પટાવી છળ ભેદ વડે વટલાવીએ તો બીરબલનું મોં કાળું થાય આવો દ્રઢ નીશ્ચય, પો-

તાના મન સાથે કરી એક દીવશ ભર કચેરી વ-
ચે તેણે બીરબલને કહ્યું અરે બીરબલ મને લા-
ગે છે કે તારે તથા લૌવાને કાંઈ અણબના લાગે
છે નહીવારૂ ” બીરબલે હાથ જોઠી નમ્રતા પૂર્વક
અરજ કરી જાંહાંપનાં આપ ભલે ગમે તેમ ફ-
રમાવો, પરંતુ જેવો સંપ અમારે બે ભાઇઓ
વચે છે તેવો તો ભાગ્યેજ બીજે ઠેકાણે જોવામાં
આવશે બાદશાહ બોલ્યો ત્યારે આટલાં વરસ થયાં
તું કોઈ દીવસ તું તેને મારા મેહેલમાં તથા હ-
જુરમાં કેમ લાવતો નથી. બીરબલ બોલ્યો જાં-
હાંપનાં મને એ ફૂરમાન ક્યારે થયું કે હજુર
મરજી વીરૂદ્ધ મેં કામ કર્યું. હું સરકારી કામ કરૂં
છું ત્યારે તે ધરનું તથા દુકાનનું શાહુકારી કામ
કરે છે. તેને રાજદ્વારી કામથી શું મતલબ એમ
સમજીને હું તેને આવવા આગ્રહ નથી કરતો.
બાદશાહ કહે બીરબલ તારો ભાઈ શાહુકારી હી-
સાબ કીતાબમાં કાબેલ છે તે જાણી મને ઘણીજ
ખુશી થઈ છે. હવે મારો વિચાર તેને આપણા
રાજ પ્રકરણી ખજાનાનો ઉપરી બનાવવાનો છે
સબબ બુઝુર્ગ ખજાનચી હવે નોકરી પરથી રજા

માગે છે તો તેને એક ગામ બક્ષીસ આપી તેની જગ્યાપર તારાભાઇને કાયમ કરવા બાબત તારો શું વિચાર છે. બીરબલે વીચાર્યું કે મારી સાથે કોઈ વાતે બાદશાહ બર આવે તેમ નથી તેથી મારા ભાઇને ફોસલાવી નવી આફતમાં નાંખી મારૂં મોં કાળું કરવા ધારતો હશે. પરંતુ બાદશાહને ઘણો ચીડવવો તથા તેની મરજી વીરૂદ્ધ કામ કરવું દુરસ્ત ન ધારવાથી પરીબ્રહ્મનારાયણ ઉપર વીશ્વાસ રાખીને તેણે હા પાડી; થોડીક વાર પછી બાદશાહે કચેરી બરખાસ્ત કરવા હુકમ કર્યો તે ઉઠયો એટલે તમામ કચેરી ઉઠી. ચોપદારે લલકારીને નેકી પોકારી. સૌ તાઝીમ કરી રહ્યા પછી બાદશાહ જનાનખાને પધાર્યા. વજીર સેનાપતી ઈત્યાદીક અમીર ઉમરાવોએ બીરબલને વીવેક કરી કહ્યું કે જાંહાંપનાએ તમારા ભાઇને ખજાનચીની જગ્યા આપવા ખુશી બતાવી તેથી અમે ઘણાજ ખુશી થયા છીએ; અને પરવરદીગાર તમારી સૌની આબાદીમાં વધારો કરે એમ કહી પોત પોતાના ઘરની વાટ લીધી. બીરબલના મનમાં આથી વધારે ખેદ થયો, ને ઘેર આવી પોતાના ભાઇને સર્વે

હકીકત જાહેર કરી. લોકો બોલ્યો, "ભાઈ તમે શું કરવા ડરો છો આખર હું ભાઈ તો તમારોજ કે **"બડે ભાઈ સો બડે ભાઈ પણ છોટે ભાઈ તો સુભ્હાન અલ્લા"** તમે તો આટલીજ મશ્કરી કરી પરંતુ હું તો જો મારાથી દગો ફટકો કાંઈ કરશે તો તેને આખી જીંદગી પર્યંતની ખોડ ભુલાવી દઇશ. બીરબલને આ વાત સાંભળી ઘણોજ હર્ષ થયો ને તે રાત્રે તેને નીરાંતે ઉંઘ આવી. બીજે દીવસે બાદશાહે દસ્તુર મુજબ મોહોટો દરબાર ભરી બીરબલને તથા લૌવાને તેડવા ખાસ માણુસ તથા અસ્વારી મોકલી. તેઓ કચેરીમાં આવ્યા ત્યારે બાદશાહ લૌવાને બહુજ હેતથી ભેટયો. બીરબલને **મહારાજા**નો, તથા લૌવાને **દોલતજાદા**નો કીતાબ ઈનાયત ફરમાવી તેને ખજાનચી તરીકે નીમી સારો સીરપાવ આપ્યો અને ફરમાવ્યું કે દરરોજનો હીસાબ એક કાગળના પુરજાપર લેઈ હમેશાં સવારના સાત વાગે તારે મારી હજુરમાં આવવું. જમાદારો ચોપદારો ઈત્યાદીક હજુરી માણુસોને ફરમાવ્યું કે લૌવા સાહેબ વાસ્તે સદર પરવાનગી આપવામાં આવે છે. કે રાત્રે

દીવસે ગમે તે વખત તે મેહેલમાં આવે તો તેને આવવા કોઈપણ રીતે હરકત થાય નહીં. પછી કચેરી બરખાસ્ત થઈ. વળતે દીવસે દોલતજાદા આગલા દીવસનો નોકરી પર ચડયાનો વાસ્તવીક રીપોર્ટ તથા જમે ખરચનો આંકડો લેઈ મુકરર વખતે તેની હજુરમાં પોંહોચ્યો. બાદશાહ આ વખતે નીમાજ પડી શેવોખાવા બેઠો હતો તેને જોઈ કહેવા લાગ્યો લૌઆ તને જોઈને મારો જીવ બહુજ રાજી થાય છે. પણ તારી પાસે હું એક ચીજ અગર કંઈ માગું તો તું મને આપે કે નહી? લૌવે કહ્યું જાંહાંપના એવી કઈ ચીજ છે કે જેની હજુરને દરકાર છે? આપવા સરખી હશે તો ઠીક પણ નહીં આપવા સરખી હશે તે પણ હુ આપને લાવી હાજર કરીશ પરંતુ મારી ખાતરી છે કે આપ જોઈનેજ માગશો, બાદશાહ જરા ખચકાયો તો ખરો પણ કહ્યું "**તું મને વચન આપે તો માગું**" લૌવાએ વચન આપ્યું એટલે બાદશાહ ધીમે રહીને તેને કહ્યું તું જાણે છે કે મને દરેક બાબતમાં સોબતીની દરકાર છે પણ સોબતી કેવો જોઈએ કે તારા કે

તારા ભાઈ જેવો પુર્ણું વિશ્વાસ કરવા લાયક. હું સવારમાં હમેશાં શેવો ખાવા બેસું છું તે વખતે હુરમાને ઘણુંએ સમજાવીને કહું છું કે તું ખાવા આવ પરંતુ કોણ જાણે શા કારણ માટે આ વખતેજ તે ઈનકાર કરે છે. બપોરે સાંજે બે હદ ખુશીથી તે આવે છે ને હમે ભેગાં જમીએ છીએ. ફ્કત મને અત્યારનીજ મોટી પંચાયત પડે છે. તને અહીં બોલાવી પાસે બેસાડવાની આટલીજ મતલબ છે. તારી સોબતથી મને ઘ- ણીજ રમુજ પડે છે પણ હવે તેરમુજ પૂરે પૂરી કરે તો જાણે તેં મારા ઉપર મોટો એશાન કર્યો હું એમ સમજીશ. બાદશાહને હવે શું કહેવાનું છે તે તો તરત તે સમજી ગયો પણ વધારે ખુ- લાસા માટે પુછયું કીબ્લેઆલમ મોટી આલમના સુલતાન આટલી ગમત ઉપરાંત વધારે હવે શું જોઈએ છીએ કે જેથી આપની ગમત પુરી થાય તે હું સમજતો નથી માટે જરા વધારે ખુલાસો કરી બતાવો તો બેહેતર છે. બાદશાહે કહ્યું હું તને કાલે કહીશ એમ કહી ચુપ રહ્યો, લૌવો હવે શું સમજ્યો તે તેના મનમાં શું વિ-

ચારો આવે છે તથા કાલે કેવા ડોળથી પાછો અહીં આવે છે તે સર્વ ચીકત્સા જોવાનો વિચાર તેણે કર્યો. થોડી વાર પછી તેણે હીસાબ તપાસી લૌવાને રૂકસત આપી બીજે દીવસે પોતે જાણે કાંઇ સમજ્યોજ નથી એવો ડોળ ઘાલી વાણીઆ વીઘા કરી હીસાબી દરરોજનો તારીજો લેઈ મેહેલમાં લૌવો આવ્યો. બાદશાહને પોતાની મતલબ સાધવી છે તેથી તે પણ કાંઈ ઓછા દાવપેચ લડતો નહોતો. લૌવાને આવતો દેખી ઉઠીને ભેટયો ને નાસ્તો કરવા માટે જોડેના દીવાનખાનામાં તેને લઈ ગયો. ત્યાં બેઠે બેઠે નાના પ્રકારનાં ગપાં મારે છે, એટલામાં નાસ્તો લેઈને હજુરી નોકર આવ્યો. નાસ્તો મુકી ને તે પોતાને બીજે કામે વળગ્યો. પછી બાદશાહેજ ગઈ કાલની વાત ઉપાડી જાણે તેથી ખવાતું નથી એવો ડોળ કરી લૌવાને કહ્યું અરે મારા યાર જો તું મારી સુખાકારી તથા તારા આપેલા વચનને ચાહતો હોય તો મારી જોડે બેશીને મારાજ ભાણામાંથી તારી રૂચી મુજબ નીવાલા [કોળીઆ] ખાય તો મને કેટલો આનંદ થશે. જો

અહીંઆં આપણા બે શીવાય ત્રીજો કોઈ માણુસ નથી. માટે આટલી મારી માગણી કબુલ રાખ. લૌવે જવાબ દીધો જાંહાંપનાં હરકોઈ અંદરના આદમીને પણ આપણી રયાશતમાં આ વાતની ખબર પડે તો તે મારૂં પાણી નજપીએ પણુ મારા છાંયડા સામું એ ન જુએ તથા મારા મોં ઉપર થુંકે માટે એ વાત હવે મને કહેવી આ- પને લાઝીમ નથી. બાદશાહ હમણાં સજડ ચાટ પડી ગયો પણુ એક ઘાથી ઝાડ ટુટી પડતું નથી એ કેહેવત યાદ રાખી આવતી કાલે યોગ; સા- ધીશ એમ સમજી ચુપ ચાપ બેશી રહ્યો. ઉઠ- વાનો વખત થયો એટલે દસ્તુર માફક હીસાબ તપાસી તેને વીદાય કર્યો. ફરીથી બીજે દીવસે લૌવો સવારે હાજર થયો એટલે તેજ વાત છેડી જરા ગુસ્સે થયાનું ડોળ ઘાલી કહ્યું કે કુરાન શરીફયાં વચનથી બે વફા થતા માણુસનું મોં જોવું યોગ્ય ફરમાન નથી તેથી હું તેજ પ્રમાણે વરતી તારૂં મોં નહીં જોઉં. લૌવાને આ વખતે ગુસ્સો તો ઘણોજ આવ્યો પણુ બાદશાહ ગુસે ન થાય તો સારૂ તથા આ પેલા વચનનું

વજન રહે એમ ધારી તેણે ફક્ત ચારજ નીવાલા શેવના ખાધા પરંતુ એટલો પ્રથમ કરાર કર્યો કે તેણે આ વાત કોઈને કહેવી નહી તેટલા બાદશાહી રીવાજ મુજબ તેણે ખારી ચીજ એટલે મીઠા વાળી ચીજ ભેળી ખાવી તેનો માયનો એકે બેમાંથી કોઈ બેઇમાની કરી ન શકે એમ કહ્યું પણ બાદશાહે પોતાની તબીયત બગડશે એવું કહેવાથી તેણે કુરાન શરીફના કસમ તેને ખવારાવ્યા પણ તે વખતે બાદશાહે બે દાંતો વચ્ચે પોતાની જીભ રાખી જરા દબાવી એટલે તે કસમ ખોટા એવી ઠગાઈ કરી. લૌવે શેવો ખાધી અને હવે તે પોતાની ધારણામાં પાર પડયોજ એમ સમજી તેણે બે હદ ખુશી બતાવી. વખત થયો એટલે પોતે ઉઠી નીયમ પ્રમાણે હીસાબ તપાસી તેને રજા આપી સાંજે રીવાજ મુજબ બાદશાહે કચેરી ભરી તેટલામાં બીરબલ તથા લૌવો આવી પોતાને લાયક જગ્યો પર બેઠા. રાજ્ય પ્રકરણી વાતો થઇ રહ્યા પછી બાદશાહે લૌવા તરફ જોઈ કહ્યું "**કચુ યાર કેસી સેવ**" લૌવો ઘણોજ ઝંખવાણો પડી ગયો પણ હીમત

રાખી કહ્યું "**હાં હજુર બહુ સારી**" કચેરીમાં સૌએ જાણ્યું અને માંહોમાંહે કહેવા લાગ્યા કે બાદશાહે **શેવો કેવી એ શું** કહ્યું ને લૌવો **બહુ સારીએ શું** કહ્યું આખર કાંઈ વાતનો પતો ન મળવાથી સૌએ એમ નીશ્ચય કર્યો કે બાદશાહ ઘણો ખેલાડી તથા ટીખળી છે તેથી રખે કાંઇ વળી એવું ટીખળ કાઢયું હોય. લૈવો તથા બીરબલ મનમા બહુજ ગભરાયા બીરબલ સમજ્યો કે રખે ને તેણે મારા ભાઇને ફસાવ્યો હોય તેથી તેને હજારો વિચાર થવા લાગ્યા પણ એટલામાં કચેરી બરખાસ્ત થઇ તેથી સૌ ઉઠયા. બાદશાહ અંદરના દીવાનખાનામાં ગયો એટલે સૌએ મળી પૂછયું અરે લૌવા બાદશાહે શેવાનું કહ્યું તે કાંઇ સમજાતું નથી લૌવો સમજ્યો કે એટલો ડાહ્યો કે મારી વાત પ્રગટ નહીં કરતાં ફક્ત મને એકલાને ચીડવી સંતોષ માનેછે. તેથી તે બોલ્યો કે તમે સૌ જાણો છો કે તેને ટીખળ કરવાની ટેવ છે તેથી એમજ કાંઇ લેહેર આવી હશે, હરેક બહાને તે પોતાનું દીલ ખુશી રાખવા ચાહે છે તેથી મેં પણ કહ્યું કે **હાં હજુર બહુ સારી,** આ

જવાબથી સૌ સંતોષ પામી પોત પોતાને ઘેર ગયા. બીજે દીવસે દસ્તુર મુજબ હીસાબી કાગળ લેઈ તે મેહેલે ગયો બાદશાહે તેને ઘણા પ્યારથી મળી પાસે બેસાર્યો. શેવો નાસ્તા માટે આવી કે બંને જણે ખાવા માંડયું. એટલામાં લૌવો બોલ્યો જહાંપન્નાં આપે કાલે શેવોની વાત કરી તેથી સૌ કોઈ મને પુછવા લાગ્યું. પણ મેં આપ ટીખળી છો માટે કાંઈ નહીં, તેમ કહી વાત ટાળી નાંખીપરંતુ આપને એ લાઝીનથી બાદશાહે કહ્યું કાંઈ ફીકર નહીં. મારાને તારા, શીવાય બીજુ કોઈ એ વાત જાણતુંજ નથી. લૌવે જાણ્યું આનું કાટલું તથા ઘડો લાડવો પુરો કર્યા શિવાય આ કમબખ્ત માનનાર નથી તેથી હવે શું તથા કેવે પ્રકારે તેને ગુડદાસ બનાવવો તેનો વિચાર કરવા લાગ્યો. ખુબ વિચાર કરતાં તેને એક સૌથી સરસ વિચાર આવ્યો. તેને માલમજ હતું કે હમેશાં સાંજે સાત વાગે બાદશાહ ફેરે જવા જાય છે, અને ગમે તે વખતે તથા ગમે તે જગ્યાએ મેહેલમાં તેને આવવા જવાની તથા ફરવા હરવાની છુટજ હતી તેથી સારો લાગ જોઈ તેણે

સાંજની વખતે એક નોકર પાસે થોડુક તેલ સીં-
દુર તથા માથે મુકવાનો ખોટો મુગટ છડી તથા
એક ઘુંટો ( જાડી નાની લાકડી )ઉપડાવી મેહે-
લમા આવ્યો. પોતાને શરીરે લૈવે તેલ સીંદુર
ઈ. લગાવ્યા માથે પેલો મુગટ મેહેલ્યો હાથમાં
સોટો રાખી લંગોટ કશી લીધો તથા બાકીના ક-
પડાં નોકરને આપી તેને જરા દુર અંધારામાં
એક ખુણે ઉભો રાખ્યો. પાયખાનાંમાં જેવો હ-
જુરી નોકર બાદશાહ માટે દીવો તથા લોટો મુકી
ગયો કે તરત લૈવો તેમાં ભરાઈ કમાડ જરા
અડકાવી એક ખુણે એકાએક નજર ન પડે તેમ
જઈ ઉભો રહ્યો. એટલામાં થોડી વારમાં તો બા-
દશાહ આવી જેવો દાખલ થઈ કમાડ વાસ્યાં કે
એક ડરામણુ હોવાથી લૈવો સામો આવી ઉભો
રહ્યો તેનું રૂપ ખરેખર ભૈરવ જેવુંજ હતું.
સોટો ઉચકી આંખો ફેરવી તથા ધીમેથી બીહા-
મણાં અવાજથી ધમકાવીને કહ્યું "અરે કમબ-
ખ્ત બાદશાહ કાફર તને ખબર નથી કે હીંદુના
દેવને ક્રોધાયમાન કરવાથી તને શું નુકશાન થશે.
તું હીંદુઓને દુઃખ દે છે પણ આજે જો હું

તારી શી વલે કરૂં છું. આ જગ્યામાં તને ઉંધે માથે ટાંગી રાખી તારા મોંમાં ધૂળ ભરી સોટાંએ કરી તારૂં તુંબડું ફોડી નાંખીશ," એમ કહી તેની ગરદન જોરથી પકડી તેજ વખતે બાદશાહ તો મુતરીજ પડયો અને કરગરી કહેવા લાગ્યો હે **માહાનદેવ** કોઈ પણ પ્રકારે આજ મારો જીવ ઉગારશો તો તમે કહેશો તે શરત મુજબ હું ચાલીશ. લૌવા ભૈરવે કહ્યું તું બાંડીઓ કાફર છું તારો મને વિશ્વાસ કેમ આવે માટે એક સરત કબુલ કરે તોજ તને હું જવા દઊં. બાદશાહે કહ્યું જેમ કહો તેમ કરવા હુ તૈયાર છું. ભૈરવે કહ્યું તું તારો પેશાબ જરા પીલેને પછી સપ્ત કમસખા. બાદશાહ આ સાંભળી કાંપી ઉઠયો ડરનો માર્યો કાંપવા લાગ્યો ને ગળે કાચકી બાઝી. એટલામાં તો ફરીથી ભૈરવજીએ ગરદન પકડી તેને જરાક દબાવી સોટો મારવા ઉચકયો બાદશાહે જાણ્યું હવે મોત નજદીક આવ્યું તેથી જરા ઈશારત કરી કે **હે દેવ** જરા સબુર કરો એમ કહી આંગળામાં પેસાબ કરી પીવા લાગ્યો. રૂપીઆ એક ભાર પીધો અટલે ભૈરવે

કહ્યું હવે બસ કર અને ખુદાની કસમ ખા કે હીંદુ મુસલમાનને એક સરખા ગણવા તથા કોઈના દેવનો તિરસ્કાર ન કરવો. બાદશાહે તે પ્રમાણે કસમ ખાધા એટલે તેને છોડી દઈ કહ્યું ખબરદારતો અડધો કલાક પહેલાં તુ આવ્યો છો એમ કહી તે નીકળી નાઠો જરા દુર જઈ તમામ શરીર લોહી નાંખ્યું મુગટ હાથમાં લેઈ નોકર પાસે જઈ કપડાં બદલી પોતાને ઘેર જવા તે નીકળ્યો. આ ફતેહથી તે મનમાં બહુજ રાજી થયો. નોકરને ઘણો ઉંચો શીરપાવ આપી ફરમાવ્યું કે આ વાત તારે કોઈને કહેવી નહીં અગર જો તેં કોઈને મોઢે વાત કહી છે તો તેજ વેળા તારૂં માથું કાપી નાંખીશ. એમ કહી ઘેર આવી વાળુ પાણી કરી નીરાંતે ઊંઘી ગયો. હવે અરધો કલાક પુરો થયો એટલે બાદશાહ કાઠીઆમાંથી નિકળી બાહાર આવ્યો. પણ તેને એટલા તો જોરથી તાવ આવ્યો કે ખાણું પણ ખાધા શીવાય તે સુઈ ગયો. બીજે દીવસે સવારમાં હકીમો વૈદોને બોલાવી ઈલાજ કરાવ્યો પણ આ બીકથી ચાર દીવસ શીવાય ઉતર્યો નહીં. લૌવો તો હમે-

શના દસ્તુર મુજબ હીસાબી કાગળ લેઈને આ-વતોજ ને બધી ચીકત્સા જોતો હતો. પાંચમે દી-વસે બાદશાહને તાવ ઉતર્યો, બહુ ખેરાત કરીને મોટો દરબાર ભરવા હુકમ આપ્યો. લૌવાને પાસે બેસારી નાસ્તો જલદી લાવવા ફરમાવ્યું? એટલે એક ખાસ હજુર તે લઈને આવ્યો ને મુકી પા-છો પોતાને ઠેકાણે ગયો. બાદશાહે તથા લૌવાએ નાસ્તો કર્યો, હાથ મોં ધોઈ પાન સોપારી ખાધાં તથા નાના પ્રકારનાં રમુજનાં ગપાં મારવા બેઠા થોડી વાર પછી લૌવે રજા માગી ઘેર આવ્યો. જમી ખાઈ બન્ને ભાઈઓ મોટા દરબાર વખતે જલદી પોંહોતે જવા નીકળ્યા, પણ દરબાર તો ભરાઈ ઠાઠ મચી ગયો હતો. બન્ને જણાએ બા-દશાહને તાજીમ કરી તથા સૌ સભાસદોનેની બં-દગી સ્વીકારી પોતાની જગ્યાએ બેઠા. એટલામાં બાદશા ખુશીના આવેશમાં આવી કહ્યું કચું; **યાર કેસી સેવ** લૌવે અદબથી ધીમે રહીને કહ્યું **"જાંહાંપના પેખાનાકા જેસા દેવ"** આ શબ્દો સાંભળતાંજ તે સજડ ચાટ પડી ગયો પણ સમજ્યો કે જો હું આ વાતની ચરચા વધારે અ-

હીં કરીશ તો માહારી ફ્રજેતી સૌએ લુંટાશે સબબ લૌવે એક ભાંડને પણ વટલાવે તેવો નાગો છે તેથી તેને જોડેના દીવાનખાનામાં પોતાની પાછળ આવવા ઈશારત કરી. તમામ કચેરી ઉભી થઈ. ચોપદારે નેકી પોકારી એટલે બાદશાહ તથા લૌવો ઉભા થઈ જોડેના દીવાનખાનામાં એકાંતમાં ગયા. તેણે પૂછયું અલ્યા લૌવા તેં શું કહ્યું તે મને હવે સારી રીતે સમજાવ. લૌવે અરજ કરી; કે કીબ્લે જાંહાંન મારી તકસીર માફ કરો તો સર્વ હાલ હજુરને રોશન કરૂં. બાદશાહે કહ્યું આ લોવો મારી સાત પેહેડીનું વચન અને ખુદા તાલાના કસમ છે જો તારો વાળ વાંકો થવા દેઉં તો. આ પ્રમાણે અભય વચન લેઈ તેણે કહ્યું પૃથ્વીનાથ મારા દુલા સરદાર, આપણા બન્નેની વચ્ચે શો કરાર હતો કે શેવો ખાવાની વાત કોઈએ જરા ભર ઈશારતમાં પણ કહેવી નહીં તે કસમ તમોએ તોડ્યા તારે મારા બચાવ માટે શો ઈલાજ કરવો તેનો હું તેજ દીવસથી વિચાર કરતો હતો છતાં મને નીશ્ચય ન હતો; પણ તમામ સભામાં વેહેમ દેવે પસારો કર્યો તેથી નીર્લજ બની ગયો

ને આખર મારે દેવનું રૂપ લેઈ આપના આપનાપર પ્રમાણે કરવું પડ્યું. બાદશાહે ગુસાના માર્યા પોતાના હાથના પોહોંચા કરડ્યા તથા તેની બહુ પ્રકારે ધમકી આપી પણ શું કરે દુષ્ટ વચનથી તે બંધાયો હતો, તેથી તેને કોઈ પ્રકારે વાંકમાં લાવી દેશ પાર કરવાને તેણે નીશ્ચય કર્યો. બાદશાહને આ વખતે એ હદ ગુસો આવ્યો તેથી દરબાર હોલમાં આવી થોડી વાર બેશી સીરપાવ નજરાણાં વીગેરે કરાવી દરબાર બરખાસ્ત કર્યો અને પોતાનો ગુસો તથા એબ ઢાંકવા સારૂ લૌવાને ભારે સીરપાવ આપ્યો. બીરબલને એકલાનેજ તેણે આ વાત કરી તેથી તેને બહુજ ઠપકો આપી દેહ શુદ્ધ પ્રાયશ્ચીંત કરાવ્યું ને નોકરીનું રાજીનામું અપાવી ફરીથી મેહેલ પર જવા ન દીધો.

**સમાપ્ત.**